સુવિચાર

વાત કરવાથી જો વાત બની જતી હોય તો વાત કરી લેવી જોઈએ,ચૂપ રહેવાથી સંબંધો બગડી જતા હોય છે!

# સમય મિરર




SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-200 ■ DATE : 31-5-2025 ■ SATURDAY ■ Page-10 ■ જેઠ સુદ ૫, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001


## આતંકનો ગઢ ફરી ઉગશે તો દરમાંથી બહાર કાઢીને કચડી નાંખીશું

# PM મોદીની આતંકવાદ સામે સિંહ ગર્જના



**સમય મિરર | નવી દિલ્હી**

PM મોદીએ શુક્રવારે બિહારના સાસારામના દુર્ગાડીહમાં જાહેરસભા યોજી હતી. લગભગ ૪૦ મિનિટના ભાષણમાં તેમણે આતંકવાદ વિશે કડક સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે પહેલગામ હુમલાના એક દિવસ પછી હું બિહાર આવ્યો હતો. મેં બિહારની ધરતી પરથી આપેલું વચન પૂર્ણ કર્યું.

'મેં કહ્યું હતું કે માતાઓના સુહાગને ઉજાડનારને તેમની કલ્પના કરતાં વધુ સજા કરવામાં આવશે, જેમણે પાકિસ્તાનમાં બેસીને આપણી બહેનોના સિંદૂરને ઉજાડ્યા. આપણી સેનાએ તેમના છુપાયેલાં સ્થળોને ખંડેરમાં ફેરવી દીધા. પાકિસ્તાન અને દુનિયાએ પણ ભારતની દીકરીઓના સિંદૂરની શક્તિ જોઈ.'

'દુશ્મનને ખબર હોવી જોઈએ કે 'ઓપરેશન સિંદૂર' આપણા સેથામાં ફક્ત એક તીર છે. ભારતની લડાઈ ન તો અટકી છે કે ન તો થંભી છે. જો આતંકવાદનો ગઢ ફરી ઊગશે તો અમે એને તેના દરમાંથી બહાર કાઢીશું અને તેને કચડી નાખીશું. પછી ભલે તે સરહદ પાર હોય કે સરહદની અંદર.'

ઓપરેશન સિંદૂરમાં દુનિયાએ આપણા

### ■ પહલગામ હુમલા બાદ બિહારમાં આપેલું વચન પુરું કરીને પરત આવ્યો છું : PM

### ■ બિહારના કરકટમાં ૪૮,૫૨૦ કરોડના વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન–શિલાન્યાસ

BSFની અભૂતપૂર્વ હિંમત અને અદમ્ય ભાવના જોઈ. ભારત માતાનું રક્ષણ આપણા BSF સૈનિકો માટે સર્વોપરી છે. BSF સબ ઈન્સ્પેક્ટર ઇમ્તિયાઝ ૭ મેના રોજ માતૃભૂમિ પ્રત્યેની ફરજ બજાવતા શહીદ થયા હતા. હું બિહારના શહીદ પુત્રને શ્રદ્ધાંજલિ આપું છું.

૨૦૧૪ પહેલા, ૧૨૫ જિલ્લાઓ નક્સલ પ્રભાવિત હતા, હવે ફક્ત ૧૮ જિલ્લાઓ નક્સલ પ્રભાવિત છે. હવે સરકાર રસ્તાઓ અને રોજગાર આપી રહી છે. તે દિવસ દૂર નથી જ્યારે માઓવાદી હિંસા સંપૂર્ણપણે નાબૂદ થશે. અગાઉ, સરકારી યોજનાઓ નાગરિકો સુધી પહોંચી ન હતી. નક્સલગ્રસ્ત ગામમાં ન તો હોસ્પિટલ હતી કે ન તો મોબાઇલ ટાવર. નીતિશજીએ આ પરિસ્થિતિઓમાં કામ કર્યું. અમે માઓવાદીઓ વિરુદ્ધ કામ કર્યું. અમે યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવાનું પણ કામ કર્યું.

જ્યારે બિહારમાંથી જંગલ રાજ સરકારને હાંકી કાઢવામાં આવી, ત્યારે નીતિશજીના નેતૃત્વમાં વિકાસ થવા લાગ્યો. ન તો હાઇવે, ન તો હોસ્પિટલ અને ન કોઈ વિકાસ. પહેલા ફક્ત પટણા એરપોર્ટ હતું, પરંતુ હવે દરભંગા એરપોર્ટ પણ બનાવવામાં આવ્યું છે. પટણા એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદઘાટન કર્યું. બિહતા એરપોર્ટમાં પણ ૧૪૦૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે.

આજે બિહારમાં વિશ્વ કક્ષાની ટ્રેનો દોડી રહી છે. રેલવેનું આધુનિકીકરણ પણ થઈ રહ્યું છે. આ કામો પહેલા પણ થઈ શક્યા હોત, પરંતુ જેમની પાસે આ જવાબદારી હતી, તેમણે નોકરીના નામે ગરીબોની જમીન લૂંટી લીધી. આ તેમની સામાજિક ન્યાયની પદ્ધતિઓ હતી. ગરીબોને લૂંટી રહ્યા હતા અને પોતે શાહી સુખોનો આનંદ માણી રહ્યા હતા. ભવિષ્યમાં પણ તમારે જંગલ રાજના લોકોની રીતોથી સાવધ રહેવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જેમણે બિહાર સાથે સૌથી વધુ છેતરપિંડી કરી, જેમના શાસનકાળ દરમિયાન વંચિત લોકોને બિહાર છોડવું પડ્યું, એ જ લોકો આજે સામાજિક ન્યાય વિશે જૂઠાણું બોલી રહ્યા છે. દાયકાઓથી આદિવાસીઓ અને ગરીબો પાસે શૌચાલય નહોતા. કરોડો લોકો પાસે માથા પર છત પણ નહોતી. શું આ કોંગ્રેસ-RJDનો સામાજિક ન્યાય હતો? જ્યારે આનાથી મોટો અન્યાય કોઈ હોઈ શકે નહીં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના કરકટમાં ૪૮૫૨૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે આજે મને આ પવિત્ર ભૂમિ પર બિહારના વિકાસને નવી ગતિ આપવાનું સૌભાગ્ય મળ્યું છે. અહીં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે.

### નીતિશ કુમાર PMનું નામ ભૂલ્યા!

શુક્રવારે PM મોદીની બિહાર મુલાકાતનો બીજો દિવસ હતો. વડાપ્રધાને સાસારામમાં જાહેર સભાને સંબોધિત કરી. આ દરમિયાન CM નીતિશ કુમાર પણ હાજર હતા. ભાષણ દરમિયાન નીતિશે ડ્ખ મોદીને બદલે અટલ બિહારી વાજપેયીનું નામ લીધું. પછી તેમણે પોતાની ભૂલ સ્વીકારી. સ્ટેજ પર PMની બાજુમાં બેઠેલા નીતિશે પણ ૩૦ સેકન્ડમાં ૧૦ વાર મોદી સામે હાથ જોડી દીધા. આ પછી તેમણે સભામાં હાજર લોકોને ઊભા થઈને મોદીને પ્રણામ કરવા કહ્યું.

### IPLનો 14 વર્ષના સૌથી નાનીવયનો ક્રિકેટર ન.મો.ને. નમ્યો

નાની ઉંમરમાં આક્રમક બેટિંગ કરીને ભલભલા સિનિયર ક્રિકેટરને આશ્ચર્યમાં નાખનારા વૈભવ સૂર્યવંશીની અહીંના એરપોર્ટ ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે અચાનક મુલાકાત થઈ. આ મુલાકાત તો આકસ્મિક હોઈ શકે છે, પરંતુ એના અંગે સોશિયલ મીડિયા પર લોકોમાં કૌતુક જાગ્યું હતું. આજે વૈભવ સૂર્યવંશીની પટણા એરપોર્ટ ખાતે અચાનક વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થઈ હતી. આ મુલાકાત વખતે વૈભવ પીએમ મોદીના આશીર્વાદ લીધા હતા. વૈભવની સાથે તેના માતાપિતા પણ ઉપસ્થિત હતા. ૧૪ વર્ષના વૈભવે આ વખતે રાજસ્થાન રોયલ્સ વતી શાનદાર પ્રદર્શન કર્યું હતું. વૈભવે ગુજરાત ટાઈટન્સ (જીટી) સામે આક્રમક બેટિંગ કરીને તબાહી મચાવી હતી. વૈભવ સૂર્યવંશીએ ગુજરાત સામેની મેચમાં ૩૫ બોલમાં સેન્ચુરી ફટકારી હતી, જે ભારતનો સૌથી ફાસ્ટ સેન્ચુરી ફટકાનાર બેટરનો રેકોર્ડ બનાવ્યો હતો. વૈભવ સૂર્યવંશીએ આઈપીએલની વર્તમાન સિઝનમાં કુલ સાત મેચ રમ્યો છે, જેમાં ૨૫૨ રન બનાવ્યા હતા.

# ગાઝામાં યુદ્ધ વિરામ માટે ઈઝરાયલ બા-શર્ત તૈયાર

### USના સીઝફાયરનો પ્રસ્તાવ ઈઝરાયલને મંજૂર : હમાસના જવાબની રાહ

**સમય મિરર | નવી દિલ્હી**

ઇઝરાયલ અને હમાસ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. યુદ્ધને કારણે ગાઝામાં માનવતાવાદી કટોકટી જોવા મળી રહી છે. લોકો પાસે ખોરાક નથી. આ દરમિયાન, એક રાહતના સમાચાર આવ્યા છે. એક રાજદ્વારી ઘટનાક્રમમાં ઇઝરાયલે અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ દ્વારા રજૂ કરાયેલા નવા યુદ્ધવિરામ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પ્રસ્તાવમાં ૬૦ દિવસ માટે યુદ્ધવિરામની વાત કરવામાં આવી છે. બદલામાં, હમાસની કસ્ટડીમાંથી ૧૦ જીવંત અને ૧૮ મૃતક બંધકોને મુક્ત કરવામાં આવશે. સીએનએનના અહેવાલ મુજબ, ઇઝરાયલી અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી છે. જોકે, કાયમી યુદ્ધવિરામ પર વાતચીત ક્યારે અને કેવી રીતે શરૂ થશે તે સ્પષ્ટ નથી, જે હમાસની મુખ્ય માંગણીઓમાંની એક છે.

વ્હાઇટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે પુષ્ટિ આપી છે કે ઇઝરાયલે અમેરિકાના નવા યુદ્ધવિરામ પ્રસ્તાવને સત્તાવાર રીતે મંજૂરી આપી છે અને તે પછી જ આ પ્રસ્તાવ હમાસને મોકલવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ખાસ દૂત સ્ટીવ વિટકોફ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેને હમાસને વિચારણા માટે મોકલવામાં આવ્યો છે, પરંતુ અત્યાર સુધી જૂથ તરફથી કોઈ અંતિમ મંજૂરી મળી નથી. વ્હાઇટ હાઉસના બ્રીફિંગમાં, લેવિટે કહ્યું, ''હું પુષ્ટિ કરી શકું છું કે યુદ્ધવિરામ વાટાઘાટો ચાલી રહી છે અને અમને આશા છે કે ગાઝામાં ટૂંક સમયમાં યુદ્ધવિરામ થશે જેથી અમે બધા બંધકોને સુરક્ષિત રીતે ઘરે લાવી શકીએ. શરૂઆતથી જ આ અમારી સરકારની પ્રાથમિકતા રહી છે.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું હમાસે આ પ્રસ્તાવ સ્વીકાર્યો છે, ત્યારે તેમણે જવાબ આપ્યો, ''મારી માહિતી મુજબ, ના.''

બીજી તરફ, હમાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેને યુએસ-સમર્થિત યુદ્ધવિરામ પ્રસ્તાવ મળ્યો છે અને તે તેના લોકોના હિતોની સેવા કરવા, તેમને રાહત પૂરી પાડવા અને ગાઝા પટ્ટીમાં કાયમી યુદ્ધવિરામ લાવવા માટે જવાબદારીપૂર્વક તેની સમીક્ષા કરી રહ્યું છે. અગાઉ, હમાસે કહ્યું હતું કે તે યુએસ રાજદૂત સ્ટીવ વિટકોફ સાથેની વાતચીતમાં એક કરાર પર પહોંચ્યો છે, જેમાં કાયમી યુદ્ધવિરામ તરફના પગલાંની રૂપરેખા આપવામાં આવી હતી. આમાં ગાઝામાંથી ઇઝરાયલનું સંપૂર્ણ પાછું ખેંચવું, માનવતાવાદી સહાયમાં વધારો કરવો અને હમાસ પાસેથી શાસનની લગામ રાજકીય રીતે સ્વતંત્ર પેલેસ્ટિનિયન સમિતિને સોંપવાનો સમાવેશ થાય છે.

હમાસે આ પ્રસ્તાવને ઇઝરાયલી એજન્ડા તરીકે વર્ણવ્યો અને કહ્યું કે તે યુદ્ધ અને ભૂખમરો બંધ કરવા જેવી આપણા લોકોની મુખ્ય માંગણીઓનો કોઈ નક્કર જવાબ આપતો નથી. જોકે, સંગઠનના નેતા બસમ નઈમે ફેસબુક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે હમાસનું નેતૃત્વ આ પ્રસ્તાવ પર સંપૂર્ણ રાષ્ટ્રીય જવાબદારી સાથે વિચાર કરી રહ્યું છે, કારણ કે આપણા લોકો નરસંહારનો ભોગ બની રહ્યા છે.

હમાસના એક વરિષ્ઠ અધિકારીએ સીએનએનને જણાવ્યું હતું કે સંગઠન ૬૦ દિવસના યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવા માટે તૈયાર છે, પરંતુ તેમની પાસે ત્રણ શરતો છેઃ

હમાસ ઇચ્છે છે કે યુએસ ખાતરી આપે કે ૬૦ દિવસ પછી લડાઈ ફરી શરૂ નહીં થાય. ખોરાક અને તબીબી પુરવઠો ફક્ત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જ પહોંચાડવો જોઈએ. ઇઝરાયેલી દળો ૨ માર્ચ પહેલા સ્થાનો પર પાછા ફરે છે.

નવા પ્રસ્તાવની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ વાટાઘાટો સાથે જોડાયેલા સૂત્રો કહે છે કે યુદ્ધવિરામ હેઠળ, ઇઝરાયલી દળો તેમના પહેલાના સ્થાનો પર પાછા ફરશે અને હમાસ ૧,૧૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં ૧૦ જીવંત બંધકોને મુક્ત કરશે, તેમજ મૃત બંધકોના મૃતદેહો પરત કરશે. પ્રસ્તાવ મુજબ, ઇઝરાયલ દ્વારા મુક્ત કરવામાં આવનારા પેલેસ્ટિનિયન કેદીઓમાં ઘાતક હુમલાઓના દોષિત ઠેરવવામાં આવીને લાંબી સજા ભોગવી રહેલા ૧૦૦ કેદીઓનો પણ સમાવેશ થાય છે. તેમાં ૬૦ દિવસ માટે યુદ્ધ બંધ કરવાની પણ વાત કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ પ્રસ્તાવમાં એવી ખાતરી પણ શામેલ છે કે હમાસ દ્વારા બંધકોને મુક્ત કર્યા પછી ઇઝરાયલ ગાઝા પટ્ટીમાં લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરશે નહીં. યુદ્ધવિરામ દરમિયાન દરરોજ સેંકડો સહાય ટ્રકોને ગાઝામાં પસાર થવા દેવામાં આવશે, જે મહિનાઓથી ચાલી રહેલા નાકાબંધીથી પીડાતી વસ્તી માટે એક મહત્વપૂર્ણ જીવનરેખા છે, જેના કારણે ઘણા લોકો દુષ્કાળના આરે આવી ગયા છે.

### જાહેર રેલીમાં હાફિઝ સઈદનો પુત્ર પણ હાજર રહ્યો, નવા આતંકીઓની ભરતી શરૂ કરી

# પહલગામ હુમલાનો પાપી તૈયબાનો કમાન્ડર પાકિસ્તાનમાં જાહેરમાં દેખાયો

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહલગામની બૈસારન ખીણમાં આતંકી હુમલામાં હિન્દુઓની હત્યાની ઘટનાના એક મહિના બાદ આ હુમલાનો માસ્ટર માઈન્ડ અને લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર સૈફુલ્લા કસૂરી પાકિસ્તાનમાં જાહેરમાં ફરતો જોવા મળ્યો છે. બીજી બાજુ ભારતે પાકિસ્તાનમાં નવ આતંકી સ્થળોનો ખાત્મો બોલાવ્યા પછી આતંકી સંગઠનોએ ફરી એક વખત ભરતી શરૂ કરી છે અને તે માટે પોસ્ટરો લગાવ્યા છે.

પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે સૈન્ય કાર્યવાહી કરી પાકિસ્તાનમાં નવ આતંકી સ્થળોનો ખાત્મો કરી નાંખ્યો હતો. જોકે, પાકિસ્તાન હજુ સુધર્યું નથી. પાકિસ્તાનમાં ભારત વિરોધી એક રેલી યોજાઈ હતી. આ રેલીમાં લશ્કર-એ-તોયબાનો કમાન્ડર સૈફુલ્લાહ કસૂરી અને હાફિઝ સઈદનો પુત્ર હાજર રહ્યા હતા. આ રેલીમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આતંકી જાહેર કરાયેલા અનેક આતંકીઓ એક મંચ પર આવ્યા હતા.

પાકિસ્તાનમાં ન્યૂક્લિયર ટેસ્ટિંગની સફળતાના દિવસને પ્રત્યેક વર્ષે યૌમ-એ-તકબીર તરીકે ઊજવાય છે. તોયબાના આતંકીઓની આ રેલી આ ઊજવણીનો એક ભાગ હતી. આ પ્રસંગે પાકિસ્તાન મરકજી મુસ્લીમ લીગ દ્વારા આયોજિત આતંકીઓએ ભારત વિરુદ્ધ ખુલ્લેઆમ ઝેર ઓક્યું હતું. આ સિવાય પાકિસ્તાનમાં હયાત આતંકી જૂથોએ ભારત વિરુદ્ધ તેમની પ્રવૃત્તિઓ ઝડપી બનાવી દીધી છે. આ જૂથો હવે ખુલીને ભારત વિરોધી વાતો કરી રહ્યા છે. તેમણે ભારત વિરોધી અભિયાનો માટે સમર્થન, ફન્ડિંગ તથા નવા આતંકવાદીઓની ભરતી પણ શરૂ કરી દીધાં છે.

જૈશ-એ-મોહમ્મદે ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની સાથે નવા આતંકીઓની ભરતી કરવા માટે સોશિયલ મીડિયાનો આધાર લીધો છે. આ આતંકી સંગઠન ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, એક્સ, વ્હોટ્સએપ ગ્રૂપ્સ અને બ્લોગસ્પોટ જેવા પ્લેટપોર્મ્સ પર સક્રિય છે. તેણે ભારત વિરુદ્ધ આતંકી પ્રવૃત્તિઓ માટે ખુલીને દાન માગવાનું અને યુવાનોને ભારત વિરુદ્ધ જેહાદમાં જોડાવા ઉશ્કેરવાનું શરૂ કર્યું છે. જૈશે બહાવલપુરમાં મોટા હોર્ડિંગ્સ લગાવ્યા છે અને ઓગસ્ટમાં એક મોટા કાર્યક્રમમાં લોકોને જોડાવા આમંત્રણ અપાયું છે.

તાજેતરના સમયમાં, PMML એ તેના ભારત વિરોધી ભાષણને વધુ તીવ્ર બનાવ્યું છે. તે હાફિઝ સઈદની મુક્તિની માંગણી સાથે પાકિસ્તાનના તમામ મુખ્ય શહેરો - લાહોર, કરાચી, ઈસ્લામાબાદ, ફૈસલાબાદ વગેરેમાં વિરોધ પ્રદર્શનો કરી રહ્યું છે. લશ્કર-એ-તૈયબા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત સંગઠન છે અને દબાણને કારણે પાકિસ્તાન દ્વારા પણ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જોકે ફક્ત દેખાડા માટે. પરંતુ આ સંગઠને પીએમએમએલ જેવા રાજકીય સંગઠનોનું સ્વરૂપ લઈને તેની રાજકીય અને વૈચારિક સુસંગતતા જાળવી રાખી છે. યુએન દ્વારા નિયુક્ત આતંકવાદી હાફિઝ સઈદ, જે ૨૦૦૮ ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ છે, તેને પીએમએમએલની પ્રવળત્તિઓ પાછળ હોવાનું માનવામાં આવે છે.

# વિશ્વ પર ટેરિફ ટેરર યથાવત રાખવા અમેરિકન કોર્ટની ટ્રમ્પને પરવાનગી

### ટેરિફને ગેરબંધારણીય ગણાવતો ફેંસલો કોર્ટે રાતોરાત પલટ્યો

**સમય મિરર | નવી દિલ્હી**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈમરજન્સી સત્તાઓ હેઠળ ટેરિફ વસૂલવાનું ચાલુ રાખવા માટે કોર્ટ તરફથી કામચલાઉ પરવાનગી મળી છે. બુધવારે, મેનહટન સ્થિત આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતે ટ્રમ્પને આંચકો આપ્યો હતો અને ટેરિફ લાદવાના તેમના નિર્ણયને ગેરકાયદેસર ગણાવ્યો હતો અને તેને સ્ટે આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે ટ્રમ્પે વિદેશી આયાત પર વ્યાપક ડ્યુટી લાદીને તેમના અધિકારનું ઉલ્લંઘન કર્યું છે. એક દિવસ પછી, યુએસ ફેડરલ અપીલ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને રાહત આપી છે અને ટ્રેડ કોર્ટના આદેશ પર સ્ટે આપ્યો છે. આ સાથે ટ્રમ્પ વહીવટીતંત્ર ટેરિફ લાદવાનું ચાલુ રાખી શકે છે. ફેડરલ સર્કિટ માટે યુએસ કોર્ટ ઓફ અપીલ્સે, વ્હાઇટ હાઉસ વતી ટ્રેડ કોર્ટના નિર્ણય સામેની અપીલની સુનાવણી કરતી વખતે, ૨ એપ્રિલના ટેરિફને અમલમાં રાખવાની મંજૂરી આપી હતી. કોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે તાત્કાલિક વહીવટી સ્ટે માટેની વિનંતી સ્વીકારવામાં આવે છે. જ્યાં સુધી કોર્ટ તેના પર વધુ વિચાર ન કરે ત્યાં સુધી આ લાગુ રહેશે.

આંતરરાષ્ટ્રીય વેપાર બાબતો માટે રચાયેલી યુએસ ટ્રેડ કોર્ટે બુધવારે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે કટોકટી સત્તાઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને દરેક દેશ પર ટેરિફ લાદવાનો અધિકાર આપતી નથી. યુએસ બંધારણે સંસદને અન્ય દેશો સાથે વેપાર કરવાની સત્તા આપી છે અને આને અવગણી શકાય નહીં.

ટ્રેડ કોર્ટના આ નિર્ણય સામે ટ્રમ્પ વહીવટીતંત્રે તાત્કાલિક ફેડરલ કોર્ટમાં અપીલ કરી. ટ્રમ્પ વહીવટીતંત્રે પોતાની અપીલમાં દલીલ કરી હતી કે ટ્રેડ કોર્ટના નિર્ણયથી મહિનાઓથી ચાલી રહેલી વેપાર વાટાઘાટો જોખમમાં મુકાઈ છે. ઉપરાંત, આ નિર્ણય સરકારની વિદેશ અને આર્થિક નીતિમાં કોર્ટનો હસ્તક્ષેપ પણ છે. આવી સ્થિતિમાં, કોર્ટે આ નિર્ણય પર સ્ટે મૂકવો જોઈએ. યુએસ ફેડરલ અપીલ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રની અપીલની સુનાવણી કરતી વખતે મેનહટન સ્થિત આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતના આદેશ પર અસ્થાયી રૂપે સ્ટે મૂકયો છે. ફેડરલ અપીલ કોર્ટના વચગાળાના આદેશ અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર સુનાવણી ચાલુ રહે ત્યાં સુધી આયાત કર (ટેરિફ) વસૂલવાનું ચાલુ રાખી શકે છે. કોર્ટે આ કેસની આગામી સુનાવણી માટે ૫ જૂનની તારીખ આપી છે. બુધવારે, કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડે સ્પષ્ટપણે કહ્યું કે ટેરિફ લાદવાનો ટ્રમ્પનો નિર્ણય ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ માન્ય નથી. આ નિર્ણય પછી, વ્હાઇટ હાઉસમાં હંગામો મચી ગયો અને થોડા કલાકોમાં જ ટ્રમ્પ વહીવટીતંત્રે આ નિર્ણયને પડકાર્યો.


દુઃખદ અવસાન / બેસણું



**અ.સૌ.સ્વ.શોભનાબેન અક્ષયભાઈ ઠેસીયા**

સ્વ. તા. ૨૭/૫/૨૫ મંગળવાર

એડવોકેટ અને નોટરી અક્ષયભાઈ ગોરધનભાઈ ઠેસીયાના ધર્મપત્ની, વિશ્વા અને ઋષિના માતુશ્રી તા. ૨૭/૫/૨૫ ને મંગળવારે દુઃખદ અવસાન (શ્રીજી ચરણ) પામેલ છે. તેઓનું **બેસણું તા.૩૧-૦૫-૨૦૨૫ને શનિવારે સવારે ૮ થી ૧૦** ધરમેશ્વર મહાદેવ મંદિર, ધરમ નગર મેઈન રોડ, રાજ બેન્ક અને પરફેક્ટના શો રૂમ વચ્ચેની શેરી, ૧૫૦ ફુટ રીંગ રોડ, ગાંધીગ્રામ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

મો. નં. ૯૮૯૮૬૦૩૯૦૪, ૯૫૧૨૮૬૦૫૩૬

# ધ વર્લ્ડ એરાઉન્ડ

## OMG : છેલ્લા બે દાયકામાં સમુદ્રનો ૨૧ ટકા હિસ્સો કાળો પડી ગયો : વૈજ્ઞાનિકો ચિંતિત

**નવી દિલ્હી :** પૃથ્વીના ૭૧ ટકા હિસ્સામાં સમુદ્ર ફેલાયેલો છે અને માત્ર ૨૯ ટકા હિસ્સો જમીનનો બનેલો છે. હવે પૃથ્વીના ૭૧ ટકા હિસ્સામાં ફેલાયેલાં સમુદ્રનો રંગ છેલ્લા બે દશકામાં ૨૧ ટકા કાળો પડી ગયો હોવાનું જાણી વિજ્ઞાનીઓ ચિંતામાં પડ્યા છે. સમુદ્ર કાળો પડવાને કારણે તેના તાપમાનમાં ફેરફાર થતાં તેને કારણે જમીનનું હવામાન પણ ખોરવાઈ શકે છે. સમુદ્રના ઉપરના સ્તરમાં થતાં પરિવર્તનને કારણે સૂર્યનો પ્રકાશ ઉંડે સુધી નપહોંચવાને કારણે સમુદ્ર કાળો પડવાની પ્રક્રિયા શરૂ થાય છે. અમેરિકાની પ્લેમાઉથ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ કરેલાં સંશોધન અનુસાર છેલ્લા બે દાયકામાં દુનિયાના મહાસાગરોનો ૨૧ ટકા હિસ્સો કાળો પડી ગયો છે. સમુદ્રના ઉપરના સ્તર જેને ફોટિક ઝોન કહેવામાં આવે છે ત્યાં સૂર્ય પ્રકાશ ઓછો થઈ ગયો છે. વીસ વર્ષના સેટેલાઈટ ડેટાનું વિશ્લેષણ કરી આ માહિતી મેળવવામાં આવી છે. સમુદ્ર કાળો પડવાથી પાણીની પારદર્શિતા ઓછી થઈ જાય છે. જેને કારણે સૂર્યપ્રકાશની સમુદ્રમાં પ્રવેશવાની સીમા સિમિત થઈ જાય છે. સમુદ્રના પ્રકાશક્ષેત્રમાં પ્રકાશ સંશ્લેષણ થવાથી ફૂડ ચેઇનની શરૂઆત થાય છે. હવે આ પ્રકાશક્ષેત્ર સંકોચાઈ રહ્યું છે. સમુદ્ર કાળો પડવાના અનેક કારણો છે. જેમાં સમુદ્ર ગરમ થવાથી શેવાળોનો વધારે પડતો વિકાસ થવો, સમુદ્રના તળિયા અને સપાટી પરના તાપમાનમાં ફેરફાર અને સમુદ્રમાં વધારે કચરો જમા થવાનો સમાવેશ થાય છે. ગ્લોબલ ચેન્જ બાયોલોજીમાં પ્રકાશિત અભ્યાસમાં જણાયું છે કે મહાસાગરનો નવ ટકાથી વધારેહિસ્સો એટલે કે આફ્રિકા ખંડ જેટલો હિસ્સો કાળો પડી ગયો છે. આ વિસ્તારના પ્રકાશક્ષેત્રમાં ૫૦ મીટરનો ઘટાડો થયો હોવાનું જણાયું છે. પ્લેમાઉથ યુનિવર્સિટીના સમુદ્ર સંરક્ષણ વિષયના એસોસિએટ પ્રોફેસર ડો. થોમસ ડેવિસે જણાવ્યું હતું કે અમારા અભ્યાસમાં સમુદ્રની સપાટી કાળી પડી રહી હોવાનું જણાયું છે જે પુરાવો છે કે આવા પરિવર્તનને કારણે સમુદ્રમાં મોટાપાયે અંધકાર છવાય છે. જે સમુદ્રજીવો તેમના અસ્તિત્વ અને પ્રજનન માટે સૂર્ય અને ચન્દ્ર પર નિર્ભર છે તેમની હાલત આ ફેરફારને કારણે કફોડી થઈ છે.

## દેશમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૮૩૦ને પાર : ૧૫ના મોત

**નવી દિલ્હી :** દેશમાં કોરોના વાઈરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. આજે સક્રિય કેસની સંખ્યા ૧૮૨૮ પર પહોંચી ગઈ છે. તે જ સમયે મૃત્યુઆંક ૧૫ પર પહોંચી ગયો છે, જેમાંથી સૌથી વધુ ૬ મૃત્યુ મહારાષ્ટ્રમાં થયા છે. રાજ્ય સરકાર કોરોનાવાઈરસ માટે ILI (ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી) અને SARI (ગંભીર તીવ્ર શ્વસન ચેપ) સર્વે કરી રહી છે. કેરળમાં સક્રિય કેસ વધીને ૭૨૭ થયા છે. મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યું કે રાજ્યમાં ઓમિક્રોન જેએન વેરિઅન્ટ LF7 ના કેસ આવી રહ્યા છે. છે. બીજી તરફ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) કાનપુરના ડિરેક્ટર પ્રોફેસર મણીન્દ્ર અગ્રવાલે જણાવ્યું હતું કે ૨૦૨૨ પછી, નવા પ્રકારને કારણે, કોવિડ દર્દીઓની સંખ્યામાં અનેક ગણો વધારો થયો છે, પરંતુ કોઈ ગંભીર પરિસ્થિતિ જોવા મળી નથી. મને લાગે છે કે આ વખતે વધારે ચિંતા કરવાની જરૂર નથી. નિષ્ણાતે કહ્યું - નવા પ્રકાર પર રસીની કોઈ અસર નથી બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU)ના પ્રોફેસર જ્ઞાનેશ્વર ચૌબે કહે છે કે જે લોકોએ રસી લીધી છે તેમણે પણ સાવધ રહેવાની જરૂર છે. આનું કારણ એ છે કે રસીકરણ નવા પ્રકારનો પ્રભાવ રોકી શકતું નથી. જોકે, રસીકરણની રોગપ્રતિકારક શક્તિ હજુ પણ સંપૂર્ણપણે નબળી પડી નથી. આ ચોક્કસપણે તમારા શરીરને નવા પ્રકાર સામે લડવામાં મદદ કરી શકે છે. પ્રોફેસરના મતે, જો કોવિડની ચોથી લહેર આવશે, તો તેની અસર ૨૧ થી ૨૮ દિવસ સુધી રહેશે. તે બીજા તરંગ જેટલું ઘાતક નહીં હોય.

## આ...લે...લે...! પાકિસ્તાનના કરાંચી એરપોર્ટ પર પાણીના પણ ફાંફા : પાક. અભિનેત્રીએ પોલ ખોલી

**મુંબઈ :** કરાચીના જિન્ના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પાણી જેવી પ્રાથમિક સુવિધાની પણ અપૂરતી વ્યવસ્થા છે. બાથરૂમમાં પાણીનો પુરવઠો બંધ થઈ ગયો હોવાના પણ અહેવાલ છે. પ્રખ્યાત પાકિસ્તાની અભિનેત્રી હિના ખ્વાજા બયાતએ એરપોર્ટ પર પાણીની અછત માટે અધિકારીઓની ટીકા કરી છે. સોશિયલ મીડિયા પર કરાચી એરપોર્ટનો એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે, જેમાં હિના ખ્વાજા બયતે કરાચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મૂળભૂત સુવિધાઓના અભાવ અંગે નિરાશા અને નારાજગી વ્યક્ત કરી હતી. તેણેએ કહ્યું, એવા સમયે જ્યારે આપણને આપણા દેશ પર ગર્વ હોવો જોઈએ, ત્યારે એરપોર્ટના બાથરૂમમાં પાણી નથી. લોકો વજુ કરવા, નમાઝ પઢવા, પોતાના બાળકોને વોશરૂમમાં લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ ત્યાં પાણી નથી. આ શરમજનક પરિસ્થિતિ છે. હિના ખ્વાજા બયતે સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવ્યા અને આરોપ લગાવ્યો કે સરકાર મુખ્ય મુદ્દાઓને અવગણીને મોટા વાયદાઓ કરી રહી છે. તેણે કહ્યું દરેક વ્યક્તિ મોટા પ્રોજેક્ટ્સ અને વિકાસ વિશે વાત કરે છે, પરંતુ દુર્ભાગ્યપૂર્ણ છે કે આંતરરાષ્ટ્રીય એરપોર્ટના બાથરૂમમાં પાણી પણ નથી. મૂળભૂત બાબતો કોણ સુધારશે? આપણા એરપોર્ટ, સંસ્થાઓ બધું જ તૂટી પડ્યું છે. કોઈ જવાબદારી લેવા તૈયાર નથી. ઈન્સ્ટાગ્રામ પરના એક વિડીયોના કેપ્શનમાં હીનાએ લખ્યું, એક દેશ તરીકે આપણે નબળી સેવા, નબળી સિસ્ટમ, નબળા મેનેજમેન્ટ, નબળી જાળવણી અને સંસ્થાકીય નુકસાનને આવી રીતે કેમ સ્વીકારી રહ્યા છીએ? કારણ કે આપણે હંમેશા અસત્યને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કરીએ છીએ અને સામાન્ય નાગરિકની રોજિંદા મૂળભૂત જરૂરિયાતો પર ધ્યાન આપવાને બદલે નકામા પ્રયાસોને પ્રાથમિકતા આપીએ છીએ. હવે જવાબદારી લેવાનો અને ઉજવણી કરતા પહેલા વસ્તુઓ સુધારવાનો સમય છે.

## યુ.પી.ની મોનાડ યુનિવર્સિટીએ ૭ વર્ષમાં એક લાખ નકલી ડિગ્રી વેચી નાંખી : ૯ રાજ્યોમાં નેટવર્ક

**નવી દિલ્હી :** ઉત્તર પ્રદેશના હાપુરમાં આવેલી મોનાડ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૮ થી બનાવટી ડિગ્રી બનાવવા-વેચવાનો ધંધો ચાલતો હોવાની માહિતી તપાસ ટુકડીને મળી છે. જેથી રાજ્ય પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ યુનિવર્સિટીના ચેરમેન અને પ્રો-વાઈસ ચાન્સેલરની વિવિધ યુનિવર્સિટી અભ્યાસક્રમોની ડિગ્રી અને માર્કશીટ બનાવટી બનાવવા અને વિદ્યાર્થીઓ પાસેથી પૈસા ઉઘરાવવાના આરોપસર ધરપકડ કર્યા બાદ હાપુડ જિલ્લા વહીવટીતંત્રે યુપી સરકારને મોનાડ યુનિવર્સિટીની માન્યતા રદ કરવા જણાવ્યું છે. આ માટે પોલીસની સાથે જ એસટીએફની બે ટીમોને પણ જોડવામાં આવી છે. એસટીએફની કાર્યવાહીની માહિતી મળતા જ મોનાડના પૂર્વ-માલિક તથા જવાબદાર પદો પર રહેલા કર્મચારીઓ ભૂગર્ભમાં ઊતરી ગયા છે. એમને કાર્યવાહીની જાળમાં ફસાવાનો ડર સતાવી રહ્યો છે. મોનાડ યુનિવર્સિટીના નકલીકાંડનો મામલો હવે વધતો જ જઈ રહ્યો છે. અહીં એક બાજુ જ્યાં એક લાખથી વધુ નકલી ડિગ્રી-માર્કશીટ છાપવાનો મામલો પ્રત્યક્ષ થઈ ચૂક્યો છે, ત્યાં નવ રાજ્યોમાં ડિગ્રી વેચાઈ રહી હોવાની માહિતી પોલીસ-એસટીએફને મળી ચૂકી છે. આ મામલે યુનિવર્સિટીના માલિક પિતા-પુત્ર સહિત ૧૧ જણને જેલમાં મોકલી દેવાયા છે. એસટીએફની તપાસમાં જણાયું કે આ નકલી ડિગ્રી બનાવવાનો ખેલ ૨૦૧૮થી ચાલી રહ્યો હતો. મોનાડ યુનિવર્સિટીના વર્તમાન માલિક વિજેન્દ્ર હુડ્ડાએ એને ૨૦૨૨ માં ખરીદી છે. એસટીએફ અને પોલીસ તપાસમાં જણાયા અનુસાર આ નકલીકાંડમાં મોનાડના પૂર્વ-માલિક તથા કર્મચારી પણ સંડોવાયેલા રહ્યા હતા. એમાંના ડઝનબંધી લોકો હાપુરમાં જ વસે છે. પોલીસ અને એસટીએફની બે ટીમનીપ્રારંભિક તપાસમાં એમની સંડોવણી જણાઈ છે. તેઓ અગાઉ પણ કેટલાક સો કરોડના સ્કોલરશિપ ગોટાળામાં ફસાઈ ચૂક્યા છે. મોનાડમાં નકલી ડિગ્રીનો એવો ખુલ્લો ખેલ ચાલ્યો, જાણે એ કરિયાણાની દુકાન હોય ! શહેરના એક જાણીતા ધારાશાસ્ત્રીએ જણાવ્યું કે તેઓ અગાઉ મેરઠમાંથી એલએલબી કરી ચૂક્યા છે. ગયા વર્ષે એમને માસ્ટર ડિગ્રી (એલએલએમ) કરવી જરૂરી લાગતા તેઓ મોનાડ પહોંચી ગયા. એમને જણાવાયું કે તમારે એક લાખ રૂપિયા આપવાના છે. તમને બે દિવસમાં એલએલએમની ડિગ્રી મળી જશે. ક્યાંક ચેક કરાવી લેશો, કોઈ પકડી શકશે નહિ.

## ઉતાવળે

- અમરનાથ યાત્રાની સુરક્ષા માટે CRPFની ૫૦૦થી વધુ કંપનીના ૪૨,૦૦૦ સૈનિકો તૈનાત કરાશે
- ગુજરાતના જસ્ટિસ અંજારિયાને સીજેઆઈએ સુપ્રીમ કોર્ટના જજ તરીકે શપથ લેવડાવ્યા
- પાકિસ્તાનમાં ૪૮ કલાકમાં બીજીવાર ધરતી ધ્રુજી : રિક્ટ્ર સ્કેલ પર ૪.૨ની તિવ્રતા : કેન્દ્રબિંદુ જમીન સપાટીથી ૧૮૦ કિ.મી. નીચે
- મુંબઈના વરલી સી ફેસિંગ વિસ્તારમાં ભારતનો સૌથી મોંઘો સોદો : બે ફ્લેટ અ...ધ...ધ... ૭૦૩ કરોડમાં વેંચાયા
- ચોમાસુ અટક્યુ–હવે ૧૪ દિવસ પછી MP-UPમાં દેશે દસ્તક : આણ સીઝનમાં દેશમાં ૩૩ ટકાથી વધુ વરસાદ વરસ્યો
- ૧૫ જૂનથી CBT મોડમાં યોજાનારી NEET PGની પરીક્ષા બેના બદલે એક જ શિફ્ટમાં યોજાશે : સુપ્રીમ કોર્ટનો નિર્ણય
- પહલગાવ હુમલાના ૬ આતંકી ભાજપમાં જોડાઈ શકે છે, એટલે જ તો હાલ પકડાતા નથી : શિવસેના (UBTના સાંસદ સંજય રાઉતના વિવાદિત બોલથી ખળભળાટ)

### પુખ્ત વ્યક્તિ માટે ૩૦૪૬ અને બાળકો માટે ૨૧૧૯ની એન્ટ્રી ફી

# સિંગાપોરમાં એશિયાનો પહેલો જુરાસિક પાર્ક શરૂ નકલી ડાયનાસોર સાથે થશે અસલી અનુભવ

**સમય મિરર | નવી દિલ્હી**

સાડા છ કરોડ વર્ષ અગાઉ નામશેષ થઈ ગયેલા ડાયનોસોરને પુનઃજીવિત કરી શકાય કે કેમ, કરવા જોઈએ કે નહીં, એ બાબત પણ અવારનવાર ચર્ચાતી રહે છે. સાચુકલા ડાયનોસોર તો જીવતાં થાય કે નહીં, પણ લોકોના મનોરંજન માટે નકલી ડાયનોસોરના થીમ પાર્ક જરૂર બન્યા છે અને એવો એક જુરાસિક પાર્ક તાજેતરમાં સિંગાપોરમાં શરૂ થયો છે.

૨૯ મે, ૨૦૨૫ ના રોજ સિંગાપોરમાં એશિયાનો પહેલો જુરાસિક પાર્ક શરૂ થયો છે. 'જુરાસિક વર્લ્ડઃ ધ એક્સપિરિયન્સ' નામનું આ અદભુત આકર્ષણ 'ગાર્ડન્સ બાય ધ બે' ખાતે આવેલા ક્લાઉડ ફોરેસ્ટમાં બનાવાયું છે. લોકો આ પાર્કની મુલાકાત લેવા માટે પડાપડી કરી રહ્યા છે.

આ થીમ પાર્કનું મુખ્ય આકર્ષણ જીવંત લાગે એવા ડાયનોસોર છે. પાર્કમાં ૧૦ અલગ-અલગ ઝોન બનાવાયા છે, જે જુદા જુદા પ્રકારના અનુભવો પ્રદાન કરે છે. અહીં પહાડો, ધોધ, જંગલ બનાવીને કુદરતી લાગે એવા દશ્યો ઊભાં કરવામાં આવ્યા છે. લાંબી ગરદન ધરાવતા શાકાહારી ડાયનોસોરથી લઈને ખૂંખાર ટી-રેક્સ, ભયાનક વેલોસિરાપ્ટર અને ઉડતા પેટેરાનોડોન જેવા વિવિધ પ્રજાતિના ડાયનોસોર અહીં જોવા મળે છે. તમામ ડાયનોસોર એકદમ સાચુકલા લાગે એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

કોસ્ટારિકાના કાલ્પનિક ટાપુ ઈસ્લા નુબ્લરથી પ્રેરિત આ પાર્કના ડાયનોસોર ફક્ત જોવા પૂરતા નથી. પ્રેક્ષકો એમની નજીક જઈને એમને સ્પર્શી શકે, એમની સાથે ફોટો પડાવી શકે, એમની સાથે થોડીઘણી રમત પણ કરી શકે એવી વ્યવસ્થા ગોઠવાઈ છે, જે આ થીમ પાર્કની મુલાકાતને યાદગાર બનાવી દે છે. ચિચિયારી પાડતા, હલનચલન કરતા એનિમેટ્રોનિક ડાયનોસોર મુલાકાતીઓને જુરાસિક કાળની સફર કરાવવામાં સફળ થાય છે. મીઠડાં લાગે એવાં બેબી ડાયનોસોર આ પાર્કનું વિશેષ આકર્ષણ બની જાય એમ છે. ગુસ્સે ભરાયેલા ડિલ-ફોસોરસ તો પ્રેક્ષકો પર 'ઝેરીલી લાળ' પણ થૂંકે છે. અલબત્ત, એ ફક્ત રંગીન પાણી હોય છે, પરંતુ એ અનુભવથી પ્રેક્ષકો આશ્ચર્યચકિત થઈ જાય છે. દિવસના અજવાળામાં સાફસાફ દેખાતા ડાયનોસોર સાંજ પડતાં જ કૃત્રિમ લાઈટોમાં ઝળહળી ઊઠે છે અને એમાં તેઓ વધુ ડરામણા લાગે છે. પાર્ક અન્ડરગ્રાઉન્ડ પણ વિસ્તરે છે. સુવિનિયર શોપમાંથી મુલાકા-તીઓ ડાયનોસોરને લગતાં સંભારણાં અને રમકડાં પણ ખરીદી શકે છે. દરરોજ સવારે ૯ થી રાત્રે ૯ વાગ્યા સુધી ખુલ્લા રહેતા આ પાર્કની મુલાકાત માટે પુખ્ત વયના વિદેશીઓએ ટિકિટના ૪૬ SGD (સિંગાપોર ડોલર) એટલે કે લગભગ ૩૦૪૬ રૂપિયા ખર્ચવા પડશે. ૩ થી ૧૨ વર્ષના બાળકો માટેની ટિકિટ ૩૨ ડોલર (૨,૧૧૯ રૂપિયા)ની થશે. ૩ વર્ષથી ઓછી વયના બાળકો માટે એન્ટ્રી ફ્રી છે. સિંગાપોરના રહેવાસીઓ માટે ટિકિટના દર ઓછા રાખવામાં આવ્યા છે. પુખ્ત વયના સિંગાપોરના નાગરિકે ટિકિટ માટે ૨૬ ડોલર (૧,૭૨૧ રૂપિયા) ખર્ચવા પડશે. ૩ થી ૧૨ વર્ષના બાળકો અને ૬૦ થી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે ટિકિટના દર ૨૨ ડોલર (૧,૪૫૬ રૂપિયા) રાખવામાં આવ્યા છે.

# Tiએ સિંદૂર વિશે એવી વાત કરી જાણે તે દરેક મહિલાના પતિ હોય : મમતાની વિવાદાસ્પદ ટીપ્પણી

**સમય મિરર | નવી દિલ્હી**



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે કોલકાતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે પીએમ મોદી એવી રીતે વાત કરી રહ્યા છે જાણે તેઓ દરેક મહિલાના પતિ હોય. જોકે, હું આ વિશે વાત કરવા માગતી ન હતી પણ તમે મને બોલવા માટે મજબૂર કરી.

મમતા બેનર્જીએ કહ્યું- સિંદૂર દરેક સ્ત્રી સાથે સંબંધિત છે. સિંદૂરને પવિત્ર માનવામાં આવે છે. સ્ત્રીઓ તેને તેમના પતિઓ માટે લગાવે છે. હું ઓપરેશન સિંદૂર પર કોઈ ટિપ્પણી કરવા માગતી નથી. દરેક સ્ત્રીનું સન્માન કરવામાં આવે છે.

હકીકતમાં, ગુરુવારે જ પીએમ મોદીએ પશ્ચિમ બંગ-ળના અલીપુરદુઆરમાં લગભગ ૩૨ મિનિટનું સંબોધન કર્યું. આમાં તેમણે ઓપરેશન સિંદૂર, પાકિસ્તાન, મમતા સરકારના ભ્રષ્ટાચાર અને કેન્દ્રની નીતિઓનો ઉલ્લેખ કર્યો હતો.

મમતાએ કહ્યું કે હું પીએમ મોદીને રૂબરૂ ચર્ચા માટે પડકાર ફેંકું છું. કોઈ સ્ક્રિપ્ટ નહીં હોય અને પ્રશ્નોના જવાબ તાત્કાલિક આપવા પડશે. જો તમે ઈચ્છો તો, તમારું પોતાનું ટેલિપ્રોમ્પ્ટર પણ લાવો.

મમતાએ પીએમ મોદીને કહ્યું કે તમે મીડિયાને નિયંત્રિત કરો છો અને રાજસ્થાન, બાંગ્લાદેશ અને અન્ય સ્થળોએ બનેલી ઘટનાઓનો દુરુપયોગ કરો છો. તેઓ બંગાળ વિશે ખોટા સમાચાર ફેલાવતા હતા. દરેક પ્રદર્શન ફક્ત તમારા નામે છે. તમે સેના માટે કોઈ પ્રોજેક્ટ કેમ શરૂ નથી કરતા? તમારે ફક્ત પ્રસિદ્ધિ જોઈએ છે. સીએમ બેનર્જીએ કહ્યું કે પીએમ મોદીએ આજે જે કહ્યું તેનાથી અમને માત્ર આઘાત જ નથી લાગ્યો, પરંતુ તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ છે. સમગ્ર વિપક્ષ દુનિયા સમક્ષ દેશનું પ્રતિ-નિધિત્વ કરી રહ્યો છે. તેમણે દેશના રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે એક સાહસિક પગલું ભર્યું છે. પરંતુ શું પીએમ મોદી અને તેમના નેતાઓ માટે એવો સમય આવી ગયો છે કે તેઓ 'ઓપરેશન સિંદૂર'ની જેમ 'ઓપરેશન બંગાળ' પણ ચલાવશે? જો હિંમત હોય તો હું તેમને આવતીકાલે ચૂંટણી લડવા પડકાર ફેંકું છું. જ્યારે અમે આતંકવાદ સામે કેન્દ્રને ટેકો આપી રહ્યા છીએ ત્યારે મોદી પશ્ચિમ બંગાળની ટીકા કરી રહ્યા છે. વાસ્તવમાં, પીએમ મોદીની રેલીમાં, પ્રદેશ ભાજપ પ્રમુખ સુકાંત મજુમદારે 'ઓપરેશન બાંગ્લા'ને ઓપરેશન સિંદૂર જેવું ગણાવીને રાજ્યમાંથી તૃણમૂલ સરકારને ઉથલાવી પાડવાનું આહ્વાન કર્યું હતું.

# પંજાબમાં ફટાકડાની ફેક્ટરીમાં મધરાત્રે વિસ્ફોટથી પાંચના મોત : ૨૯નું રેસ્ક્યુ

**સમય મિરર | ચંદીગઢ**

ગુરુવારે મોડી રાત્રે પંજાબના મુક્તસરમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. જેમાં ૫ કામદારોના મોત થયા હતા. ૨૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. બચાવ અને રાહત કામગીરી ચાલુ છે. ઘાયલોને ભટિંડા એઈમ્સમાં મોકલવામાં આવ્યા છે.

ફેક્ટરીમાં કુલ ૪૦ લોકો કામ કરતા હતા. ઘાયલ કામદારો ઉત્તર પ્રદેશના હોવાનું કહેવાય છે. આ ઘટના સિંઘેવાલા ગામમાં રાત્રે ૧.૩૦ વાગ્યે બની હતી. અહીં કામ કરતા કામદાર અરુણે જણાવ્યું હતું કે, ''અમે રાત્રિ શિફ્ટ પછી સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક વિસ્ફોટ થયો અને ઘણા લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ફેક્ટરીની ઈમારતનો મોટો ભાગ ધરાશાયી થઈ ગયો.''

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ફેક્ટરી બે માળની હતી. પહેલા માળે કેટલાક રૂમ હતા. બધા કામદારો માટે રહેવાની વ્યવસ્થા ફેક્ટરીમાં જ કરવામાં આવી હતી. ઘટનાસ્થળેથી ગનપાઉડર અને રસાયણો મળી આવ્યા છે. ડીસી અભિજીત કપ્લિશે કહ્યું કે, ફટાકડાની ફેક્ટરી ચલાવવા માટે વહીવટીતંત્ર દ્વારા કોઈ પરવાનગી આપવામાં આવી ન હતી. હાલમાં વહીવટીતંત્રની પહેલી જવાબદારી ઘાયલોને સારી સારવાર આપવાની છે. ફેક્ટરીની પૂછપરછ કર્યા પછી, આરોપીઓ સામે ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે. મુક્તસરના એસએસપી અખિલ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે અહીં બે સેટઅપ હતા. એક તરફ ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા, તો બીજી તરફ તેમને પેક કરવામાં આવી રહ્યા હતા. રાત્રે ફટાકડામાં આગ લાગી અને વિસ્ફોટ થયો. જેના કારણે ઈમારત ધરાશાયી થઈ ગઈ. તે સમયે કેટલાક કામદારો કામ કરી રહ્યા હતા.

# તેલંગાણાના CM રેવંત રેડ્ડીના નિવેદનથી રાજકારણ ગરમાયું

## રાહુલ ગાંધી PM હોત તો તેમણે POK પરત લઈ લીધું હોત!

**સમય મિરર | નવી દિલ્હી**

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પાકિસ્તાન સાથેના સંઘર્ષ બાદ કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલી વાહવાહી પર કેટલાક સવાલો ઉઠાવ્યા છે. તેમણે હૈદરાબાદમાં 'જય હિંદ યાત્રા' પહેલાં એક જનસભાને સંબોધિત કરતાં ભાજપ પર આરોપ મૂક્યો હતો કે, 'ભાજપ પાકિસ્તાન સાથેના સંઘર્ષનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. આ સંઘર્ષમાં પારદર્શકતા પણ નથી. ચાર દિવસના સંઘર્ષ પછી શું થયું, કોણે આત્મસમર્પણ કર્યું એ વિશે આપણે કંઈ જાણતા નથી.'

રેવંત રેડ્ડીએ યુદ્ધ વિરામના નિર્ણય પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક ન બોલાવવા બદલ પણ વડાપ્રધાન પર પ્રહાર કર્યા હતાં. તેમણે કહ્યું કે, 'સંઘર્ષ શરૂ કરતાં પહેલાં તમે સર્વપક્ષીય બેઠક બોલાવી, જ્યારે તમને અમારી જરૂર હતી, ત્યારે તમે અમને બોલ-વ્યા, અમે સેના સાથે જ છીએ, પરંતુ સંઘર્ષ સમાપ્ત થતાં અમને સામેલ ન કર્યા. પાકિસ્તાને કેટલા રાફેલ નષ્ટ કર્યા, તેના વિશે કોઈ કઈ બોલી રહ્યું નથી. નાગરિકો અને રાજકીય પક્ષોની વારંવાર દર-ખાસ્ત છતાં કેન્દ્ર સરકાર POKને પાછું મેળવવામાં નિષ્ફળ રહી.'

આ દરમિયાન રેડ્ડીએ રાહુલ ગાંધીના વખાણ કરતાં કહ્યું કે, 'જો રાહુલ ગાંધી વડાપ્રધાન હોત તો તેઓ POK પાછું લઈને આવતાં. મોદી પ્રતિબંધિત ૧૦૦૦ રૂપિયાની નોટ જેવા છે. આપણને રાહુલ ગાંધી જેવા નેતાની જરૂર છે. મોદી આપણા માટે ક્યારેય યુદ્ધ જીતશે નહીં. માત્ર રાહુલ ગાંધી જ PM સ્વરૂપે યુદ્ધ લડી શકે છે. કોંગ્રેસે રાષ્ટ્ર સુરક્ષાના હિતમાં પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. વધુમાં તિરંગા રેલી પર પણ સવાલ ઉઠાવતાં રેડ્ડીએ કટાક્ષ કર્યો કે, શું ભાજપ દ્વારા યોજાઈ રહેલી તિરંગા રેલીઓ વાસ્તવમાં પહલગામ હુમલાના પીડિતો અને યુદ્ધમાં શહીદ સૈનિકોની યાદમાં યોજાઈ રહી છે?'

### વોર્ડ નં. ૫,૬,૧૫,૧૮માં જેને નોટિસ ફટકારાઈ છે તેવા આસામીઓને લઈને કોર્પોરેટરો મનપા કચેરીએ આવ્યા

# સામાકાંઠે ગે.કા. બાંધકામના ડિમોલિશન સામે કોર્પોરેટરોમાં ઉકળાટ, પેટ પર પાટું?

**સમય મિરર | રાજકોટ**



રાજકોટના સામાકાંઠાના અસરગ્રસ્તોની મેયરને રજૂઆતઃ મનપા દ્વારા સામાકાંઠા વિસ્તારની અનેક મિલ્કતોને ડીમોલીશનની નોટીસ આપતા રહેવાસીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. રહેવાસીઓ દ્વારા આ મામલે મેયર નયનાબેન પેઢડીયાને રજૂઆત કરવામાં આવી હતી. મ્યુનિ. કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયની આડેઘડ ડિમોલીશન કામગીરી કરવામાં આવતા કોર્પોરેશનમાં ઉકળાટ જોવા મળ્યો હતો. આજે સામાકાંઠાના વોર્ડ નં. ૫,૬,૧૫,૧૮ સહિતના વિસ્તારમાં ૨૦૧૧ પછી પોતાની જગ્યામાં દસ્તાવેજ વાળા મકાન ધારકોને મનપા તંત્ર દ્વારા નોટીસ પાઠવવામાં આવતા અસરગ્રસ્તો આજે બપોરે મનપા કચેરીએ બપોરે ધસી આવ્યા હતા. અને કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં મેયર નયનાબેન પેઢડીયાને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. અહીં સવાલ એ છે કે, ગેરકાયદેસર બાંધકામ સામે ઉકળાટ શેનો હોય પ્રોટેક્શનમની રૂપી કમાણીનું પેટ પર પાટુ લાગ્યું કે શું? એવા કટાક્ષ પણ થઈ રહ્યા છે.

મનપામાં ઘણા દિવસોથી ડિમોલેશનનીકામગીરી વેગવંતી બનાવી છે. તેવી જ રીતે લોકો દ્વારા ગેર કાયદેસર બાંધકામની ફરિયાદ આવે ત્યારે ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા નોટીસ અપાયા બાદ તુરંત ડિમોલેશન કરવામાં રહ્યું છે.

આડેઘડ થતા બાંધકામો અને ડિમોલીશનના કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. તેમજ અમુક બે કસુર લોકોના બાંધકામો પણ તોડી પાડવામાં આવી રહ્યા છે. તેવી મેયરને રજૂઆત કરી હતી અને ગેરકાયદેસર બાંધકામ અંગેની ફરિયાદો સાંભળી યોગ્ય નિર્ણય લેવાની સાંત્વના આપી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં રોજેરોજ અનેક દુકાનો અને મકાનોના ડિમોલેશન ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. સામાકાંઠાના વિસ્તારવાસીઓની રજૂઆત બાદ મેયર ચેમ્બરમાં સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન, શાસક પક્ષ નેતા, શાસક પત્ર દંડક, તથા ત્રણેય ઝોનના ડે. કમિશનરો, ત્રણઝોનના સીટી ઈજનેરની બેઠક યોજાઇ હતી. જેમાં પદાધિકારીઓએ જણાવ્યું હતુંકે, ટી.પી. રોડ રાજ માર્ગ પર ખુબ દબાણો છે. તો પહેલા આ દબાણો દૂર કરાવો તેમ સુચના આપી હતી લોકો હેરાન ન થાય તે જોવા કોર્પોરેટરની રજુઆત કરાઇ હતી. આ મામલે ૧-૨ દિવસમાં કમિશનર સાથે મેયર મીટીંગ કરશે તમ અધિકારીઓ-પદાધિકારીઓની બેઠકમાં જણાવ્યું હતું.

# ખોડિયાર ડેરીનું દહીં અને હરે રામ હરે કૃષ્ણ ડેરીનું ઘી ખાવાલાયક નથી

## માધાપરની ડેરી અને મનહર સોસા.ની ડેરીમાંથી લેવાયેલા નમૂના નાપાસ

**સમય મિરર | રાજકોટ**

ઉનાળાની ઋતુમાં શહેરીજનોનું સ્વાસ્થય જાળવી રાખવા મનપાની ફુડ શાખા દ્વારા વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થ ઉત્પાદકો- વિક્રેતાઓને ત્યાં ચકાસણીના ભાગરૂપે ઇશ્વરીયા મહાદેવ મંદિર મેઇન રોડ, પેડક રોડ વિસ્તારમાં ખોડિયાર ડેરીનું દહી અને મનહર સોસાયટી હરે રામ હરેકૃષ્ણનું ઘી ખાવાલાયક ન હોવાનું સાબિત થયું છે. લેવાયેલ દહીં તથા ઘીના નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર થતા એજ્યુડિટેકશન કાર્યવાહી હાથ ધરાયેલ છે. ઉપરાંત હરિધવા રોડ વિસ્તારના ૯ ધંધાર્થીઓને લાઇસન્સ અંગે સુચના અપાઇ હતી. જયારે ડેઝર્ટ, કેન્ડી, આઇસ્ક્રીમના કુલ ૫ નમુના લેવામાં આવ્યા હતા.

### આઈસ્ક્રીમ– કેન્ડી સહિત ૫ નમૂના લેવાયા

ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત કુલ ૦૫ નમૂના લેવામાં આવેલ. જેમાં ખુશ્બુ કાજુદ્રાક્ષ મીડીયમ ફેટફ્રોઝન ડેઝર્ટ (ફ્રોમ ૪ લી. પેક) ઓમ સાંઇ સેલ્સ એજન્સી, યોગી ઇન્ડ. એરિયા, માધાપર GIDC, પ્લોટ નં.૩૭, રવિ વિદ્યાલય પાછળ શેડ નં.૦૧, જામનગર રોડ, ખુશ્બુ અમેરિકન નટસ મીડીયમ ફેટફ્રોઝન ડેઝર્ટ (ફ્રોમ ૪ લી. પેકડ),ઓમ સાંઇ સેલ્સ એજન્સી, યોગી ઇન્ડ. એરિયા, માધાપર GIDC, પ્લોટ નં.૩૭, રવિ વિદ્યાલય પાછળ શેડ નં.૦૧, જામનગર રોડ, ક્રિષ્ના માવા કેન્ડી બ્રાન્ડ કેસર પીસ્તા કેન્ડી (ફ્રોમ ૭૦ ગ્રામ પેકડ) ક્રિષ્ના કેન્ડી, ગ્રા.ફ્લોર શોપ નં,૨૦, સુવર્ણભૂમિ કોમ્પ્લેક્ષ, અંબિકા ટાઉનશીપ, મવડી, સ્પે.રેડ વેલવેટ આઇસ્ક્રીમ (લુઝ) ન્યુ શ્રીજી આઇસ્ક્રીમ, પંચનાથ કોમ્પ્લેક્ષ, ગ્રા.ફ શોપ નં.બી-૬, સેન્ટમેરી સ્કૂલ સામે, કાલાવડ રોડ, વેનીલા આઇસ્ક્રીમ (લુઝ)ન્યુ શ્રીજી આઇસ્ક્રીમ, પંચનાથ કોમ્પ્લેક્ષ, ગ્રા.ફ શોપ નં.બી-૬, સેન્ટમેરી સ્કૂલ સામે, કાલાવડ રોડ ખાતેથી નમુના લેવામાં આવ્યા હતા.

મનપાની સતાવાર યાદી મુજબ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા 'ખોડિયાર ડેરી ફાર્મ', માધાપર, ઈશ્વરીયા મહાદેવ મંદિર મેઈન રોડ, જામનગર રોડ, મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'દહીં (લુઝ)' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટ તથા SNF નું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજ્યુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'હરે રામ હરે કૃષ્ણ ડેરી ફાર્મ', મનહર સોસાય-ટી-૧ કોર્નર, પડેક રોડ, મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'શુધ્ધ ઘી (લુઝ)' નો નમૂનો તપાસ બાદ પળથ્થકરણ રિપોર્ટમાં BR રીડિંગ ધારાધોરણ કરતાં વધુ તથા ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) ની હાજરી હોવાથી નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજ્યુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના હરિધવા રોડ વિસ્તાર-માં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. ચકાસણી કરેલ ધંધાર્થીઓમાં ઓમ આયુર્વેદિક, ક્રિષ્ના મારવાડી પાણીપૂરી, જ.જ. દાળ પકવાન, જયશ્રી ભવાની ફરસાણ, બજરંગ પ્રોવિઝન સ્ટોર, ગાંધી સોડા શોપ, સોનલ સુપર માર્કેટ, મયુર ભજીયા તથા મોમાઈ લચ્છીને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

# RMCના શાસકો માટે 'અણમાનીતા' આરોગ્ય અધિકારીનો 'કાંટો' કાઢવા ઘડાતો તખ્તો

### મેયરના અધ્યક્ષ સ્થાને બનેલી સિલેક્શન કમિટિએ ડો. જયેશ વાકાણીને બરતરફ કરવા લીધો નિર્ણય, હવે મ્યુનિ. કમિશનર પાસે દરખાસ્ત કરાવાશે



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકામાં શાસક પક્ષની સુચનાઓ અને તેઓની જોહુકમીનું પાલન ન કરનાર ગમે તેવા અધિકારીઓનું આવી બને છે. તે ફરી એક વખત સાબિત થયું છે. આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો. જયેશ વાકાણી પાસેથી નાણાકીય સહિતની સત્તા અચાનક આંચકી લેવાતા ચકચાર મચી ગઈ છે. આ મુદ્દે તપાસ કરતા માલુમ પડેલ કે, અસહકાર તેમજ નકારાત્મક પદ્ધતિથી કામ કરવું અને ગરબડ સહિતના મુદ્દે કોર્પોરેટર દ્વારા સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઈ ઠાકરને ફરિયાદ થતાં અંતે સ્ટેન્ડીંગ ચેરમેને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી ડો. જયેશ વાકાણીની સત્તામાં મોટો કાપ મુકી આરોગ્ય અધિકારીનો ઘડો લાડવો કરી નાખ્યા બાદ આજે આરોગ્ય અધિકારીને બરતરફ કરવા માટે મ્યુનિસિપલ કમિશનરને પરિપત્ર તૈયાર કરવાની સુચના આપી છે. જેના આધારે સિલેક્શન કમિટિ દ્વારા આગામી દિવસોમાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીને ઘરભેગા કરવાનો તખ્તો તૈયાર કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડોક્ટર જયેશ વાકાણીની કાર્યપદ્ધતિ આમતો સરળ છે. પરંતુ દરેક વિભાગની જેમ આરોગ્ય વિભાગની કામગીરીમાં પણ નેતાઓ દ્વારા પણ ભલામણ થતી હોય છે. જેની સામે આરોગ્ય અધિકારી અમુક બાબતમાં તટસ્થ રહેતા હોય અનેક કોર્પોરેટરો તેમજ નેતાઓનો ઈગો હટ થયો હોય તેવુ બન્યું હોઈ શકે છે. પરંતુ અમુક વખતે આરોગ્ય અધિકારી જયેશ વાકાણીને સ્ટાફના અમુક ખાસ માણસો દ્વારા પણ અડફેટે લેવાનો પ્રયાસ થયેલ અને તેમના વિરુદ્ધ ફરિયાદ પણ કરવામાં આવેલ પરંતુ આરોગ્ય વિભાગની સંપૂર્ણ કમાન સંભાળી વ્યવસ્તિત કામગીરી કરતા જયેશ વાકાણી વિરુદ્ધ આગળ કોઈ કાર્યવાહી થઈ ન હતીં.

છતાં થોડા સમય દરમિયાન આરોગ્ય અધિકારી હવે વધુ સમય નહીં ખેંચે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. ત્યારે જ સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઈ ઠાકરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી આરોગ્ય અધિકારી પાસેથી નાણાકીય સહિતની સત્તા પરત લેવામાં આવે તેવી દર-ખાસ્ત મંજુર કરાવ્યા બાદ હવે આરોગ્ય અધિકારીને ઘરભેગા કરવા માટે કરી અધિકારીને સુચના અપાતા કાર્યદક્ષ અધિકારીઓમાં નારાજગી જોવા મળી છે. મનપાના આરોગ્ય અધિકારીની નિમણુંક સિલેક્શન કમિટિ દ્વારા કરવામાં આવી છે. તેથી કમિટિ જ આરોગ્ય અધિકારીને બરતરફ કરી શકે છે. આજે ૬૬થી વધુ કોર્પોરેટરોએ આરોગ્ય અધિકારીને ઘરભેગા કરવા માટે સુચન કર્યુ હતું. જેના આધારે સ્ટેન્ડીંગ ચેરમેને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે. કમિટિમાં હાલ મેયર, ડે. મેયર, સ્ટે. ચેરમેન અને શાસકપક્ષના નેતા સભ્ય છે જેઓ બરતરફનો નિર્ણય ટુંક સમયમાં લેશે.

**રાજકોટ મહાનગરપાલિકામાં ૭૬ દરખાસ્તોના જમ્બો એજન્ડા સાથે મળી સ્ટેન્ડિંગ કમિટિની મીટિંગ, શાકમાર્કેટને બાદ કરતા તમામ દરખાસ્ત મંજૂર**

# રિંગરોડ-1ની થશે કાયાપલટ, બોર રિચાર્જ માટે RMCનો 90% સહયોગ, શાકમાર્કેટના થડાનું ભાડું નહીં વધે

## રજિસ્ટર્ડ સોસાયટી કે એપાર્ટમેન્ટમાં કોઈ બોર રિચાર્જ કરાવવા ઈચ્છતા હશે તો નિર્ધારિત મહત્તમ રૂા. ૨૫ હજારમાંથી ૯૦ ટકા ખર્ચ મનપા ભોગવશે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે ૭૬ દરખાસ્તના જમ્બો એજન્ડા સાથે સ્ટેન્ડીંગ કમિટિની મિટિંગ મળી હતી. કરોડો રૂપિયાના વિકાસ કામને ચેરમેન જયમીનભાઈ ઠાકરે લીલીઝંડી આપી હતી. મહત્વની દરખાસ્તોમાં જોઈએ તો રાજકોટની શાન સમાન રિંગરોડ-૧ (માધાપર-ગોંડલ રોડ ચોકડીની કાયાપલટ થવા જઈ રહી છે. અમદાવાદના એસ.જી. હાઈવે પેટર્નથી રોડની નવી ડિઝાઈન બનશે. જેમાં હયાત સાયકલ ટ્રેક અને વોકિંગ પાથમાં ફેરફાર કરી વાહન વ્યવહાહર માટે ખરા અર્થમાં ૧૫૦ ફૂટનો રોડ બનાવી રોડની બન્ને બાજુ આકર્ષક બ્યુટિફિકેશન કરાશે. રિંગરોડ-૧ના નવીનીકરણની નવી ડિઝાઈન બનાવવા કન્સલ્ટન્ટની નિમણુંકને આજે સ્ટેન્ડિંગ ચેરમેને લીલીઝંડી આપી હતી. અન્ય દરખાસ્તમાં કોઈ રજિસ્ટર્ડ સોસાયટી કે, એપાર્ટમેન્ટમાં બોર રિચાર્જ કરાવવા માગતા હશે તો નિર્ધારિત મહત્તમ રૂા. ૨૫ હજારના ખર્ચમાં ૯૦ ટકા ખર્ચ મહાનગરપાલિકા ભોગવે તેવી દરખાસ્ત મંજુર થઈ હતી. જ્યારે અન્ય મહત્વની દરખાસ્તમાં મનપા સંચાલિત શાકમાર્કેટમાં થડાના ભાડા વધારા માટે કમિશનરે મોકલેલી દરખાસ્ત ફગાવી દેવામાં આવી હતી. માત્ર વધારાના ચાર્જ પેટે મહિને રૂા. ૫૦૦ સફાઈનો વહીવટી ચાર્જવસુલવા મંજુરી અપાઈ છે.

મનપાની આજની સ્ટેન્ડીંગ કમિટીની મિટિંગમાં ૭૬ દરખાસ્તોનો જમ્બો એજન્ડા રજૂ થયો હતો. તેમાની મુખ્ય દરખાસ્તો પૈકી શહેરની પશ્ચિમ દિશાએ વિકાસ થતા જ રિંગરોડ-૧ શહેરની મધ્યે આવી ગયો છે. આશરે ૧૫ વર્ષ પહેલા બીઆરટીએસ ટ્રેક બન્યો ત્યારે હાલ જેટલો ટ્રાફિક રહે છે એટલો ટ્રાફિક રિંગરોડ-૧ પર રહેતો ન હતો. હાલની સ્થિતિએ ટ્રાફિક અનેકગણો વધી ગયો છે અને છાંશવારે નાના-મોટા અકસ્માતો થયા કરે છે. છેલ્લે સિટી બસની હડફેટે ચાર રાહદારીઓના મોત થયાની ઘટના બાદ મનપાના શાસકો અને તંત્રવાહકોએ રિંગરોડ-૧ પરની ટ્રાફિકની સ્થિતિને ગંભીરતાથી લીધી હતી. સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરે આજે જણાવ્યુ હતુ કે, રિંગરોડ-૧ને હવે ખરા અર્થમાં દોઢસો ફૂટનો બનાવવામા આવશે. હાલ દોઢસો ફૂટનો રિંગરોડ જરૂર કહેવાય છે પરંતુ તેમા બન્ને બાજુ વોકીંગ ટ્રેક અને સાયકલ ટ્રેક છે. જેનો ખરા મુળભૂત હેતુમાં ઉપયોગ થતો નથી. રોડ પહોળો કરવા માટે અનેક વિકલ્પોનો અવકાશ છે. વાહન વ્યવહાર માટે રોડને કઇ રીતે પહોળો કરવા? વર્તમાન સ્થિતિ છે તેમા ક્યા પ્રકારના ફેરફાર કરવા? એ ઉપરાંત રોડને વધુ આકર્ષક કઇ રીતે બનાવવો? એ સહિતના પ્લાનીંગ માટે વડોદરા અને અમદાવાદમાં જેમણે દોઢસો ફૂટ રોડની ડિઝાઇન બનાવી છે એ સુરતની સંસ્થા સરદાર વલ્લભભાઇ રાષ્ટ્રિય પ્રોદ્યોગિક સંસ્થાને કામ આપવા માટેની દરખાસ્ત આવી હતી. સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરે દરખાસ્ત ઉપર મંજૂરીની મહોર મારી હતી.

મહત્વની બીજી દરખાસ્તમાં રાજકોટમાં માત્ર ત્રણ ઈંચ વરસાદ પડે ત્યાં જ શહેર જળબંબાકાર બની જાય છે. તેની પાછળનું મુખ્ય કારણ વરસાદી પાણીના નિકાલ માટેના મોટાભાગના છીંડા ઉપર બાંધકામ ખડકાઇ ગયા છે. ત્યા સુધી કે અમુક વોંકળા પણ વેંચી નખાયા છે. જેના કારણે શહેરના મોટાભાગના વિસ્તારોની હાલત વરસતા વરસાદે ટાપુ જેવી બની જાય છે. વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે છેલ્લા એક દસકાથી માત્ર કાગળ પર જ ચાલતુ આયોજન ફરી સજીવન કરવામા આવ્યુ છે. શહેરમાં કઇ જગ્યાએ વરસાદી પાણી ભરાય છે તેનો સર્વે ખાનગી એજન્સી પાસે કરાવવામા આવ્યો હતો અને હવે આ જગ્યાએ રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને બોર બનાવવા માટે આજે મળેલી સ્ટેન્ડીંગ કમિટીની મિટિંગમાં દરખાસ્ત રજૂ કરવામા આવી હતી. કોઇ સોસાયટી કે એપાર્ટમેન્ટમાં બોર રિચાર્જ કરવા માગતા હોય તો ૯૦ ટકા ખર્ચ મનપા પોતે ભોગવશે. બાકીનો ૧૦ ટકા ખર્ચ જ સોસાયટી કે એપાર્ટમેન્ટના એસોસિએશને ભોગવાની રહેશે.

અન્ય દરખાસ્તમાં રાજકોટ મનપા સંચાલિત શાકમાર્કેટમાં થડાના ભાડામાં બમણો વધારો કરવા માટે મ્યુનિ. કમિશનરે દરખાસ્ત મોકલી હતી. હાલ રૂ.૫૦૦(માસિક) ભાડુ છે. તેમા વધારો કરીને રૂ.૧૦૦૦ કરવા અને સફાઇ માટે રૂ.૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવા માટેની દરખાસ્ત હતી. સ્ટેન્ડીંગ કમિટીમાં આ દરખાસ્ત આવતા ચેરમેન જયમીન ઠાકરે ભાડામાં વધારો કરવાનું ફગાવી દઈને માસિક રૂ.૫૦૦ ભાડુ જ રાખવા ઠરાવ કર્યો હતો. જ્યારે થડાધારકો સફાઇ વ્યવસ્થિત રાખતા ન હોય આ જવાબદારી મનપાની બનતી હોવાથી સફાઇ માટે અલગથી રૂ.૫૦૦ વસુલવાનો નિર્ણય લેવામા આવ્યો હતો.

**માધાપર-ગોંડલ રોડ ચોકડી સુધીના 11 KM રિંગરોડ-1માં હયાત સાયકલ અને વોકિંગ ટ્રેકમાં ફેરફાર કરી વાહન વ્યવહાર માટે રોડ બનશે પહોળો, નવી ડિઝાઇન બનાવવા કન્સલ્ટન્ટની નિમણુંક : ચેરમેન જયમીન ઠાકરે આપી લીલીઝંડી**



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

### રાજારામ, ધર્મનગર અને ભાવનગર રોડ પર વરસાદી પાણી માટે નંખાશે પાઈપલાઈન

વરસાદી પાણી જ્યા તળાવની જેમ ભરાતા હોય તેવા વિસ્તારોનો મનપાએ સર્વે કર્યો છે. આવી જગ્યાએથી વરસાદી પાણીને નજીકના વોંકળામાં ઠલવવા માટે સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખવામા આવે છે. શહેરના વોર્ડ નં.૬માં આવેલી રાજારામ સોસાયટીથી સંપકબીર રોડના નાલા સુધી સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખવા માટે રૂ.30 લાખ ૪૪ હજાર જ્યારે વોર્ડ નં.૬માં જ ભાવનગર રોડ પર રૂ.૪૫.૧૯ લાખના ખર્ચે તેમજ વોર્ડ નં.૧માં ધર્મનગર સોસાયટીમાં સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખવા માટે રૂ. ૧૫.૬૦ લાખનો ખર્ચ મંજૂર કરવામા આવ્યો હતો.

## સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ થયેલી અન્ય દરખાસ્ત

- વોર્ડ નં.૯માં પાટીદાર રેસીડિન્સી શેરી નં.૧, ૨, ૩ અને અન્ય વિસ્તારમાં પેવીંગ બ્લોક નાંખવા તથા જ્યાં રોડ ખોદવામાં આવ્યા હતા ત્યાં રિ-કાર્પેટ કરવાનું કામ.
- વોર્ડ નં.૫માં નવાગામ મેઈન રોડ પર આવેલા ન્યારા પેટ્રોલ પમ્પવાળા રોડને મેટલીંગ અને પેવર કાર્પેટ કરવામાં આવશે.
- વોર્ડ નં.૭માં અવંતિબાઇ લોધી કોમ્યુનિટી હોલનું રિનોવેશન થશે.
- શિક્ષણ સમિતિના ઓફિસ સંકુલમાં સ્ટાફ ક્વાર્ટર અને સ્ટાફ ઓફિસ બનશે.
- ભૂપેન્દ્ર રોડ પર વોર્ડ નં.૭(L) અને હાથીખાના પાસે વોર્ડ નં.૭(X)ની ઓફિસનું નવીનીકરણ કરવામાં આવશે.
- વોર્ડ નં.૧૬માં ૮૦ ફૂટ રોડ પર આવેલા બાપુનગર સ્મશાનનું આધુનિકરણ કરવા દરખાસ્ત.
- વોર્ડ નં.૪માં બેડીપરા વિસ્તારમાં ગંગેશ્વર મેઈન રોડ અને લંગડા હનુમાન રોડને સિમેન્ટથી મઢવામાં આવશે.
- વોર્ડ નં.૬માં રાજારામ સોસાયટી સાંદિપની સ્કૂલથી સંતકબીર રોડના નાલા સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઇપલાઇન નાંખવામાં આવશે.
- વોર્ડ નં.૭માં કિશોરસિંહજી સ્કૂલનું રિનોવેશન કરવામા આવશે.
- વોર્ડ નં.૬માં ભાવનગર રોડ પર મનપાની ઈસ્ટ ઝોન કચેરી સામેથી શાળા નં.૧૩ પાસેના નાલા સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાંખવામાં આવશે.

### મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે જોડાયેલી કિશોરસિંહજી સ્કૂલનું થશે નવીનીકરણ

**રૂા. અઢી કરોડનો ખર્ચ મંજુર કરતા સ્ટે. ચેરમેન જયમીન ઠાકર**

શહેરના કોઠારીયા નાકા પાસે આવેલી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જે સ્કૂલમાં ભણ્યા હતા તે વોર્ડ નં.૭ની કિશોરસિંહજી શાળા નં.૧નું રીનોવેશન અને રેટ્રોફીટીંગ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા સંચાલિત આ શાળા નં.૧ હેરીટેજ બિલ્ડીંગ જાહેર કરવામાં આવ્યું છે તે ઉલ્લેખનીય છે. આ સ્કૂલનું ઐતિહાસિક જતન કરવા ૨.૫૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જે મંજુર કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિમાં મૂકાઇ છે. મહાત્મા ગાંધીએ આ શાળામાં અભ્યાસ કર્યો હતો અને બે દાયકા અગાઉ હેરીટેજ ઈમારત જાહેર કરાઈ હતી. ભૂકંપમાં પણ આ સ્કૂલને નુકસાન થયું હતું અને કર્ણાટક સરકારે પણ મદદ કરી હતી. તેના હેરીટેજ લુક અને મહત્વને જાળવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વોર્ડ નં.૭માં વિકાસ કામોની અન્ય દરખાસ્તો પણ આવી છે. આ વોર્ડમાં આવેલ અવંતિબાઈ લોધી કોમ્યુનિટી હોલના રીનોવેશન, શિક્ષણ સમિતિની ઓફિસમાં સ્ટાફ કવાર્ટર અને સ્ટાફ ઓફિસ, ભૂપેન્દ્ર રોડ પર વોર્ડ નં.૭-ક અને હાથીખાના પાસેની ૭-ડની નવી વોર્ડ ઓફિસ બનાવવા પણ મીટીંગમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

### વોર્ડ નં. ૪ માં રસ્તા-પેવીંગ બ્લોકના કામ માટે ૧૯.૧૦ કરોડ મંજુર

શહેરના વોર્ડ નં.૪માં વિકાસ જેટગતિએ થઇ રહ્યો છે. અનેક નવી સોસાયટીઓ બની છે. ત્યારે આનુસંગિક વિકાસ માટે જરૂરી એવા રોડના કરોડોના કામની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીની મીટીંગમાં મુકવામા આવી છે. વોર્ડ નં.૪માં શિવમપાર્ક, સુખસાગર, ગણેશનગર, હરસિધ્ધિ, સોખડા ચોકડીથી કુવાડવા રોડ પર ડામર પાથરવામા આવશે. જયારે અન્ય નવી બનતી સોસાયટીઓમાં મેટલ રોડ બનાવવાની દરખાસ્ત પણ મુકવામા આવેલી છે. આ ઉપરાંત સેટેલાઇટ ૮૦ ફૂટ રોડ પર ભગવતીપરામાં નંદનવન સોસાયટીની શેરીઓમાં, જય જવાન જય કિસાન રોડ, રાધામીરા મેઈન રોડની બન્ને બાજુ પેવીંગ બ્લોક નાખવાની દરખાસ્ત રજૂ થઇ હતી. નવો રોડ, મેટલ રોડ, ડામર રોડ, સીસી રોડ, પેવીંગ બ્લોક સહિત રસ્તા ડેવલપમેન્ટ માટે રૂ.૧૯ કરોડ ૧૦ લાખનો ખર્ચ સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે મંજૂર કર્યા હતા.

### ન્યારી ઝોનમાં 25 MLD ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ બનાવવા મંજૂરી

ન્યારી-૧ ડેમ આમતો સૌની યોજના સાથે જોડાયેલો છે એટલા માટે વધુ ચિંતાનો વિષય નથી. પણ ભવિષ્યના આગોતરા આયોજન અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ન્યૂ રાજકોટ માટે ખાસ કાલાવડ રોડ પર આત્મિય કોલેજ પાસે આવેલા ન્યારી ફિલ્ટર પ્લાન્ટમાં ૨૫ એમ.એલ.ડી.ક્ષમતાનો નવો ફિલ્ટર પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામા આવ્યુ છે. તેનો ખર્ચ મંજૂર કરવા અને કામ આપવા માટે આવેલી દરખાસ્તને ચેરમેન જયમીન ઠાકરે લીલીઝંડી આપી હતી.

**સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં ચેરમેન જયમીન ઠાકરની લીલીઝંડી**

# HCG હોસ્પિટલ પાછળ પાર્ટીપ્લોટ બનાવવા RMC ખર્ચશે ૪.૪૫ કરોડ

## રેસકોર્સ સંકુલમાં વધુ બે ટેનિસ કોર્ટનું 'ખાનગી કરણ'

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ કોર્પો. દ્વારા વેસ્ટ ઝોનમાં નવા રીંગ રોડ ટચ પાર્ટી પ્લોટ બનાવવાનું મંજૂર કરાયા બાદ હવે વોર્ડ નં.૨માં કમલમ કાર્યાલયના રસ્તે અને એચસીજી હોસ્પિટલ પાછળ પાર્ટી પ્લોટ બનાવવા કાર્યવાહી થઇ છે. આ પ્રોજેક્ટ માટે આજે રજૂ થયેલી દરખાસ્ત સ્ટેન્ડિંગ ચેરમેને મંજુર કરી હતી.

ટીપી-૯માં ૨૪ મીટર અને ૧૨ મીટરના રવિ કૃષ્ણ હાઇટસવાળા રોડને લાગુ ફાઇનલ પ્લોટ સી-૬માં પાર્ટી પ્લોટ ડેવલપ કરવા ટેન્ડર બહાર પડાયું હતું. ૩.૫૮ કરોડના ટેન્ડર સામે નરેન્દ્ર પટેલ એજન્સીએ ૫.૪૦ ટકા ઓન સાથે ભાવ આપતા જીએસટી સહિત ૪.૪૫ કરોડનો ખર્ચ કમીટીને યોગ્ય લાગ્યો છે. ખાનગી પાર્ટી પ્લોટ જેવો જ આ પ્લોટ બનશે. ધારાસભ્ય, ચેરમેન અને દંડકના વોર્ડમાં આ સુવિધા ટુંક સમયમાં મળે તેમ છે. જ્યારે રેસકોર્સના જુદા જુદા સ્પોર્ટસ સંકુલો કોચીંગ માટે ભાડે આપવાની દરખાસ્ત રજૂ થઇ છે. રેસકોર્સના છ ટેનીસ કોર્ટ કોચીંગ માટે ભાડે અપાયેલા છે. એકેડેમી તેનું સંચાલન કરે છે. આ સિવાય રેસકોર્સ સંકુલના અન્ય બે ટેનીસ કોર્ટ પણ ભાડે આપવા દરખાસ્ત થઇ છે.

કોર્પો.ના ટેનીસ કોર્ટ નેશનલ ગેમ રમી શકાય તેવા હોય છે. પરંતુ ત્યાં એકેડેમીની ફી પ્રાઇવેટ કલબ કરતા પણ વધુ હોવાની થોડા સમય પહેલા ફરિયાદ ઉઠતા પૂર્વ કમિશનરે ફીની પારદર્શકતા માટે ગેટ પર જ ફીના સ્પષ્ટ બોર્ડ મુકવા સૂચના આપી હતી.

જનરલ બોર્ડમાં પણ પ્રશ્ન ઉઠયો હતો કે પ્રજાના ખર્ચે બનેલી આવી સુવિધાનો શું પૈસાદાર લોકોના બાળકો જ લાભ લઇ શકશે? કારણ કે બોર્ડમાં, વાતચીતમાં અને તે સિવાયની ફી પણ જુદી હોય છે! સંસ્થા કેટલી ફી લે છે તે કયારેય જગ્યાની માલિક સરકારી સંસ્થા કોર્પો.એ જાહેર કર્યુ નથી.

# રૂડાની કાલાવડ રોડ આવાસ યોજનાના ૧૦ લાભાર્થીના ફ્લેટ રદ

## વારંવાર ટકોર કરવા છતાં દસ્તાવેજ ભાડા કરાર કરતા ન હતાં



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કાલાવડ રોડ ખાતે બનાવવામાં આવેલ EWS-I પ્રકારના આવાસમાં આજદિન સુધી દસ્તાવેજ/ભાડા કરાર ન કરાવેલ હોય તેવા ૧૦ આવાસ રદ કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS-I પ્રકારના ટી.પી.૯ એફ.પી.૯/એ,એકલવ્ય હાઉસિંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી, સાંજા ચુલા હોટલની પાછળ, કાલાવડ રોડ, રાજકોટ, ખાતે આવાસો આવાસધારકોને ફાળવેલ છે. તે આવાસોના દસ્તાવેજ/ભાડા કરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થીશ્રીઓને વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી આવાસધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી. સદરહું બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસધારકોનાં આવાસો રદ કરવામાં આવે છે. તેવા એફ ૧૦૨ ૮૦૬ એચ ૮૦૫ આઈ ૧૨ ૪૦૫ જે ૨૦૪ ૨૦૬ ૬૦૫ કે ૫૦૨ ૭૦૨ ને રદ્દ કરવામાં આવેલ છે આ બાબતે કોઈપણ પ્રકારનાં વાંધાવચકા હોય તો દિન-૭ માં અત્રેની કચેરીમાં કામકાજનાં સમય દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવો.

**CETPના ડાયરેક્ટર ભૂપતભાઈ બોદર સહિતનાની ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્રમ**

# કાળીપાટમાં વૃક્ષારોપણ દરમિયાન સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા પ્રતિજ્ઞા

**સમય મિરર | રાજકોટ**



જય ખોડિયાર એન્વાયરો પ્રાઈવેટ લિમિટેડ કાળીપાટ(રાજકોટ) ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા ની અધ્યક્ષતામાં અને CETP ના ડાયરેક્ટરો ભૂપતભાઇ બોદર અને જગદીશભાઈ બોદર ના સઘન પ્રયાસોથી રાજકોટ ઇલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશન ના હોદેદારો અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓ ની ઉપસ્થિતિમાં વળક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વૃક્ષો નો જતનપૂર્વક ઉછેર અને સંવર્ધન કરવા માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ બંધ કરી ને કપડાની થેલી નો ઉપયોગ કરવા માટે ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા પ્રતિજ્ઞા લઈ સંકલ્પ કરવામાં આવ્યો હતો. ગુજરાતને સતત પ્રગતિના પંથે અગ્રેસર રાખવું હશે તો આપણે સહુએ પર્યાવરણની જાળવણી અને રક્ષણ કરતાં શીખવું પડશે તેમ અંતમાં ડાયરેક્ટર ભુપત બોદરે જણાવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશનના પ્રમુખ સંજયભાઈ શર્મા તથા હોદેદારો સુરેશભાઈ મામતોરા ,સંજયભાઈ મહેતા, સુરેશભાઈ શાહ, તુષારભાઈ શાહ, વિરલભાઈ તલસાણીયા, દીપકભાઈ શાહ રમેશભાઈ રામોલિયા,પરેશભાઈ સાવંત તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના માનસીબેન થાનકી, રાધિકાબેન ચુડાસમા અને CEPT ના મનોજભાઈ ચૌહાણ અને ભાવેશભાઈ અગ્રાવત અને ધર્મેશભાઈ આસોદરીયા, સીટી પટેલ, નિલેશ ખૂંટ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રીલેખ



# કડીની પેટા ચૂંટણીમાં નીતિન પટેલ અને જિજ્ઞેશ મેવાણી મહત્વની ભૂમિકા ભજવશે

કેન્દ્રીય ચૂંટણીપંચે ગુજરાત વિધાનસભાની કડી અને વીસાવદર બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરી દીધી છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપત ભાયાણીના રાજીનામા બાદ વીસાવદરની બેઠક ખાલી પડી હતી, જ્યારે કડીમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય કરસન સોલંકીનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી. ગુજરાતની આ બંને બેઠકો માટે ૧૯મી જૂનના રોજ મતદાન થશે અને ૨૩મી જૂનના રોજ મતગણતરી યોજાશે. કડીનું રાજકીય ગણિત આમ તો ભાજપ અને કોંગ્રેસ એમ બંને માટે લગભગ સરખું રહ્યું છે. ગુજરાત રાજ્ય બન્યું તે પહેલાં મુંબઈ રાજ્ય વખતની બે વિધાનસભાની ચૂંટણીમાં બે અપક્ષ ધારાસભ્યો કડીથી જીત્યા હતા. ગુજરાત રાજ્ય બન્યા બાદ ૬ વખત કોંગ્રેસ, જનસંઘ અને સ્વતંત્ર પાર્ટી એક-એક તથા ભાજપે છ વખત આ બેઠક પ્રાપ્ત કરી છે.

ચૂંટણીપંચ પ્રમાણે કડી વિધાનસભા મતવિસ્તારમાં ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી કરતાં માત્ર ૩૭૬ મતદારોનો વધારો થયો છે. જેમાં ૧૫૨ પુરુષો તથા ૨૨૪ મહિલા મતદારોનો વધારો થયો છે. કડીમાં કુલ ૧,૪૯,૭૧૯ પુરુષ મતદાર જ્યારે ૧,૪૦,૦૨૩ મહિલા મતદારો થતા ત્રીજી જાતિના ચાર એમ કુલ મળીને ૨,૮૯,૭૪૬ મતદારો છે.આમ તો કડી પાટીદારોનો ગઢ ગણાય છે. ઠાકોર મતદાતા પણ સારી એવી સંખ્યામાં છે. મુસ્લિમ વોટરો પણ દસેક ટકાની પાસે છે. ઓબીસી મતદારો પણ ખાસ્સી એવી સંખ્યામાં છે. પણ છે. ઉપરાંત એસસી મતદારો લગભગ ૨૦ ટકા છે.

૨૦૨૨ની ચૂંટણીમાં કડીથી ભાજપે ફરીથી કરસનભાઈ સોલંકીને ઉતાર્યા. તેઓ કોંગ્રેસના પ્રવીણ પરમારને હરાવીને વિજેતા બન્યા. હવે ૨૦૨૫માં કરસનભાઈ સોલંકીના અવસાન થવાને કારણે કડીની પેટાચૂંટણી જાહેર થઈ છે. વર્ષ ૨૦૨૨માં કડીની વિધાનસભા બેઠકની ચૂંટણી દરમિયાન ભાજપે તેના ધારાસભ્ય કરસન સોલંકીને રિપીટ કર્યા હતા. તેઓ ૨૦૨૨માં ફરી ચૂંટાઈ આવ્યા હતા, પરંતુ ફેબ્રુઆરી મહિનામાં તેમનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી.

વર્ષ ૨૦૧૭માં રાજ્યભરમાં ભાજપ માટે કપરાં ચઢાણ હતાં ત્યારે કરસન સોલંકી આ બેઠક પરથી ભાજપની ટિકિટ પર જીતાઈ આવ્યા હતા. પુનઃસીમાંકન બાદ આ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત જાહેર થઈ તે પહેલાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ આ બેઠક પરથી ભાજપનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. વિધાનસભાની ગત ચૂંટણીમાં ભાજપના આ દિગ્ગજ નેતા નીતિન પટેલને ટિકિટ નહોતી આપવામાં આવી, જેને કારણે આ વખતે પેટાચૂંટણીમાં તેમની સક્રિયતા અંગે ચર્ચા થવા લાગી છે. તો કડી બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના નામને લઈને પણ ચર્ચા છે, કારણ કે જિજ્ઞેશ મેવાણીએ કડીમાં કોંગ્રેસના 'ચૂંટણીના ઇન્ચાર્જ બનવાની ના પાડી' હોવાનું જાણવા મળ્યું છે. કોંગ્રેસ અને આપનું ગઠબંધન પણ તૂટી ગયું છે જેથી આ પેટાચૂંટણી ત્રિપાંખિયો જંગ બને તેવી શક્યતા છે. ત્રણેય પક્ષો દાવો કરી રહ્યા છે કે આ બેઠક પરથી જીત તેમના પાર્ટીના ઉમેદવારની જીત થશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા કડી વિધાનસભાની પેટાચૂંટણી માટે પ્રભારીની જાહેરાત કરવામાં આવી હતી.

કડીમાં દલિત મતદારોનું પ્રભુત્વ હોવાને કારણે કોંગ્રેસે કડીની જવાબદારી બનાસકાંઠાનાં સાંસદ ગેનીબહેન ઠાકોર, વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી, પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ તથા માલધારી સમાજમાંથી આવતા કોંગ્રેસ નેતા રઘુ દેસાઈને સોંપી હતી. જોકે કોંગ્રેસનાં સૂત્રો જણાવે છે કે જિજ્ઞેશ મેવાણીએ કડીની પેટાચૂંટણીમાં કોંગ્રેસના 'પ્રભારી બનવાની ના પાડી' દીધી છે. જિજ્ઞેશ મેવાણીએ અમરેલીમાં એક દલિતની હત્યા મામલે કોંગ્રેસની નેતાગીરી સામે સવાલો કર્યા હતા. તેમણે કેટલીક યૂટ્યૂબ ચેનલને ઇન્ટરવ્યૂ આપતા જણાવ્યું હતું કે 'દલિતોના અત્યાચાર મામલે કોંગ્રેસ અવાજ ઉઠાવવામાં નિષ્ફળ રહી છે.' કોંગ્રેસનાં સૂત્રો કહે કે આ જ કારણોને લઈને તેમણે કડીની પેટાચૂંટણીમાં પ્રભારી બનવાની ના પાડી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમણે આ બધાને લઈને મોવડીમંડળને ફરિયાદ પણ કરી છે. જોકે, આ વિશે કોંગ્રેસના કોઈ પણ નેતા સ્પષ્ટ પણે બોલવા તૈયાર નથી. પરંતુ મેવાણીએ એક યૂટ્યૂબ ચેનલને ઇન્ટરવ્યૂ આપતા જણાવ્યું હતું કે ''અમરેલીમાં જ્યારે પાયલ ગોટીના માનવાધિકારનો ભંગ થયો ત્યારે કોંગ્રેસી નેતાઓ મેદાનમાં આવી ગયા પણ જ્યારે એ જ અમરેલીમાં એક દલિતનું ખૂન થયું ત્યારે તેઓ ગાયબ છે.'' ''મારે ગંભીરપૂર્વક પૂછવું છે કે પાર્ટી ક્યાં છે? દલિત સાથે અત્યાચાર થાય કે અન્યાય થાય ત્યારે પાર્ટીએ સ્ટેન્ડ લેવું જ પડે. આ એકલા જિજ્ઞેશ મેવાણીની જ જવાબદારી નથી. જ્યાં સુધી આ ફૂટેલી કારતૂસોને અને ભાજપ સાથેના સેટિંગબાજોને કાઢી નહીં મૂકે ત્યાં સુધી આવું જ ચાલશે.''

તેમણે રાહુલ ગાંધીએ અગાઉ ગુજરાતમાં આપેલા એક કટાક્ષભર્યા નિવેદનને પણ ટાક્યું. તેમણે કહ્યું, ''ગુજરાતમાં જ્યાં સુધી લગ્નના ઘોડાને અલગ નહીં કરવામાં આવે ત્યાં સુધી બધું આવું જ ચાલશે.'' ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ અગાઉ ગુજરાતમાં એક સંમેલનમાં કહ્યું હતું કે ગુજરાત કોંગ્રેસમાં દોડનારા ઘોડા જુદા છે અને લગ્નના ઘોડા જુદા છે. આ મામલે કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું, ''પેટાચૂંટણીમાં પ્રભારી તરીકેનું કામ સંપૂર્ણ સમય માગી લે છે. મારો અંદાજ છે કે તેમને અગાઉથી નિર્ધારિત કાર્યક્રમો હશે તેને કારણે તેઓ સમય ન આપી શકે તેવી સંભાવનાને ધ્યાને રાખીને તેમણે ના પાડી હશે. બાકી તેનો બીજો કોઈ અર્થ નથી.'' ગુજરાત ભાજપના પ્રવક્તા યજ્ઞેશ દવે જણાવે છે, ''વિવાદ ન થાય તો તેનું નામ કોંગ્રેસ નહીં. જે જિજ્ઞેશ મેવાણી બધી જગ્યાએ એવો પ્રચાર કરતા હોય કે કોંગ્રેસ ગુજરાતમાં બધે જીતવાની છે. તેમણે જ્યારે કડીની પેટાચૂંટણીમાં પ્રભારી બનવાની ના પાડી છે તે બતાડે છે કે કોંગ્રેસે પહેલેથી જ હાર માની લીધી છે.'' આમ આદમી પાર્ટીના કડી વિધાનસભાની પેટાચૂંટણીના નિરીક્ષક જયદીપસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ''જિજ્ઞેશ મેવાણીએ દલિત સમાજની પીડાનો અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ કોંગ્રેસને તેની પડી જ નથી. એનો અર્થ એ થાય છે કે કોંગ્રેસ સામાન્ય લોકો માટે નથી. તેમને હારનો ડર સતાવી રહ્યો છે.'' ''મેવાણીના વિવાદની અસર આ પેટાચૂંટણી પર બહુ અસર નહીં થાય. જૂથબંધી બંને પક્ષોમાં છે. કોંગ્રેસની જૂથબંધી ફ્લોર પર દેખાય છે જ્યારે ભાજપની જૂથબંધી ફ્લોર પર દેખાતી નથી. હાલ, ભાજપનો હાથ ઉપર છે, કારણ કે વલણ એ રહ્યું છે કે પેટાચૂંટણીમાં સત્તાપક્ષની તરફેણમાં પરિણામ આવે છે.''

# પાકિસ્તાનના કબ્જા હેઠળનું કાશ્મીર પરત લેવા માટે તખ્તો ઘડાઈ રહ્યો છે

## છેલ્લા ૧૦ દિવસમાં વડાપ્રધાન મોદી, રક્ષામંત્રી રાજનાથસિંઘ અને છેલ્લે જગદગુરૂ રામભદ્રાચાર્યએ પણ POKનો કરેલો ઉલ્લેખ કંઈક મોટું થવાના શુભ સંકેત તરફ ઈશારો કરી રહ્યા છે







જો સ્વતંત્રતા સમયે જમ્મુ-કાશ્મીરના રાજા હરિ સિંહે અલગ રહેવાની વાત ન કરી હોત તો કાશ્મીરનો આ ભાગ પાકિસ્તાનના કબજામાં ન ગયો હોત. POK ની રચનાની વાર્તા શરૂ થાય છે વર્ષ ૧૯૪૭ માં ભાગલાના થોડા દિવસો પછી. ૧૯૪૭ નો તે સમય જ્યારે હરિ સિંહ જમ્મુ-કાશ્મીરના રાજા હતા. ૧૨ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ હરિ સિંહે નિર્ણય લીધો કે તેઓ ન તો ભારત સાથે રહેશે અને ન તો પાકિસ્તાન સાથે. તેમણે જમ્મુ-કાશ્મીરને સ્વતંત્ર રાખ્યું. પરંતુ થોડા દિવસો પછી, પાકિસ્તાની સેનાએ આદિવાસીઓની આડમાં કાશ્મીરમાં ઘૂસણખોરી કરી. ૨૨ ઓક્ટોબર ૧૯૪૭ - જ્યારે પાકિસ્તાની આદિવાસીઓ ટ્રકો ભરીને કાશ્મીરમાં ઘૂસ્યા હતા. ૨૩ ઓક્ટોબરના રોજ, પાકિસ્તાની આદિવાસીઓએ લૂંટફાટ અને હિંસા આચરતા જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગો પર કબજો કરવાનું શરૂ કરી દીધું હતું. ૨૪ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ, મહારાજા હરિ સિંહે ભારત પાસે લશ્કરી મદદ માંગી. આદિવાસી લોકો શ્રીનગર તરફ આગળ વધી રહ્યા હતા. ૨૫ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ, ભારત સરકારે હરિ સિંહને ભારતમાં સામેલ થવા માટે વિલયપત્ર પર હસ્તાક્ષર કરવા કહ્યું. બીજી તરફ, પાકિસ્તાની સેના આદિવાસી લોકો સાથે ખુલ્લેઆમ કાશ્મીરમાં ઘૂસી ચુકી હતી.

૨૬ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ, મહારાજા હરિ સિંહ શ્રીનગરથી જમ્મુ આવ્યા અને તે દિવસે તેમણે ભારતમાં વિલીનીકરણની જાહેરાત કરી. ૨૭ ઓક્ટોબર ૧૯૪૭ ના રોજ, ભારતીય સેના શ્રીનગર પહોંચી અને પછી મોરચો સંભાળી લીધો.

**પ્રસંગ રંગ** - પી.એન.જાડેજા

૧ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ, ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. ૧ જાન્યુઆરી ૧૯૪૯ ના રોજ યુદ્ધવિરામ થયો.

જે ભાગ ભારતના હિસ્સામાં હતો તે ભારત પાસે જ રહ્યો અને જે ભાગ પર પાકિસ્તાને કબજો કર્યો તે પાકિસ્તાન પાસે ગયો. ૨૦૧૪ માં દેશમાં સત્તામાં આવ્યા પછી, ભાજપ વારંવાર કહી રહ્યું છે કે તે POK પાછું લાવશે અને પાછલી સરકારે ક્યાં ભૂલ કરી હતી તે યાદ અપાવી રહ્યું છે. POK વિશે દેશની લાગણીઓ શું છે એની તસ્વીર એના દ્વારા સમજીએ કે જે મધ્યપ્રદેશના સતનાથી આવી. જ્યારે આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદી તેમની પત્ની સાથે જગદગુરુ રામભદ્રાચાર્યને મળવા ચિત્રકૂટ પહોંચ્યા, ત્યારે દીક્ષા આપ્યા પછી, જગદગુરુએ આર્મી ચીફ પાસેથી ગુરુ દક્ષિણામાં POK માંગી લીધું.

આર્મી ચીફે વચન આપ્યું કે ગુરુ દક્ષિણા જરૂર મળશે. POK પાછું લાવવાનો પ્રસ્તાવ ભારતની સંસદમાં પસાર થઈ ગયો છે અને POKની વાપસીની રૂપરેખા મોદી સરકારના તાજેતરના નિવેદનોમાંથી પણ સામે આવી રહી છે. હવે કદાચ એવો સવાલ ઉભો થાય છે કે POK પોતાની મેળે કેમ પાછું આવશે? અને જો તેને પોતાની મેળે જ પાછું આવવાનું હતું, તો આટલા વર્ષો વીતી ગયા... ત્યારે કેમ ન આવ્યું? તો આનો જવાબ એ છે કે પીઓકેની સ્થિતિ દિવસેને દિવસે ખરાબ થઈ રહી છે અને પાકિસ્તાન સરકાર સામે ત્યાંની જનતામાં રોષ છે. પાકિસ્તાનની સેના અને સરકાર પીઓકેનો ઉપયોગ આતંકના અડ્ડા તરીકે કરે છે. ઓપરેશન સિંદૂરમાં લશ્કર અને જૈશના મોટાભાગના આતંકવાદી ઠેકાણાઓ પીઓકેમાં હતા.

પહેલગામ હુમલા અને બદલો લેવા માટે કરાયેલા ઓપરેશન સિંદૂર પછી, ફરી PoKનો સૂર ઉઠવા લાગ્યો છે. એ દુઃખ યાદ અપાવી દીધું કે જે કાશ્મીરના એક હિસ્સા પર પાકિસ્તાનના કબજા બાદ દરેક ભારતીયના દિલમાં છે. પરંતુ હવે રક્ષા મંત્રી રાજનાથ સિંહે જે કહ્યું એ અનુસાર POKમાં જાતે જ ભારતમાં સામેલ થવાનો અવાજ થશે. પીઓકે પોતે કહેશે કે તે ભારતનો અભિન્ન ભાગ છે અને તેમાં સામેલ થઈને રહેશે. તો આ નિવેદન પછી, શું આપણે એવું માની લઈએ કે પીઓકે યુદ્ધથી નહીં પણ વાતચીત દ્વારા દેશને પાછું મળશે અને જો આવું થાય છે, તો તે કેવી રીતે અને શા માટે થશે.

દેશની સરકાર હોય, વિરોધ પક્ષો હોય કે ભારતનો સામાન્ય નાગરિક હોય, દરેકના હૃદયમાં પાકિસ્તાન દ્વારા કાશ્મીરના એક ભાગ પર કબજો કરવાનો દુખાવો છે. ગિલગિટ બાલ્ટિસ્તાનથી લઈને હુન્ઝા ખીણની ભારત પાછા આવવાની રાહ હજુ પણ ચાલુ છે. હવે સવાલ એ છે કે શું પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને પાછું લાવવું એ સરકારનો ફક્ત એક ડાયલોગ છે કે પછી તેને ખરેખર પાછું લાવવા માટે જમીન તૈયાર કરવામાં આવી રહી છે? દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહના નિવેદનથી કેટલાક જવાબો મળ્યા છે અને કેટલાક સવાલ પણ ઉભા થયા છે.

રક્ષા મંત્રી સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહી રહ્યા છે કે તેઓ ઘણું બધું કરી શક્યા હોત, પરંતુ શક્તિની સાથે સંયમનો માર્ગ પસંદ કર્યો, તો શું રક્ષા મંત્રીનો ઈશારો POK તરફ છે. શું આનો અર્થ એ કાઢવામાં આવે કે જ્યારે પહેલગામ હુમલા પછી પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરથી જવાબ આપવામાં આવ્યો, ત્યારે શક્તિના ઉપયોગથી POK પ્રાપ્ત કરી શકાયું હોત, પરંતુ દેશે સંયમનો માર્ગ પસંદ કર્યો, કારણ કે રક્ષા મંત્રી કહી રહ્યા છે કે વાત તો હવે માત્ર POK પર થશે.

આનાથી એવો મેસેજ સ્પષ્ટ છે, હવે કૂટનીતિ દ્વારા POK પાછું લાવવાની તૈયારી છે અને રક્ષા મંત્રીએ તો એમ પણ કહ્યું કે POK ભારત અને જમ્મુ-કાશ્મીરના વિકાસને જોઈને પોતાનો અવાજ ઉઠાવશે અને કહેશે કે હું ભારતનો ભાગ છું અને ભારતમાં સામેલ રહીશ. આ નિવેદન કોઈ સામાન્ય નેતાનું નથી, પરંતુ દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહનું છે જે અત્યંત ગંભીરતાથી પોતાના વિચારો રજૂ કરવા માટે જાણીતા છે. અહીંથી એ સવાલ ઉભો થાય છે કે શું POK ખરેખર પોતાની મેળે પાછું આવશે? પણ આ કેવી રીતે થશે? અને એવું નથી કે ફક્ત રક્ષા મંત્રીએ જ આ નિવેદન આપ્યું છે. ૧૦ દિવસમાં, પીએમ મોદીએ પણ બે વાર પીઓકેનો ઉલ્લેખ કર્યો છે. વારંવાર હુંઉંનો ઉલ્લેખ કરવો અને પાકિસ્તાનને POK વિશે વાત કરવા માટે મજબૂર કરી દેવું. શું આ બાબતો દેશની બદલાયેલી નીતિ તરફ ઈશારો કરે છે, કારણ કે POK પાછું લાવવાના ફક્ત બે જ રસ્તા છે. પહેલો રસ્તો વાતચીત દ્વારા છે અને બીજો રસ્તો યુદ્ધ દ્વારા છે. મોદી અને રક્ષા મંત્રીના નિવેદનોથી સ્પષ્ટ થાય છે કે પાકિસ્તાનને POK વિશે વાત કરવા અને POK પરનો પોતાનો દાવો છોડીને તેને ભારતને સોંપવા માટે મજબૂર થવું પડશે. પણ શું આટલું સરળ છે? ૭ વર્ષ પહેલાં ૨૦૧૯ માં, જ્યારે ગૃહમંત્રી અમિત શાહે દેશની સંસદમાં ઉભા રહીને POK વિશે આ નિવેદન આપ્યું હતું, ત્યારે એવું લાગતું હતું કે તેમણે આખા દેશની લાગણીઓ ઠાલવી દીધી હતી. ગૃહમંત્રીએ બિલકુલ સાચું કહ્યું હતું કારણ કે POK ફક્ત જમીનનો ટુકડો નથી પરંતુ તે ભારતનો તાજ છે. ગિલગિટથી બાલ્ટિસ્તાન સુધી, જમીન પરનું આ સ્વર્ગ અખંડ ભારતને પૂર્ણ કરે છે. પાકિસ્તાને કાશ્મીરના જે ભાગ પર કબજે કર્યો છે તેને ત્રણ ભાગમાં વહેંચી દીધો છે. એક ભાગ જે પાકિસ્તાન થઈને ચીનના કબજામાં ગયો છે તેને અક્સાઈ ચીન તરીકે ઓળખવામાં આવે છે. બીજો ભાગ ગિલગિટ બાલ્ટિસ્તાન છે અને બાકીનો ત્રીજો ભાગ POK છે. પાકિસ્તાને તેના કબજા હેઠળના કાશ્મીરનો ૫ હજાર ૧૮૦ ચોરસ કિલોમીટર વિસ્તાર ચીનને આપી દીધો છે. બીજા ભાગ એટલે કે ગિલગિટમાં ૧૪ જિલ્લા છે, બાકીના ભાગ જે હુંઉં છે તેમાં ૧૦ જિલ્લા છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં દરેક ખૂણામાં વિરોધના અવાજો સંભળાય છે. પીઓકેમાં મુઝફ્ફરાબાદ, નીલમ ખીણ, મીરપુર અને કોટલી જેવા વિસ્તારો આવે છે. જે જોવામાં ખૂબ જ સુંદર છે પરંતુ પાકિસ્તાને પોતાના ફાયદા માટે આ ભાગને ખૂબ જ કદરૂપો રાખ્યો છે. મીરપુરથી ભીમ્બર ખીણ સુધી રહેતા લોકો પાકિસ્તાનના ચુંગાલમાંથી મુક્ત થવા માંગે છે અને શ્રીનગર, સોનમર્ગ અને ગુલમર્ગનું જીવન જીવવા માંગે છે.

જમ્મુ-કાશ્મીર વિકાસની નવી ઉડાન ભરી રહ્યું છે જ્યાં રોજગારથી લઈને માળખાગત સુવિધાઓ સુધીનો મજબૂત પાયો નાખવામાં આવી રહ્યો છે. શાળાઓથી લઈને હોસ્પિટલો સુધી, બધું જ બનાવવામાં આવી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરની GDP 2.20,204 કરોડ છે જ્યારે POKની GDP આપણા એક તૃતીયાંશ એટલે કે ૭૭ હજાર ૭૨૩ કરોડ છે. જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે ૧ લાખ ૬ હજાર ૬૪૧ કરોડનું બજેટ રાખવામાં આવ્યું છે જ્યારે POK માટે તે ૭ હજાર ૯૨૧ કરોડ છે. જમ્મુ-કાશ્મીરમાં ૩૫ કોલેજો અને યુનિવર્સિટીઓ છે જ્યારે POKમાં ફક્ત ૬ છે અને આ ફક્ત એક ઝલક છે, આવા ઘણા પરિમાણો છે જ્યાં પાકિસ્તાન કબજા હેઠળનું કાશ્મીર જમ્મુ-કાશ્મીરની સામે ક્યાંય ટકી શકતું નથી.

જમ્મુ-કાશ્મીરનો કુલ વિસ્તાર ૨ લાખ ૨૨ હજાર ૨૩૬ ચોરસ કિલોમીટર છે.

ભારત પાસે હાલમાં ૧ લાખ ૧ હજાર ૩૮૭ ચોરસ કિલોમીટર છે. જ્યારે પાકિસ્તાન પાસે ૭૮ હજાર ૧૧૪ ચોરસ કિલોમીટર અને ચીન પાસે ૪૨ હજાર ૭૩૫ ચોરસ કિલોમીટરનો વિસ્તાર છે.

આનો અર્થ એ થયો કે જેટલો ભાગ ભારત પાસે છે એના કરતા ચીન અને પાકિસ્તાનના કબજામાં છે અને તેના દ્વારા શું થાય છે એ જુઓ. પાકિસ્તાને POKનો મોટો ભાગ ચીનને સોંપી દીધો છે અને આ દ્વારા ચીન પાકિસ્તાનમાં પોતાના પગ ફેલાવી રહ્યું છે. તે સડક માર્ગ દ્વારા એક નવો રસ્તો બનાવી રહ્યું છે. ચીન ગિલગિટ દ્વારા પાકિસ્તાનમાં ઘૂસ્યું છે. અને ભારતને પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરે છે. પાકિસ્તાન અને ચીનના જોડાણ પાછળ આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ કારણ છે. હવે સમજો કે જો POK ભારતનો ભાગ બની ગયું તો શું થશે. જો POK ભારતમાં સામેલ થઈ જાય છે, તો કાશ્મીર ઘાટીમાં થઈ રહેલી તમામ પ્રકારની અલગતાવાદ, આતંકવાદ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓનો અંત આવશે.

જો POK ભારતમાં સામેલ થાય છે, તો દેશના બે દુશ્મનો નબળા પડી જશે કારણ કે પાકિસ્તાન અને ચીન વચ્ચેનો સંપર્ક તૂટી જશે, જેઓ POK દ્વારા એકબીજાના સાથી બનેલા છે. જો POK મળી ગયું તો ભારતની સરહદો સીધી અફઘાનિસ્તાન સાથે જોડાઈ જશે.

# ભારતનું એકમાત્ર મંદિર, જ્યાં ભક્ત કરે છે મૃત્યુની માંગ!






ધાર્મિક નગરી ઉજ્જૈનના કણ-કણમાં શિવનો વાસ છે. અહીં ઘણા એવા મંદિરો છે કે જેનું વિશેષ મહત્ત્વ છે. આપણે ઘણીવાર મંદિરોમાં રોગથી પીડિત વ્યક્તિને સ્વાસ્થ્ય માટે અથવા લાંબા આયુષ્ય માટે આશીર્વાદ માંગતા લોકોને જોયા અને સાંભળ્યા હશે. પરંતુ, ઉજ્જૈનમાં એક મંદિર છે જ્યાં લોકો મૃત્યુ માટે આશીર્વાદ માંગે છે. આ માટે, વ્યક્તિના નામનો દીવો પ્રગટાવવો પડે છે. એવું માનવામાં આવે છે કે ૨૪ કલાકમાં તે વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. ઉજ્જૈનના આ પ્રખ્યાત મંદિરનો મહિમા આશ્ચર્યજનક છે.

આ મંદિર શિપ્રા નદીના રામ ઘાટ પર છે. તેનું નામ ધર્મરાજ અને ચિત્રગુપ્ત મંદિર છે. કારણ કે, અહીં ધર્મરાજ અને ચિત્રગુપ્ત બંને દેવતાઓ બિરાજમાન છે. આ મંદિર ખૂબ પ્રખ્યાત છે. દરરોજ સાંજે સેંકડો ભક્તો અહીં દર્શન કરવા આવે છે. અહીંના એક પંડિતે જણાવ્યું કે જીવ-જંતુ અથવા મનુષ્ય શારીરિક પીડાને કારણે જીવન અને મૃત્યુ વચ્ચે સંઘર્ષ કરે છે. એવામાં ભક્તો અહીં તેમની રક્ષા માટે અથવા મોક્ષ પ્રાપ્તિ માટે પૂજા કરાવવા આવે છે. પૂજા કર્યા પછી, ૨૪ કલાકમાં પરિણામ આવી જાય છે.

આ દીવાથી દેવતાઓ થશે પ્રસન્ન!

તેમણે વધુમાં જણાવ્યું કે મંદિરમાં પૂજા કરવાથી ઘણા લોકોને લાભ પણ થયો છે. ઘીનો દીવો ધર્મરાજ અને ચિત્રગુપ્તને પ્રસન્ન કરે છે. અહીં ઘીનો દીવો પ્રગટાવવાની માન્યતા છે. જે વ્યક્તિ શારીરિક કષ્ટથી પીડાઈ રહી છે અને સ્વસ્થ થવા માંગે છે અથવા મોક્ષ મેળવવા માંગે છે, તે અહીં ઘીનો દીવો પ્રગટાવે છે. આનાથી પીડા દૂર થાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે. અહીં દરરોજ હજારો ભક્તો આવે છે. ઉત્તરવાહિની શિપ્રા નદીના કિનારે આવેલું ધર્મરાજ મંદિર હજારો લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. અહીં દર્શન કરવાથી અકાળ મૃત્યુના ભયમાંથી મુક્તિ મળે છે.

**પૂજા કર્યાના ૨૪ કલાકમાં જ મળે છે પોઝિટિવ પરિણામ**

ખૂબ જ પ્રાચીન મંદિર,: માહિતી અનુસાર, કર્કવૃત્ત મંદિરની ઉપરથી પસાર થાય છે, તેથી આ મંદિરનું વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે. છેલ્લા ૪૦૦ વર્ષથી મંદિરમાં પૂજા થતી આવી છે. ૧૭૦૨ માં પણ અહીં પૂજા થતી હોવાના પુરાવા છે. દેશભરમાંથી ભક્તો રોગોથી મુક્તિ મેળવવા માટે અહીં આવે છે. અહીં દરરોજ ઘણા ભક્તો દર્શન કરવા આવે છે. રામ ઘાટ પર શિપ્રામાં સ્નાન કર્યા પછી, ભક્તો મંદિરમાં પ્રાર્થના કરે છે.

# અસંખ્ય રોગોનો અકસીર ઈલાજ, ફળોમાં અત્યંત ગુણકારી 'રાવણાં'



પ્રવર્તમાન ઉનાળાની કાળઝાળ ગરમીમાં અત્યારે ઠંડકવાળા અને ગુણાકારી ફળોની બોલબાલા છે. સંતરા, મૌસંબી, કેરી, તડબુચ, ટેટી જેવા વિવિધ ફળો આપણે મોજથી આરોગીએ છીએ. ઉનાળામાં આમ જોવા તો ફળોના રાજા 'કેરી'નું આગમન થાય એટલે બધા ફળો રજા લઈ લે છે પણ કેટલાક ગુણકારી ફળો ખાવાથી શરીરનાં ઘણા રોગ મટાડે છે તેમાં 'રાવણા જાંબુ' નો નંબર પણ આવે છે. ગરમીમાં થતાં વિવિધ દર્દો સાથે ડાયાબિટીસના દર્દીઓ માટે રાવણા જાંબુ ઉત્તમ ફાયદાકારક ફળ છે. જાંબુમાં ઔષધિય ગુણો છે સાથે તે પારંપરિક ઔષધ પણ છે. અ ફળની દરેક વસ્તુ ખુબ જ ઉપયોગી છે જેમ કે છાલ, ગર્ભ સાથે ઠળીયા પણ ગુણકારી છે. તેના ઠળિયામાંથી જામ્બોલીન નામનું તત્વ મળે છે. જે સ્ટાર્ચને શર્કરામાં બદલતા રોકે છે. તેના ઠળિયાનું ચૂર્ણ બનાવીને પાણી સાથે પીવાથી યુરીનમાં શુગરની માત્રા ઘટી જાય છે.

ભુખ્યા પેટે કે ઉપવાસ દરમ્યાન જાંબુનું સેવન ટાળવું સાથે ગાયકો અને વકતાઓ પણ તેનું સેવન ન કરવું તેનાથી સ્વરપેટીને નુકશાન થાય છે. શરીરમાં સોજો હોય કે માસિકના દિવસો દરમિયાન અથર્વા ગર્ભ ધારણ કરેલ સ્ત્રીએ આ જાંબુનું સેવન કરવું, ડાયાબીટીસ ઉપરાંત નસકોરી ફૂટવી, સ્ત્રીઓને શ્વેત પ્રદરની સમસ્યા, નાના બાળકોને કૃષિ, કાનમાં રસી નીકળતા કે દુખાવો રહેતો હોય વારંવાર થતા ઝાડા અને જુના મરડામાં આ જાંબુ ખુબ જ ગુણકારી છે.

રાવણા જાંબુ ફળ જંગલમાં થાય છે, અને ખુબ જ સસ્તા હોય છે. જાંબુ સ્વાદ ખટમીઠા હોવાથી બાળથી મોટેરાને પસંદ પડે છે. જો બાળક પથારીમાં પેશાબ કરી લેતું હોય તો ઠળિયાને પીસીને રોજ એક ચમચી પીવડાવો તો સમસ્યા દુર થશે. પેટની સમસ્યા રહેતી હોય કે પેટ સાફ ન આવતું હોય તો જાંબુના રસમાં યોગ્ય પ્રમાણમાં મીઠું ભેળવીને સેવન કરવાથી પેટ સાફ ને તમે સ્વસ્થ રહ્યો છો. જાંબુથી ખોરાક ખુબ જ જલ્દી પચી જાય છે, અને ભૂખ ન લાગવાની સમસ્યા દૂર થાય છે. ઘણી બધી બિમારીઓ આ નાનકડા મીઠડા જાંબુ ખાવાથી જ દૂર થઈ જાય છે. જાંબુને ઉષ્ણ કટિબંધ અને સમશીતોષણ કટિબંધમાં સારી રીતે ઉગાડી શકાય છે. તેના વૃક્ષને ફૂલ આવતી વખતે અને ફળ બેસતી વખતે સુકા હવામાનની જરુર પડે છે. જાંબુના ઝાડ અતિવૃષ્ટિ અને દુષ્કાળ સામે પ્રતિકારક શકિત ધરાવે છે. જાંબુના ઝાડમાં બે વારફૂલ આવે પણ આપણાં હવામાન મુજબ ફેબ્રુઆરી-માર્ચમાં જ ફૂલો આવે છે. ૬૦ થી ૭૦દિવસમાં ફળો ઉતારવા લાયક થઈ જાય છે.

## પુસ્તકોથી વધુ ઉત્તમ મિત્ર શોધવો મુશ્કેલ છે

એક હતું તળાવ. સુંદર અને રળિયામણું. તળાવમાં માછલી, દેડકા, કાચબા રહે. સાથે એક બતકોનું ટોળું રહે. એક બતકબેનને બોલ બોલ કરવાની ટેવ. એટલે એનું નામ બોલકા બતકબેન પાડેલું. નિશાળમાં વેકેશન પડયું એટલે બાળકો નવરાં થયાં. બિજલબેને સમર કેમ્પ શરૂ કર્યાં. તળાવકાંઠે મોટું વડલાનું ઝાડ. ઘટાદાર વડલાની ઘટાદાર છાયા. બિજલબેન બધાં બાળકોને લઇ વડલા હેઠે આવ્યાં. બોલકી બતકબેને આ જોયું. બોલકા બતકબેન તો ગાવા લાગ્યાંઃ

'તળાવની પાળે, વડલાની હેઠે, આવ્યાં છે નાનાં નાનાં બાળ,એ તો કાલાં ઘેલાં લાગતાં ભાઈ...' બોલકી બતકને ગાતાં સાંભળી બિજલબેને એને આવકાર્યાં. બોલકા બતકબેન તો ખુશ થયાં. સાવ બિજલબેનની નજીક બેસી ગયા. બોલકા બતકબેન ટેવ પ્રમાણે એક પછી એક પ્રશ્ન પૂછતાં જાય. બિજલબેન શાંતિથી જવાબ આપે. બિજલબેને આજે બાળકોને 'પાણીની બચત' વિશે સમજાવ્યું. સુંદર માછલીનું ચિત્ર દોરાવ્યું. એમાં સુંદર મજાના રંગો પૂરાવ્યા. આટલી સુંદર પ્રવૃત્તિ જોઈ બોલકા બતકબેનથી રહેવાયું નહિ. બિજલબેને કહે, 'બિજલબેન, મને પણ આ સમરકેમ્પમાં બેસવા દેશો?' બિજલબેને હા પાડી. બીજા દિવસે બોલકા બતકબેન સૌથી પહેલાં આવ્યાં. આજુબાજુની જગ્યા સ્વચ્છ કરી રાહ જોવા લાગ્યાં. થોડીવારમાં બિજલબેન બાળકોને લઈ આવી પહોંચ્યાં. બિજલબેને આજની પ્રવૃત્તિની બધી જ તૈયારીઓ કરી લીધી. આજે બિજલબેને બાળકોને પુસ્તકોનું મહત્ત્વ સમજાવ્યું. બાળકોને નાની નાની સુંદર વાર્તાઓની ચોપડી વાંચવા આપી.

બાળકો તો શાંતિથી વાંચવા લાગ્યાં. બોલકા બતકબેનને બોલ બોલ કરવાની ટેવ એટલે વાંચવામાં મન લાગે નહીં. બીજા બાળકો સાથે વાતોએ વળગે. બીજા બાળકોને પણ વાંચવા ન દે. છેવટે બિજલબેને એક યુક્તિ કરી. સૌ બાળકોને એમણે વાંચેલા પુસ્તકમાંથી પ્રશ્નો પૂછ્યાં. જેને બધા પ્રશ્નોના જવાબ સારી રીતે આવડે તેને ઇનામ! સૌ બાળકો ખૂબ ધ્યાનથી ચોપડી વાંચવા લાગ્યાં. બોલકા બતકબેન પણ વાંચવા મંડયાં. ઇનામ મળવાની આશામાં બોલકા બતકબેને ખૂબ સારી રીતે વાર્તાની ચોપડી વાંચી. વાર્તાનું નામ હતું 'હાથીદાદાની જય હો!' બોલકી બતકબેનને બધુ યાદ રહી ગયું. છેવટે બોલકી બતકબેન ઇનામ પણ જીત્યાં! બિજલબેને બાળકોને સમજાવ્યું, 'પુસ્તકો આપણાં સાચા મિત્રો છે. આપણે પુસ્તકો સાથે દોસ્તી કરવી જોઇએ. તો આપણને ક્યારેય એકલું ન લાગે. નકામું બોલ બોલ કરવું એના કરતાં પુસ્તકો વાંચવા, જુદી જુદી પ્રવૃત્તિઓ કરવી, નવું નવું શીખવું, ફૂલછોડને પાણી પાવું...'

બોલકા બતકબેનને બધું જ સમજાઈ ગયું. બિજલબેને સૌને અભિનંદન આપ્યાં. બોલકા બતકબેન ખૂબ હરખાયાં. બોલકા બતકબેન તો ગાવાં લાગ્યાં :

'પુસ્તકોની દોસ્તી સારી, નાનાં ભૂલકાંની ટેવ સારી,
બિજલબેનની વાત ન્યારી,બોલકા બતકબેન સૌને પ્યારી...'



## મીમીક્રી કરતું અજાયબ પક્ષી કોમનલૂન

પૃથ્વી પર બધા જ વિસ્તારોમાં પક્ષીઓ જોવા મળે પરંતુ દેશ પ્રદેશ, હવામાન અને ભૌગોલિક સ્થિતિ મુજબ દરેક પક્ષીની જાત લાક્ષણિકતાઓથી ભરેલી છે. ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ અને આઈસલેન્ડના ઠંડા પ્રદેશમાં જોવા મળતાં કોમન લૂન બતક જેવા પક્ષીઓ છે પરંતુ તે લાંબા અંતર સુધી ઊડી શકે છે. આ પક્ષીઓ ચીસો પાડવી, રડવું, ટહૂકા કરવા વગેરે જાતજાતના અવાજ કાઢી શકે છે. તેના અવાજ ઘણે દૂર સુધી સંભળાય તેટલા મોટા હોય છે. કોમન લૂન ત્રણેક ફૂટ લાંબા હોય છે અને પીઠ ઉપર સફેદ ટપકાં હોય છે. તે જળાશયમાં રહે છે તે પાણીમાં ૨૦૦ ફૂટ ઊંડાઈ સુધી ડૂબકી મારી શકે છે. તળાવના કિનારે પથ્થરો ગોઠવી માળો બનાવે છે.

## વીસ વરસ પહેલાનું દફતર

દફતરને ગુસ્સો આવ્યો...
દફતરને ગુસ્સો આવ્યો, એ ખૂણામાં સંતાયું,
વીસ વરસ પહેલાનું દફતર સપનામાં કેમ આવ્યું ?
સંતાકૂકડી, ખોખો, લંગડી પાડે છે પોકાર,
શેરી–ગલીઓ–મેદાનો પર કેવો અત્યાચાર ?
પગલાંઓને બદલે શાને રુંધે છે સુનકાર ?
ભાર વગરનું ભણતર કે ભણતર વગરનો ભાર ?
ટીવી કે કમ્પ્યુટર નીચે પગપણું કચડાયું....
દફતરને ગુસ્સો આવ્યો, એ ખૂણામાં સંતાયું.
દફતરની અંદરથી સઘળાં સપનાંઓ છે ગુમ,
ટાઈમ–ટેબલ તો રહી ગયું પણ ટાઈમ થયો છે ગુમ;
દહેતરમાં ઠાંસી છે ચોપડીઓની લૂમેલૂમ
થોડી જગ્યા માંડ બચી ત્યાં ટ્યુશન પાડે બૂમ.
સ્કૂલ અને ટ્યુશનની વચ્ચે દફતર કેમ પિસાયું ?
દફતરને ગુસ્સો આવ્યો, એ ખૂણામાં સંતાયું

## ફનટાઈમ

### હળવા હૈયે હસીએ

પપ્પા - બેટા, બોલ તો,
કુતુબ મિનાર કોણે બનાવ્યો?
ચિંટુ - કુતુબુદ્દીન ઐબકે.
પપ્પા - શાબાશ... અને તાજમહલ?
ચિંટુ - તાજ ઉદ્દીન ઐબકે!

---

ટીચરઃ સોનુ, દુનિયા ગોળ છે કે ચપટી?
સોનુઃ દુનિયા નથી ગોળ, નથી ચપટી. દુનિયા ૪૨૦ છે ને આવું મારા પપ્પા કહે છે.

---

ટીચર - ચાલ, ચિન્ટુ. અઢારમી સદીના વૈજ્ઞાનિકો વિશે કંઈક બોલ.
વિદ્યાર્થી - સર, તેઓ બધા મરી ગયા છે.

---

પપ્પા કહેઃ 'રોમી, તને ખબર છે, નેહરુજી તારી ઉંમરના હતા ત્યારે ક્લાસમાં મોનિટર હતા.'
રોમી કહેઃ 'એમાં શું! તમને ખબર છે, નેહરુજી તમારી ઉંમરના હતા ત્યારે દેશના વડાપ્રધાન હતા?'

---

ચિંટુના ઘરે મહેમાન આવ્યા હતા. એમણે પૂછ્યું, 'બેટા, તારુંનામ શું છે?'
ચિંટુ કહે, 'ચિંટુ.'
મહેમાન કહેઃ 'બેટા, એ તો તારા ઘરનું નામ થયું, સ્કૂલનું નામ શું છે?'
ચિંટુ કહે, 'સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ!'

---

પપ્પુ એના ફ્રેન્ડ્ઝ સાથે વાતો કરી રહ્યો હતો. પપ્પુએ કહ્યું, 'બોલ રોમી, વેકેશનમાં અમારું આખું ઘર તાજમહલ જોવા ગયું હતું.'
રોમી કહે, 'હેં? એક કારમાં તારું આખું ઘર સમાઈ ગયું?'





બાજુમાં દર્શાવેલા બ્લેક એન્ડ વ્હાઈટ ચિત્રમાં કલર પૂરીને શિક્ષક પાસેથી શાબાશી મેળવો

સ્વીટીને મુરજાતાં છોડવાને પાણી પાવા જવું છે પણ રસ્તો અટપટ્ટો છે ચાલો જરા સ્વીટીને માર્ગ દેખાડીએ

## ઝાઝા હાથ રળિયામણાંની કહેવત જંગલવાસી પશુ-પક્ષીઓએ સાબિત કરી

એક ખૂબ મોટું જંગલ હતું. જંગલમાં બધાં પશુ-પંખીઓ હળીમળીને રહેતાં હતાં.

આ જંગલમાં એક કાચબાભાઈ તેમના પરિવાર સાથે જંગલમાં જ આવેલા એક તળાવમાં રહેતાં હતાં.

જંગલનાં સૌ પશુ-પંખીઓ પાણી પીવા માટે આ જ તળાવનો ઉપયોગ કરતાં હતાં. પરંતુ છેલ્લા બે વર્ષથી જેવી ઉનાળાની ઋતુ શરૂ થાય કે તળાવમાં પાણી બિલકુલ ઓછું થઈ જતું.

ઉનાળો પૂરો થવા આવે ત્યાં તો તળાવનું તળિયું દેખાવા માંડે. તળાવમાં રહેતાં કાચબાભાઈએ વિચાર્યું કે દર વર્ષે ઉનાળાની ઋતુમાં તળાવમાં પાણી ઓછું થઈ જાય છે તેના માટે કંઈક કરવું જોઈએ.

કાચબાભાઈએ તેમના પત્ની કાચબીબેનને આ વિશે વાત કરી. કાચબીબેનને એકદમ કંઈક સૂઝ્યું હોય તેમ કાચબાભાઈને કહ્યું, 'આપણે આ તળાવને ઊંડું કરીએ તો?' કાચબાભાઈને તો કાચબીબેનની આ વાત ખૂબ ગમી ગઈ.

બીજા જ દિવસે કાચબીબેન અને કાચબાભાઈ તો તળાવને ઊંડું કરવાના કામમાં લાગી ગયાં.

કાચબાભાઈ અને કાચબીબેનને તળાવ ઊંડું કરતાં જોઈને બધાં પશુ-પંખીઓએ જંગલમાં એક સભા ભરી. સભાના પ્રમુખ હાથીભાઈએ જંગલના બધાં પ્રાણીઓને કહ્યું , 'આપણા જંગલમાં પીવાના પાણી માટે માત્ર એક જ તળાવ છે અને ઉનાળાની ઋતુમાં તો તળાવમાં પાણી ખૂબ ઓછું થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં આપણા જંગલનાં પશુ-પંખીઓને પાણી પીવા માટે ખૂબ દૂર સુધી જવું પડે છે. આપણા જંગલના તળાવમાં રહેતાં કાચબાભાઈ અને કાચબીબેન જાતે જ તળાવ ઊંડું કરવાના ભગીરથ કાર્યમાં લાગી ગયા છે. તળાવ ઊંડું થતાં ચોમાસામાં તળાવમાં વધારે પાણી ભરાશે જેથી ઉનાળાની ઋતુમાં પણ આપણને સૌને પીવાનું પાણી તળાવમાંથી જ મળી રહેશે.'

'આપણે સૌએ પણ કાચબાભાઈ અને કાચબીબેનના આ યજ્ઞાકાર્યમાં જોડાવું જ જોઈએ. બોલો, તમારાં બધાનું શું કહેવું છે?'

બધાં પશુ-પંખીઓ એકસાથે બોલી ઉઠયાં, 'હા, હા. આપણે સૌએ પણ કાચબાભાઈ અને કાચબીબેનના આ ભગીરથ કાર્યમાં સાથ આપવો જ જોઈએ.'

બીજા જ દિવસે સૌ પશુ-પંખીઓ કાચબાભાઈની સાથે તળાવ ઊંડું કરવાના કાર્યમાં લાગી ગયાં. કાચબાભાઈ અને કાચબીબેન તો બધાંને જોઈને ખૂબ ખુશ થઈ ગયાં. જંગલના તમામ પશુ-પંખીઓની અથાક મહેનતથી થોડાં જ સમયમાં તળાવ ખાસ્સું ઊંડું થઈ ગયું.

ઉનાળો પૂરો થયો અને ચોમાસું આવ્યું ત્યારે વરસાદથી આખું તળાવ ભરાઈ ગયું.

બધાં પશુ-પંખીઓ તળાવના હિલોળાં લેતાં પાણીને જોઈને ખૂબ રાજી રાજી થઈ ગયાં.

ચોમાસું પૂરું થયા પછી શિયાળો અને ફરી પાછો ઉનાળો આવ્યો, પણ આ વખતે તળાવનું પાણી ઓછું થયું નહોતું. હજુ પણ તળાવમાં ખાસ્સું પાણી હતું. જંગલનાં પશુ-પંખીઓને પાણી પીવા માટે હવે દૂર જવું નહોતું પડતું.

જંગલના પ્રમુખ હાથીભાઈએ તમામ પશુ-પંખીઓની એક સભા બોલાવી અને કાચબાભાઈ અને કાચબીબેનના આ ઉમદાકાર્યની પ્રશંસા કરી અને તેમનું સન્માન કર્યું. સાથે જંગલના બધાં પશુ-પંખીઓનો પણ આ કાર્યમાં સહકાર આપવા બદલ આભાર માન્યો.

હાથીભાઈએ કહ્યું , 'જંગલની આવનારી પેઢી કાચબાભાઈ અને કાચબીબેનના આ ઉમદા અને પવિત્ર કાર્યનું મૂલ્ય સમજે તેથી આ તળાવ આજથી 'કાચબા તળાવ' તરીકે ઓળખાશે.'

હાથીભાઈની આ વાત સાંભળીને સૌ પશુ-પંખીઓએ તાલીઓના ગડગડાટ સાથે વાતને વધાવી લીધી. અત્યારે પણ આ જંગલમાં રહેલું આ તળાવ 'કાચબા તળાવ' તરીકે ઓળખાય છે. ઉનાળામાં પણ આ તળાવ સૂકાતું નથી. બધાં પશુ-પંખીઓ જ્યારે પણ આ તળાવમાં પાણી પીવાં જાય છે ત્યારે કાચબાભાઈ અને કાચબીબેનને અચૂક યાદ કરે છે.

# શાળા પ્રવાસમાં બે પોલીસ કર્મચારી સાથે રાખવા આદેશ

## પ્રધાનમંત્રીની કોન્ફરન્સ બાદ રાજ્યના પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા પરિપત્ર જાહેર કરાયો : અમલવારી ફરજિયાત

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાત સરકારે શાળાના પ્રવાસ બાબતે મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના નિર્ણય મુજબ હવે શાળાના બાળકોના પ્રવાસ દરમિયાન પોલીસકર્મીઓ પણ સાથે હાજર રહેશે. જે અંગે ગુજરાત પોલીસના મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાયે દરેક શાળાને આ બાબતે આદેશ આપ્યા છે. આ આદેશ પ્રધાનમંત્રીના DGP-IGP કોન્ફરન્સમાં આપવામાં આવેલા સૂચન અમલરૂપે અમલમાં મુકાયું છે. મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારના આ આદેશ મુજબ રાજ્યની તમામ (સરકારી/ અર્ધસરકારી/પ્રાઈવેટ) શાળાના આચાર્યશ્રીઓને નીચે મુજબની સૂચના થઈ આવવા તથા કરેલ કાર્યવાહીની જાણ અત્રેની કચેરીના






ઈ-મેઈલ આઈ.ડી. adro-prmgujarat.gov.in ઉપર થવા વિનંતી છે. વિદ્યાર્થીઓ માટે આયોજીત થતી પ્રવાસ/ પુર/ પિકનિક/ મુલાકાત દરમિયાન ગણવેશધારી ૦૨ પોલીસ કર્મચારીને સાથે હાજર રાખવા. શાળાના આચાર્યઓએ ઉપરોક્ત કામગીરી સારૂ લોકલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. જો પ્રવાસ/ટુર/પિકનિક/ મુલાકાત મહિલા વિદ્યાર્થીનીઓની હોય તો, મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા પણ સુચના આપવામાં આવી છે.

### વેકેશન ખુલતા પહેલાં સ્કૂલવર્ધી ચાલકોને પરવાનગી લેવા સુચના





ઉનાળાના વેકેશન બાદ ફરી શાળોએ શરૂ થશે ત્યારે સ્કૂલવર્ધીના વાહનચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. સ્કૂલવર્ધીના વાહનચાલકોએ શાળા શરૂ થાય એ પહેલા પરમીટ લેવી આવશ્યક છે. સ્કૂલવર્ધી માટે ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરાશે. જો કોઈ નોન ટ્રાન્સપોર્ટ વાહનના ઉપયોગ કરશો તો તેની સામે દંડની જોગવાઈ કરાવામાં આવી છે. ગુજરાતમાં હાલ વિદ્યાર્થીઓને ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે હવે થોડા દિવસો બાદ ફરીથી વિદ્યાર્થીઓની શાળાઓ શરૂ થશે. સ્કૂલ વર્ધી લેતા વાહન ચાલકો માટે મહત્વના સમાચાર છે. શાળા શરૂ થતા પહેલા પરમીટ લેવી આવશ્યક બની છે. સાથે જ સ્કૂલ વર્ધી માટે ફક્ત ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરી શકાશે જો કોઈ પણ વાહનચાલક નોન ટ્રાન્સપોર્ટ વાહનો ઉપયોગ કરશે તેની સાથે દંડની જોગવાઈ કરવામાં આવશે. RTO નિયમાનુસાર વાહનોમાં વિદ્યાર્થીઓની બેસાડવાની સંખ્યા પણ નક્કી કરાઈ છે. ઓટો રિક્ષામાં ૬ નાના બાળકો, વેનમાં ૮ બાળકોની ક્ષમતા છે જો તેનાથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હશે તો કાર્યાવહી થઈ શકે, સ્કૂલ વર્ધીમાં ચાલતા વાહનોનો વીમો, PUC ફરજિયાત કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓનું વેકેશન પૂર્ણ થયા બાદ શાળા શરૂ થતા ડ્રાઈવનું આયોજન થશે.

# ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા સોમવારથી નોટબુક વિતરણનું આયોજન

## દર વર્ષની જેમ આ વર્ષે પણ જરૂરિયાતમંદ છાત્રો માટે સેવાયજ્ઞ યોજાશે

**સમય મિરર | રાજકોટ**

આગામી વિદ્યા સત્કાર સમારોહ માટે માર્કશીટ સંસ્થાના કાર્યાલય તથા છાત્રાલય ખાતે સ્વીકારાશે રાજકોટ શહેરમાં શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ક્ષત્રિય (ગિરાસદાર) પરિવારના આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થી ભાઈ, બહેનો માટે ફુલ સ્કેપ નોટબુક વિતરણ આગામી તા.૨ જૂનને સોમવારથી આરંભ થશે. તા.૧૫ જૂન અથવા તો સ્ટોક હશે ત્યાં સુધી સંસ્થાના કાર્યાલય ૫- રજપૂતપરા રાજકોટ ખાતેથી સાંજે ૪.૩૦થી ૬.૩૦ સુધી થશે. જેની સર્વેએ નોંધ લેવી. આ સાથે આગામી વાર્ષિક વિદ્યા સત્કાર સમારોહ માટેની માર્કશીટ સ્વીકારવાનો પણ આરંભ થઈ ચૂક્યો છે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ માર્ક્સ સાથે ઉતીર્ણ થયેલા તેમજ બેચલર, માસ્ટરમાં હાયર એજ્યુકેશનમાં કોઈપણ ફેકલ્ટીમાં ફર્સ્ટ ક્લાસ થયેલા તેમજ ધોરણ ૧થી ૯ અને ૧૧માં આવેલી બધી માર્કશીટોમાં જે વિદ્યાર્થીને સૌથી વધુ પર્સેન્ટેજ હશે તેવા એક એક દીકરા, દીકરીઓ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ માંથી




પસંદગી પામશે. સાથે ખાસ માર્કશીટ માત્ર આ વર્ષની જ ચાલશે ગત વર્ષની માર્કશીટ માન્ય રહેશે નહીં. માર્કશીટની ઝેરોક્ષ પૂરા નામ, એડ્રેસ, મૂળ ગામ, ધોરણ અને પર્સેન્ટેજ તથા કોન્ટેક્ટ નંબર લખીને સંસ્થાના કાર્યાલય અથવા શ્રી હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય ૫- રજપૂતપરા રાજકોટ ૩૬૦૦૦૫ ખાતે પહોચતી કરવાની રહેશે.

# જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા કચ્છની ૩૦૦થી વધુ બિમાર ગામની સારવાર

## નિષ્ણાંત તબીબો દ્વારા નિઃશુલ્ક સેવા અપાઈ

**સમય મિરર | રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનનાં પનાહ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટનાં મોરબી રોડ ઉપર આવેલ રતનપર ગામે શ્રીરામ મંદિર સામે કચ્છમાં દુષ્કાળ જેવી પરિસ્થીતી સર્જાતા ત્યાંથી ગૌપાલકો તેમની આશરે ૩૦૦ જેટલી ગાયો નિભાવવા રાજકોટ તરફ હીજરત કરીને અહીં આવેલ છે, આ ગૌમાતાને જરૂરી ધાસચારો તેમજ મેડીકલ સહાય પુરી પાડવાની સંપૂર્ણ જવાબદારી પ્રોજેક્ટ પનાહનાં ચેરમેન અને જીવદયા કાર્યમાં સદાય અગ્રેસર એવા ભાલાણી(ભીમભાઈ)એ ઉપાડેલ છે, ગત તા.૨૭-૫-૨૦૨૫ ને મંગળવારનાં રોજ સવારે ૭.૨૦ કલાકે રાજકોટથી ૧૭ કીલોમીટર દુર આ કેમ્પમાં બીરેનભાઈ શાહ અને અમિષભાઈ દોશી તેમજ મનીષભાઈ શાહ, વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી પ્રારંભ





કરાવેલ હતો. જ્યારે કેમ્પનું ઉદઘાટન સેજલભાઈ કોઠારી, મનીષભાઈ દોશીના હસ્તે કરવામાં આવેલ હતું. આ ઉપરાંત આ કેમ્પનાં ઉદઘાટન પ્રસંગે મેહુલભાઈ દામાણી, જયેશભાઈ વસા, રાજેશભાઈ મોદી, જીજ્ઞેશભાઈ મહેતા અને રાજકોટ ઝોન પરિવારનાં નિલેશભાઈ શાહ, મેહુલભાઈ શાહ, જિજ્ઞેશભાઈ બોરડીયા, અશોકભાઈ વોરા, ભાવિનભાઈ ઉદાણી, ડો. કોમીલ વોરા, હરેશભાઈ શાહ, તુષારભાઈ કોઠારી અને હીતેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહયા હતા.

## મુસાફરોની સુવિધા વધારવા માટે રેલવે દ્વારા લેવાયેલો મહત્ત્વનો નિર્ણય

# દુરન્તો એક્સપ્રેસ અને સૌરાષ્ટ્ર મેલ સહિત અગિયાર ટ્રેનની ગતિ-ટાઈમ ટેબલમાં ફેરફાર

**સમય મિરર | રાજકોટ**

મુસાફરો ની સુવિધા અને સંચાલનના કારણોસર રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોની ગતિમાં વધારો અને સમય સુધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નં. ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરન્તો એક્સપ્રેસ રાજકોટ સ્ટેશન પર ૦૯.૦૫ ને બદલે ૦૮.૩૫ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ૦૯.૨૬ ને બદલે ૦૯.૧૦ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૦૮.૪૫ ને બદલે ૦૮.૫૬ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૨૦૯૧૪ દિલ્હી સરાઈ રોહિલા-રાજકોટ એક્સપ્રેસ ૦૮.૩૫ ને બદલે ૦૭.૫૫ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૧૯૫૬૬ દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ એક્સપ્રેસ ૦૧.૦૬.૨૦૨૫ થી આગામી સૂચના સુધી બદલાઈ ગયો છે. આ ટ્રેન રાજકોટ સ્ટેશન પર ૦૮.૦૨ ને બદલે ૦૭.૩૨ વાગ્યે પહોંચશે. તથા ટ્રેન નં. ૧૬૭૩૪ ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ ૦૩.૦૬થી જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૨૨૯૦૫ ઓખા-શાલીમાર એક્સપ્રેસ ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.ટ્રેન નં. ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ ૦૪.૦૬.૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે. ટ્રેન નં. ૧૯૫૬૫ ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ હાપા સ્ટેશન પર ૧૩.૨૭ ને બદલે ૧૩.૧૬ વાગ્યે પહોંચશે.

ટ્રેન નં. ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલનો ખંભાળિયા સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/ પ્રસ્થાન સમય ૩૦.૦૫.૨૦૨૫ થી બદલીને આગામી સૂચના સુધી કરવામાં આવ્યો છે. આ ટ્રેન ખંભાળિયા સ્ટેશન પર ૧૨.૫૪ ને બદલે ૧૨.૫૩ વાગ્યે પહોંચશે. ૧૧) ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસનો દ્વારકા સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/ પ્રસ્થાન સમય ૦૫.૦૬.૨૦૨૫ થી બદલીને આગામી સૂચના સુધી કરવામાં આવ્યો છે. આ ટ્રેન દ્વારકા સ્ટેશન પર ૧૪.૩૫ ને બદલે ૧૪.૫૬ વાગ્યે પહોંચશે.

### ઓખા-બનારસ એક્સપ્રેસ ગોવિંદપુરી ખાતે ઉભી રહેશે

ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૩૧ જુલાઈ, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી કાનપુર સેન્ટ્રલને બદલે ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનનો ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૧૯.૨૦/૧૯.૨૫ વાગ્યાનો રહેશે. ટ્રેન નંબર ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૬ જુલાઈ, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી કાનપુર સેન્ટ્રલને બદલે ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનનો ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૦૩.૨૫/૦૩.૩૦ વાગ્યાનો રહેશે.

# રાજકોટ રેલવેની સલાહકાર સમિતિની બેઠકમાં વિવિધ પ્રશ્નોની રજૂઆત કરાઈ

## સૌરાષ્ટ્રના મુસાફરોના પ્રશ્નોનું વહેલીતકે નિવારણ લાવવા સુચના

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ડિવીઝન માં વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવગઠિત મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC) ની બીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકના પ્રારંભમાં સમિતિના સચિવ અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાએ તમામ સભ્યોનું સ્વાગત કર્યું. આ અવસર પર ઉપસ્થિત સભ્યોમાંથી ક્ષેત્રીય ઉપભોક્તા સલાહકાર સમિતિ (ZRUCC) માટે પાર્થિવ કુમાર ગણાત્રાની સર્વસમ્મતિ થી પસંદગી કરવામાં આવી જેઓ ચેમ્બર્સ ઓફ કોમર્સ, રાજકોટથી નામાંકિત છે. ડીઆરએમ અશ્વિની કુમારે નવા ZRUCC મેમ્બરની પસંદગી માટે ગણાત્રાને આ અવસર પર અભિનંદન પાઠવ્યા. આ પછી સમિતિના





અધ્યક્ષ અને રાજકોટ મંડળ રેલ પ્રબંધક અશ્વિની કુમાર દ્વારા સંક્ષિપ્ત પ્રેઝન્ટેશનના માધ્યમથી તમામ સભ્યોને મંડળની ગતિવિધિઓ અને વિકાસ કાર્યોથી અવગત કરાવવામાં આવ્યા. આ દરમિયાન સમિતિ સભ્યો દ્વારા પોતાના-પોતાના ક્ષેત્રની રેલ સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવી પરિયોજનાઓ ઝડપથી પૂરી કરવા અને મંડળના સ્ટેશનો પર વધુ સારી યાત્રી સુવિધાઓ પ્રદાન કરવા માટે પોતાના સૂચનો આપ્યા. મંડળ રેલ પ્રબંધક અશ્વિની કુમારે તમામ સભ્યોના સૂચનો પર ઝડપથી યોગ્ય કાર્યવાહીનું આશ્વાસન આપતા કહ્યું કે યાત્રી સુવિધાઓનો વિકાસ રાજકોટ ડિવીઝન ની સર્વોચ્ચ પ્રાથમિકતા છે તથા આ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# સાવરકુંડલાના ભેંસાણિયા ડેમમાં ત્રણ બાળકો ડૂબ્યા : બેના મોત, એકનો બચાવ

## ન્હાવા પડતા બનેલો કરૂણ બનાવ : વ્હાલસોયાના મોતથી પરિવારમાં શોક

**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલાના ભેંસાણિયા ડેમમાં ત્રણ બાળકો ન્હાવા પડતા ડુબી જતાં બે બાળકોના મોત નિપજ્યા હતાં જ્યારે એક બાળકનો આબાદ બચાવ થયો હતો. ન્હાવા પડેલા બાળકોને કાળ ભેટતા પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાંપરિવારજનો સ્થાનિક આગેવાનો અને તંત્ર પણ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતાં.

ત્રણેય બાળક સાવરકુંડલાના જેસર રોડ વિસ્તારમાં રહેતાં હતાં. ડેમમાં નાહવા પડેલાં બાળકોમાંથી ૧૪ વર્ષીય કૃણાલ અશ્વિનભાઈ સોલંકી અને ૧૦ વર્ષીય મંત્ર રાજદીપભાઈ મસરાણી ડૂબી ગયા હતા. ૧૩ વર્ષીય મોહિત મનીષભાઈ સોલંકીનો આબાદ બચાવ થયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક





તરવૈયા અને ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ડૂબેલા બે બાળકોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા.

મૃતક કૃણાલના ફઈને આઘાત લાગતા તેમણે પોતાના માથા પર પથ્થર મારીને પોતાને ઈજાગ્રસ્ત કરી લીધા હતા. સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં પરિવારજનોના હૈયા ફાટ રુદન ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. આ દુર્ઘટનાએ સમગ્ર પંથકમાં શોકનું મોજું ફેલાવ્યું છે. ડેમમાં બાળકોના સુરક્ષિત પ્રવેશ માટે યોગ્ય વ્યવસ્થાઓની જરૂરિયાત પર ચર્ચા થઈ રહી છે.

## સુરતની પાંચ યુવતીઓની અટકાયત : લગ્નનું નાટક કરી યુવાન-પરિવારને ઠગતી યુવતીઓ સકંજામાં

# અપરણિતોનો ફાયદો ઉઠાવતી લૂંટેરી દુલ્હન ગેંગ ઝડપાઈ



**સમય મિરર | સુરત**

અપરણીત યુવકોનો ફાયદો ઉઠાવી તેની સાથે પરણી અને ઠગાઈ કરતી લૂંટેરી દુલ્હનની ગેંગ સુરતમાંથી ઝડપાઈ છે. અઠવા વિસ્તારના નિકાહના નામે અમદાવાદના દિવ્યાંગ યુવક સાથે પરિવારનું નાટક કરી રૂા. ૧ લાખ પડાવી અને રાતોરાત ભાગી ગયાની ફરિયાદ નોંધાતા પોલીસે આ તમામની ધરપકડ કરી હતી. આ પહેલા અમદાવાદનો દિવ્યાંગ લૂંટેરી ગેંગની સભ્ય અને એજન્ટ હીના (નરગીસ બાનુ)ના સંપર્કમાં આવ્યો અને નિકાહ માટે સુરતની સના નામની એક યુવતીને પસંદ કરી. બાદમાં એજન્ટ હીના દ્વારા યુવકને જણાવવામાં આવ્યું હતું કે, દુલ્હનના પિતા નથી. માતા અને બે બહેનો જ છે. આ ષડયંત્રમાં યુવતીની માતા ઝરીના ખાતુન, બહેન તરીકે મુસ્કાન અને શાહિસ્તા, એજન્ટ તરીકે હીના (નરગીશબાનુ) હાજર રહી હતી. સના નામની ૧૮ વર્ષીય યુવતીને દુલ્હન તરીકે ઉભી કરવામાં આવી હતી, જ્યારે વાસ્તવમાં સનાના માતા-પિતાને આ નિકાહ વિશે કોઈ જાણ પણ નહોતી.

બાદમાં યુવક નિકાહ માટે તૈયાર થઈ જતાં એજન્ટ ઝરીના ખાતુને તેના નાનપુરા વિસ્તારમાં આવેલા ઘરે જ કરાવાયા હતા. જેમાં કાઝી તરીકે ઈર્શાદ પઠાણ નામના રિક્ષા ચાલકે નિકાહ પઢવ્યા હતા. નિકાહ પછી દુલ્હન અને તેનો બનાવટી પરિવાર યુવક સાથે અમદાવાદ ગયો હતો, જ્યાંથી રૂપિયા રૂ. ૧ લાખ પડાવી સુરત પરત ફર્યા હતો. ત્યારબાદ યુવકના સંબંધીઓના બધા ફોન નંબર બ્લોક કરી દીધા હતા. જ્યારે યુવકે તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોઈ જવાબ મળ્યો નહીં. બાદમાં યુવકે ફરિયાદ કરવાની વાત કહેતા તમામ યુવતીઓએ યુવકને દુષ્કર્મના ખોટા કેસમાં ફસાવવાની ધમકી અપી હતી.

### માં અને બહેન બની ઠગતી હતી

આરોપીઓમાં ઝરીના ખાતુન (મેરેજ બ્યુરો ચલાવતી), સના (દુલ્હન), હીના (એજન્ટ), મુસ્કાન અને શાહિસ્તા (દુલ્હનની બહેન બની હતી)નો સમાવેશ થાય છે. તમામ મહિલાઓ લિંબાયત, નાનપુરા અને સલાબતપુરા જેવા વિસ્તારોમાં રહે છે અને જુદી જુદી ઓળખ બનાવી લોકો સાથે લગ્નના નામે ઠગાઈ કરે છે. સૌથી મહત્વની વાત છે કે, સનાની બે બહેનપણી સગી બહેનો બનીને યુવક સામે ગઈ હતી. એક લાખ રૂપિયામાં તમામ લોકો ભાગે વહેંચણી કરવાના હતા.

### અન્ય ભોગ બનનારની શોધખોળ

અન્ય ભોગ બનનારની શોધખોળ આ મામલે ડીસીપી વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતુ કે, સમગ્ર મામલે પાંચ મહિલાની ધરપકડ કરવામાં આવી છે. લગ્નના નામે એક લાખ રૂપિયા પડાવવાના કિસ્સામાં કાર્યવાહી થઈ રહી છે. આરોપીઓએ આવા અન્ય અનેક લોકો સાથે પણ આવી રીતે લૂંટ કરી છે કે નહિ તે અંગે તપાસ ચાલી રહી છે.

# સૌરાષ્ટ્રમાં ચોમાસું મોડું થવાના વર્તાતા એંધાણ

## દક્ષિણ ભારતમાં સિસ્ટમ ધીમી પડતા ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે : તાપમાન ભૂક્કા બોલાવશે

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાત સહિત દેશભરમાં ચોમાસુ વહેલુ આવશેની આગાહી કરવામાં આવી હતી. પરંતુ હાલ દક્ષિણ ભારતમાં સિસ્ટમ ધીમી પડતા હવે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસુ મોડુ આવશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

વામાન વિભાગ અનુસાર, દક્ષિણ ભારતમાં સર્જાયેલી જે સિસ્ટમના કારણે વરસાદનું આગમન ૧૫ જૂન કરતાં વહેલા થવાનું હતું, તેની ગતિ હમણાં દક્ષિણ ભારતમાં હવે ધીમી પડી ગઈ છે. જેથી રાજ્યમાં ચોમાસુ વહેલા બેસવાની શક્યતા ઓછી છે. જ્યારે માછીમારોને આજથી ૧ જૂન સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે દક્ષિણ ભારતમાં સર્જાયેલી જે સિસ્ટમને કારણે



વરસાદનું આગમન ૧૫ જૂન કરતાં વહેલા થવાનું હતું, એની ગતિ હમણાં દક્ષિણ ભારતમાં ધીમી પડી ગઈ છે. મહારાષ્ટ્રની આસપાસ જે સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય હતી, એ હવે ધીમી પડી જતાં વરસાદની ગતિ દક્ષિણ ભારત તરફ ધીમી પડી ગઈ છે, જેને કારણે ગુજરાત રાજ્યમાં વરસાદનું આગમન જે સમય કરતાં પહેલાં થવાનું હતું એ હવે સમય પર જ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વધુમાં હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આવતીકાલથી વરસાદનું જોર ઘટશે, જેને લઈને તાપમાનમાં પણ વધારો થશે. હાલ અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં વરસાદ રહેશે. એના પછી આ સિસ્ટમનું જોર ઘટતાં વરસાદનું જોર પણ ઘટી જશે.

અમદાવાદમાં એક જ કલાકમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. મોડીરાત્રે ખાબકેલા ધોધમાર વરસાદથી અનેક જગ્યાએ પાણી ભરાયાં હતાં. પશ્ચિમ વિસ્તારમાં રાણીપ, જગતપુર અને ન્યૂ રાણીપ વિસ્તારમાં બે ઈંચ, જ્યારે ચાંદખેડા, મોટેરા, સાબરમતી, વાડજ, ગોતા, ઈન્કમટેક્સ સહિતના વિસ્તારોમાં પોણાબે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. પૂર્વ વિસ્તારમાં પણ નરોડા, બાપુનગર રખિયાલ ગોમતીપુર સહિતના વિસ્તારોમાં પણ એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. અમદાવાદ ઉપરાંત ભાવનગર, પાલનપુર, પાટણ, સિદ્ધપુર, મહીસાગર, ગાંધીનગર, પંચમહાલ જિલ્લાના ગોધરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેથી અનેક વિસ્તારમાં પાણી ભરાવાની પણ સમસ્યા સામે આવી હતી.

### આ જિલ્લામાં અપાયું યલો એલર્ટ

આજે રાજયમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર-હવેલી, બોટાદ, અમરેલી, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવમાં ગાજગીજ સાથે હળવા વરસાદની આગાહીને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. જ્યારે મહત્તમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રી વધવાની શક્યતા છે. અમદાવાદ અને એની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી રહેવાની શક્યતા છે.

# રાજકોટના માધાપર સહિત રાજ્યના અનેક જિલ્લામાં યોજાશે મોકડ્રિલ-બ્લેક આઉટ

## આજ સાંજે ૫:૩૦થી રાતના ૮ વાગ્યા સુધી લાઈટ બંધ રાખવા સુચના

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના માધાપર વિસ્તારમાં આવતીકાલે તા.૩૧ને શનિવારના સાંજના ૫-૩૦થી ૮ કલાક દરમ્યાન મોકડ્રીલ અને બ્લેકઆઉટનું આયોજન કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂરની સફળતા બાદ આગોતરી તૈયારીના ભાગ રૂપે આ મોકડ્રીલ અને બ્લેકઆઉટ યોજવામાં આવેલ છે.

આ સંદર્ભે આજે સાંજના ચાર કલાકે રાજય સરકારના ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા જીલ્લા કલેકટર પ્રભવ જોશી સાથે આ ખાસ વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના આદેશ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ મોકડ્રીલ માધાપરની ઉત્તરે રેલ્વે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઈવે, પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં યોજાશે.

જેમાં નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. આ મોકડ્રીલ સમયે ખાસ સાયરન વગાડવામાં આવશે. જે દરમ્યાન આ વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોએ બ્લેક



આઉટનું પાલન કરવાનું રહેશે.

તમામ નાગરીકોએ આજે સમયે પોત પોતાના ઘરની લાઈટ તથા સોસાયટીની કોમન લાઈટ બંધ કરવાની રહેશે. આ મોકડ્રીલ દરમ્યાન કોઈપણ પ્રકારની ઈમરજન્સી તેમજ તમામ મેડીકલ સર્વિસીસને મુકિત આપવામાં આવી છે.

# ગીરગઢડાનાં ઝુડવડલી નજીક બે બાઈક સામસામે અથડાતાં અકસ્માત, એકનું મોત

## એકને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાયો : પરિવારમાં શોક છવાયો

**સમય મિરર | ઉના**

ગીરગઢડા નાં ઝુડવડલી પાસે આવેલ ધાટલાસીમ વિસ્તાર પાસે ગત તારીખ ૨૬ મેં નાં ઉના થી ઝુડવડલી બાઈક પર જતાં આધેડ ની મોટરસાયકલ સાથે સામે થી પુરપાટ ઝડપે આવતી બાઈક ચાલકે બે ફિકરાઈ સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ઝુડવડલી ગામ નાં આધેડ નું કમકમાટીભર્યુ મોત નિપજયું છે તેમજ અન્ય બાઈક ચાલક ને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉના થી પાંચ કિ મી દુર આવેલ ઝુડવડલી પાસે ની ધાટલાસીમ પાસે ઉના થી બાઈક સાઈન નંબર સી બી જી.જે.૩૨ એ.ડી ૭૮૭૨ ચલાવી જતાં ગીરગઢડા નાં ઝુડવડલી ગામ નાં



રહીશ હીમતભાઈ નરશીભાઈ દોમડીયા ઉવ ૫૭ ની બાઈક સાથે સામે થી પુરપાટ ઝડપે આવતી બાઈક નંબર જી જે ૩૨.આર નંબર ૭૦૯૫ નાં ચાલક રાજેન્દ્ર મંગળભાઈ વાઢેર એ ધડાકાભેર અથડાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં હિંમતભાઈ નરશીભાઈ દોમડીયા નું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું જયારે સામે નાં બાઈક ચાલક રાજેન્દ્ર મંગળભાઈ વાઢેર ને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં પ્રથમ પ્રાથમિક સારવાર બાદ વધું સારવાર અર્થે બહાર મોકલાયો હતો

આ ભયંકર રીતે સર્જાયેલા બન્ને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક નો ભુક્કો થઈ ગયેલ હતો એક બાઈક નું એન્જીન નો પણ બુકડો બોલી ગયો હતો અકસ્માત ની ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતા તેમજ મૃતક નો પરીવાર સગાસંબંધીઓ પણહોસ્પિટલ માં દોડી આવ્યા હતા આ બાબતે ઉના પોલીસ દ્વારા મૃતક નાં ભાઈ બાબુભાઈ નરશીભાઈ દોમડીયા રે ઝુડવડલી વાળા ની પોલીસ ફરીયાદ નોંધી બાઈક ચાલક રાજેન્દ્ર મંગળભાઈ વાઢેર સામે બી એન એસ જુદીજુદી કલમ અને મોટર વિકલ એક્ટ હેઠળ ગુન્હો નોંધી ગીરગઢડા પોલીસ ને મોકલાતા વધું તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલા-મહુવા રોડ પર ઓવરબ્રિજના બાંધકામનાં કારણે ટ્રાફિકની સમસ્યા

## મોટું કામ અને કાચા ડાયવર્ઝનથી વધુ મુશ્કેલી સર્જાઇ

**સમય મિરર | સાવરકુંડલા**



સાવરકુંડલા-મહુવા રોડ પર ચાલી રહેલા રેલવે ઓવરબ્રિજના બાંધકામને કારણે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા અને જાહેરનામાના

અમલીકરણમાં ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. ઓવરબ્રિજના નિર્માણ માટે રોડ ડાયવર્ઝન કાઢવામાં આવેલ છે ડાયવર્ઝન રોડ પર કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય રોડ બનાવવામાં ન આવતાં નાના વાહનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડાયવર્ઝન માર્ગ પર ડામર પાથરવામાં ન આવતાં રસ્તાની સ્થિતિ ખરાબ થઈ છે, જેના કારણે નાના વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ ઓવરબ્રિજનું બાંધકામ લાંબો સમય ચાલવાનું હોવાથી, ડાયવર્ઝન માર્ગને ડામર પાથરીને સરખો અને સલામત બનાવવો અત્યંત જરૂરી છે. આ સાથે, ભારે વાહનોના ગેરકાયદે પ્રવેશને રોકવા માટે સખત પગલાં લેવાની અને જાહેરનામાનું કડક અમલીકરણ કરવાની જરૂર છે. સંબંધિત અધિકારીઓને આ મુદ્દે તાત્કાલિક પગલાં લઈ, ટ્રાફિક વ્યવસ્થાને સુધારવા અને જાહેરનામાનું યોગ્ય પાલન કરાવવા સઘન પ્રયાસો જરૂરી છે. શહેરની ટ્રાફિક વ્યવસ્થા માટે એ આવશ્યક પણ છે. શહેરના જાગૃત નાગરિકો દ્વારા આ સંદર્ભે તંત્રનું ધ્યાન દોરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. પરંતુ હજુ કોઈ આશાસ્પદ પરિણામ આવેલ નથી.

# પ્રભાસપાટણ ખાતે આવેલી ધાર્મિક દબાણ દૂર કરાયેલી જમીન પર પ્રવેશ પ્રતિબંધ

## જિલ્લા મેજીસ્ટ્રેટ સામે થશે કાર્યવાહી : એન.વી.ઉપાધ્યાય દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ : ભંગ કરનાર

**સમય મિરર | વેરાવળ**

સરકારી જમીનની જાળવણી કરવા તેમજ તેના ઉપર થતું અનઅધિકૃત દબાણ અટકાવવા બાબતે સરકારના મહેસુલ વિભાગ દ્વારા સમયાંતરે ઠરાવ, જાહેરનામા તથા પરિપત્ર કરી સૂચનાઓ આપવામાં આવેલ છે. ઉપરાંત સુપ્રિમ કોર્ટે સ્પે.લીવ પીટીશન નં.૮૫૧૯/૨૦૦૬, તા.૦૭/૦૯/૨૦૦૯ અને તા.૨૯/૦૯/૨૦૦૯ના ઓર્ડરથી જાહેર શેરીઓ, જાહેર ઉદ્યાનો કે અન્ય જાહેર સ્થળો વગેરે પર ધાર્મિક પ્રકારના જેવા કે, મંદિર, મસ્જિદ, ચર્ચ, મકબરા, ગુરુદ્વારા વગેરે પ્રકારના ધર્મસ્થાનોના અનઅધિકૃત થયેલા બાંધકામ દુર કરવા તથા નવા અનઅધિકૃત ધાર્મિક બાંધકામ ન થાય તે અંગે રાજય સરકારે જરૂરી નિર્દેશો/સૂચનાઓ પ્રસારીત કરવા આદેશ કરવામાં આવેલ છે.

આ સુચના અન્વયે ગીર સોમનાથ જિલ્લામાં ઝુંબેશના ભાગરૂપે વેરાવળ તાલુકાના પ્રભાસપાટણમાં આવેલ શ્રી સરકાર સદરેની સ.નં.૧૮૫૧ અને સ.નં.૧૮૫૨ વાળી જમીન પરના ધાર્મિક દબાણ તાજેતરમાં દુર કરવામાં આવ્યાં છે. આ જમીન પર અન્ય વ્યકિતઓના પ્રવેશ કે દબાણ કરવાથી લોકો વચ્ચે ઘર્ષણ, કોમી હિંસા, રમખાણો તથા તોફાનો થવાની સંભાવના જણાય છે. જેથી જાહેર સુલેહ શાંતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા અગમચેતીના પગલા લેવાના ભાગરૂપે અન્ય કોઈ ઈસમ/સંસ્થા/કંપનીના પ્રવેશબંધી અંગેનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક જણાય છે.

ગીર સોમનાથ જિલ્લા મેજીસ્ટ્રેટ એન.વી.ઉપાધ્યાય દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા અનુસાર વેરાવળ તાલુકાના પ્રભાસપાટણના સરકાર સદરે આવેલ સ.નં.૧૮૫૧ અને ૧૮૫૨ વાળી જમીન/મિલકત પર કોઈ પણ ઈસમ/સંસ્થા/કંપનીએ પ્રવેશ કે દબાણ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ સ્ટાફને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા.૦૧/૦૬/૨૦૨૫થી ૬૦ દિવસ સુધી(બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

# સુત્રાપાડાના પાધ્રુકા ગામે PM પ્રણામ યોજના અંગે સેમિનાર યોજાયો

## વિવિધ ખાતરો બાબતે માર્ગદર્શન અપાયું

**સમય મિરર | સુત્રાપાડા**

કેન્દ્ર સરકારની ખેડૂતો માટેની પી.એમ પ્રણામ યોજના અંતર્ગત ૨૯ મેં ના સુત્રાપાડા તાલુકાના પાધ્રુકા ખાતે ખેડૂત મિટિંગનું આયોજન થયું,જેમાં જી.એસ.એફ.સી ના અધિકારી રીમ્પલબેન દ્વારા વૈકલ્પિક ખાતરોના ઉપયોગ વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

વિશેષમાં રાસાયણિક ખાતરો જેવા કે યુરિયા અને ડી.એ.પી જેવા ખાતરોની જગ્યાએ વૈકલ્પિક ખાતરો એમોનિયમ સલ્ફેટ તેમજ ૨૦:૨૦:૦:૧૩ નો ઉપયોગ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું,આ સિવાય પ્રાકૃતિક ખેતી માટે એગ્રો પ્રોડક્ટ પ્રોમ,બેક્ટેરિયા પી.એસ.બી,અમીન સહિતની પ્રોડક્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.





કાર્યક્રમના આયોજનની જહેમત ખેડૂત પ્રતિનિધિ બાબુભાઈ વાઢેર,જી.એસ.એફ.સી એગ્રો ટેક લી. ડેપોટ ઇન્ચાર્જ પ્રાચી ભાવેશભાઈ સોલંકી તેમજ જી.એસ.એફ.સીના અધિકારી રીમ્પલબેનએ ઉઠાવી હતી.

# પોરબંદરના ભારવાડાની ભાદા સીમમાં જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા, ત્રણ નાસી છુટ્યા

## રોકડ, બાઈક, મોબાઈલ સહિત રૂ.૩.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી બગવદર પોલીસ

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદરના ભારવાડા ગામે ભાદા સીમમાં જાહેરમાં હરજીતનો રોન પોલીસ નામનો જુગાર રમતા હોવાની બાતમી ના આધારે બગવદર પોલીસે બાતમી વાળી જગ્યાએ રેડ પડતાં સાત ઈસમો જુગાર રમતા તેમાં ચાર ને રોકડા રૂ.૨૪,૧૨૦ તથા મોબાઈલ ફોન,ફોર વ્હીલ કાર સહિતના રૂ.૩,૩૬,૧૨૦ મુદ્દામાલ સાથે પકડી પાડેલ. જ્યારે ત્રણ નાશી જતા તેમની સામે ધોરણસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે

પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડું ના માર્ગદર્શન તથા ડ્રાઈવ હેઠળ બગવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ. એસ.બારા તથા સ્ટાફ ના માણસો બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ફરતા ફરતા ભારવાડા ગામ પાસે પહોંચતા પોલીસહેડ



તસવીર : વિરમ કે.આગઠ

કોન્સટેબલ વી.એન.ભુતિયાના ઓને ખાનગી રાહે હકીકત મળેલ કે ગામની ભારવાડા ગામની ભાદા સીમમાં જાહેરમાં અમુક ઈસમો પૈસા પાના વડે તીન પતીનો હારજીતનો જુગાર રમે છે. તેવી હકીકત મળેલી.

ત્યારે બગવદર પોલીસ સ્ટાફના માણસોને મળેલ બાતમીના આધારે હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા હમીર અરભમભાઇ વીસાણા ઉ.વ.૪૦, ધંધો ખેતી રહે. સોઢાણા ગામ તા.જી.પોરબંદર, સવદાસ માલદે ભાઈ ઓડેદરા ઉ.વ. ૩૬, તથા પ્રતાપ હરદાસભાઈ ઓડેદરા ઉ.વ. ૩૫,ધંધો ખેતી,રહે બંને ભારવાડા ગામ તા.જી. પોરબંદર, રાજુભાઈ મેરુભાઈ ઓડેદરા ઉ.વ.૪૫, ધંધો ખેતી રહે, ગઢુ તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા વાળાઓ રોન પોલીસ નામનો જુગાર રમતા પકડાઈ જતા આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૨૪,૧૨૦, મોબાઈલ ફોન નંગ-૪ કિંમત રૂ.૧૨, ૦૦૦ તથા એક હુંડાઈ કંપનીન વર્નાફોર વ્હીલ કાર કિંમત રૂપિયા ૩,૦૦, ૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ જ્યારે મેરૂભાઈ વિરમભાઈ મૈયારીયા રહે, ઝુંડાળા, લાખા ભાઈ રહે,પાંડાવદર તા.જી. પોરબંદર તથા વિનોદભાઈ રહે, ખંભાળિયાવાળા નાસી ગયેલ હોય તમામ સામે જુગારધારા ક.૧૨ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવી બગવદર પોલીસ દ્વારા કામગીરી કરેલ છે.

# દીવના નાગવા અને ઘોઘલા બીચ પર સ્વીમીંગ કરવાની મનાઈ

## ત્રણ મહિના માટે તંત્ર દ્વારા મુકાયો પ્રતિબંધ



**સમય મિરર | દીવ**

ચોમાસાની ઋતુના કારણે સમુદ્રમાં જોરદાર પવન ફુંકાવાની શક્યતા હોય છે. જેના લીધે સમુદ્રમાં ડૂબી જવાની ઘટના બની શકે છે. આ પ્રકારની દૂર્ઘટના ન બને તે માટે દીવ પ્રશાસને તરફથી દર વર્ષે પહેલી જૂનથી ૩૧ ઓગસ્ટ આ ત્રણ માસ સુધી દરિયામાં સ્વીમીંગ કરવાની મનાઈ રહે છે. અને સ્પોર્ટસ રાઈડ્સ એક્ટિવીટી પણ બંધ રહેશે. સ્થાનિકો અને પર્યટકો માત્ર બીચ ઉપર જઈ શકશે આ ત્રણ માસ નાગવા બીચ અને ઘોઘલા બીચ ઉપર સ્વીમીંગ અને રાઈડ્સ બંધ થતાં પર્યટકો સ્વીમીંગ અને રાઈડ્સના આનંદથી વંચિત રહેશે.

# ધોરાજી ખાતે રાજપૂત સમાજના પ્રમુખના નિવાસસ્થાનની મુલાકાત લેતા શંકરસિંહ

## શંકરસિંહ વાઘેલાને રજવાડી પાઘ પહેરાવી સન્માન કરાયું





**સમય મિરર | ધોરાજી**

ધોરાજી રાજપુત સમાજના પ્રમુખ આશાપુરા એન્ટરપ્રાઈઝ જીટીપીએલ વાળા પ્રવિણસિંહ જાડેજાના નિવાસ સ્થાને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા બાપુએ શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

આ તકે શંકરસિંહ વાઘેલાનું રજવાડી પાઘડી શાલ ઓઢાડી ભવ્ય અભીવાદન કરવામાં આવેલ હતું અને જુના સંસ્મરણોને યાદ કરીને સમાજલક્ષી ચર્ચા વિચારણા કરેલ હતી.

આ તકે રાજપુત સમાજના પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા (સંતકૃપા ટ્રાવેલ્સ), રણજીતસિંહ જાડેજા, મહાવિરસિંહ વાઘેલા, ગંભીરસિંહ વાળા, પ્રતાપસિંહ રાણા, મોહનસિંહ રાણા, દશરથસિંહ ઝાલા, અશોકસિંહ જાડેજા, દિલીપસિંહ રાઠોડ, અભીજીતસિંહ જાડેજા, યશદિપસિંહ જાડેજા, હર્ષદિપસિંહ જાડેજા, બ્રિજરાજસિંહ જાડેજા, વિરપાલસિંહ જાડેજા, મિતરાજસિંહ જાડેજા સહિતના લોકો હાજર રહી પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનું અભીવાદન કરેલ હતું.

# કેશોદના સોદરડા ગામની સગીરા સાથે દુષ્કર્મ આચરનાર ઝડપાયો

## લગ્નની લાલચ આપી દેહ અભડાવતાં ધરપકડ

**સમય મિરર | કેશોદ**

કેશોદના સોદરડા ગામેથી સગીરાને લગ્નની લાલચ આપી પોતાના ઘરે લઈ જઈ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યાની ફરિયાદ સગીરાના પરિવારજનોએ કેશોદ પોલીસ સ્ટેશનમાં કેશોદ ખાતે રહેતાં ગૌરવ ઉર્ફે કાનો મનસુખભાઈ ચૌહાણ વિરુદ્ધ નોંધાવતાં કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સપેક્ટર પી એ જાદવ પોલીસ કોન્સ્ટેબલ સંજયસિંહ કલ્યાણસિંહ ઝાલા અને રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા એ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(ડબ્લ્યુ), ૩(૨)(૫), પોક્સો એક્ટ કલમ ૪, ૫(એલ), ૬, ૮, ૧૨

હેઠળ ગુનો નોંધી કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠક્કર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. કેશોદ પોલીસે સોદરડા ગામની દલિત સગીરાને



લગ્નની લાલચ આપી વાલીપણામાં થી ભગાડી જઈ દુષ્કર્મ આચરનાર નરાધમ ગૌરવ ઉર્ફે કાનો મનસુખભાઈ ચૌહાણ ને ઝડપી લેવામાં આવ્યો છે અને કેશોદ પોલીસ દ્વારા પુરાવાઓ એકઠાં કરવા ઉપરાંત તબીબી તપાસ હાથ ધરી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર નરાધમ ગૌરવ ઉર્ફે કાનો મનસુખભાઈ ચૌહાણ કેશોદ પોલીસ સ્ટેશનમાં અગાઉ પ્રોહીબીશન ના ગુનાઓ સહિત ગુનાઓમાં ઝડપાયેલ લિસ્ટેડ ગુનેગાર હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

# વેરાવળમાં પર્યાવરણ બચાવ ઝુંબેશ અંગે કાપડની બેગનું નિઃશુલ્ક વિતરણ કરાશે

## તંત્ર દ્વારા નાગરીકો, વેપારીઓ સાથે સંકલન બેઠક યોજાઈ

**સમય મિરર | વેરાવળ**

વિશ્વ પર્યાવરણ દિવસ પહેલા પ્રિ-ઈવેન્ટ તરીકે ગીર સોમનાથ જિલ્લામાં અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. જે અંતર્ગત નગરપાલિકા વેરાવળ સભાખંડ ખાતે કલેક્ટર એન. વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને પ્રબુદ્ધ નાગરિકો, વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ અંગે ચીફ ઓફિસર પાર્થિવ પરમારે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત થીમ પર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેની પ્રિ-ઈવેન્ટ તરીકે લોકોમાં જાગૃતિ એવા હેતુસર તા.૨૨ મે થી ૫ જૂન સુધી ગીર સોમનાથ જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અંતર્ગત લોકોમાં પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવા હેતુથી જાગૃતિ લાવવા માટે આ બેઠક



યોજાઈ હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ શહેરની મુખ્ય બજારો તેમજ શાક માર્કેટ ખાતે આગેવાનો, વેપારીઓ પ્રબુદ્ધ નાગરિકો સિનિયર સિટીઝનો સહિતના સંસ્થાના હોદ્દેદારો સાથે કાપડની બેગનું નિઃશુલ્ક વિતરણ કરવા અને જાહેરમાં પ્લાસ્ટિક ન વાપરવા સમૂહ શપથ લેવામાં આવ્યા હતાં.

પ્લાસ્ટિક વાપરવું એ આપણા સ્વાસ્થ્ય માટે જોખમકારક છે. વહીવટી તંત્રની અપીલના માધ્યમથી અનેક સંસ્થાઓ, વેપારીઓ કાપડની થેલીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે. આ બેઠકમાં વિવિધ સૂચનોને આવકારી પર્યાવરણ પ્રિ-ઈવેન્ટ અંતર્ગત સામાજિક સંસ્થા, વેપારી મંડળો, સિનિયર સિટીઝનો દરેક સમાજના પ્રમુખ, પટેલ અને પ્રેસ મીડિયા સહિત નગરજનોને સહભાગી થવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા જાગૃતિ લાવા તંત્ર સાથે સંકલન કરવા નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા અનુરોધ કરાયો છે.

# ધોરાજીના ઉર્ષ મેળાના ગ્રાઉન્ડમાં થયેલા ૩૦૦થી વધુ દબાણો હટાવાયા

## રૂ.૧૮.૭૦ કરોડની જમીન ખુલ્લી કરાવાઇ

**સમય મિરર | ધોરાજી**

ધોરાજી માં રેવન્યુ વિભાગ હસ્તક ની જમીન પર થયેલ દબાણ દૂર કરાયા બહારપુરા વિસ્તાર માં ઉર્ષ મેળા ના ગ્રાઉન્ડ માં સ્ક્રેપ ના ધંધાર્થીઓ એ લારી અને કેબિન મૂકી અને ગેરકાયદેસર રીતે કર્યું હતું દબાણ ૩૦૦ જેટલા સ્ક્રેપ ના ધંધાર્થીઓ એ રેવન્યુ વિભાગ ની જમીન પર



ગેર કાયદેસર દબાણ ખડક્યું હતું નગર પાલિકા ની દબાણ હટાવ શાખા દ્વારા દબાણો દૂર કરાયા અનેક દબાણકર્તાઓ ને નગરપાલિકા એ નોટિસ આપ્યા બાદ અનેક દબાણકારો એ સ્વેચ્છાએ દબાણો દૂર કર્યા હતા.

પાણી ના પરબ અને લાકડા ના ગોડાઉન પર નગર પાલિકા ની ટીમ દ્વારા જેસીબી ફેરવી દેવાયું રેવન્યુ વિભાગ ની ૧૭૦૦૦ ચોરસ મીટર જેટલી જમીન પર થયેલ દબાણ દૂર કરાયા ૧૮ કરોડ ૭૦ લાખ રૂપિયા ની જમીન ખુલી કરાઈ ડેપ્યુટી કલેકટર મામલતદાર અને ચીફ ઓફિસર અને પોલીસ અધિકારી ની હાજરી માં નગર પાલિકા ના ૧૦૦ જેટલા કર્મચારીઓ આ કામગીરી માં જોડાયા હતા.

## તા. ૩ જૂન સુધી નિષ્ણાંત તબીબો દર્દીઓનું નિદાન અને તપાસ કરશે

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે વિનામૂલ્યે એક્યુપ્રેસર અને આયુર્વેદિક નાડી કેમ્પનું આયોજન

**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલા, સંત કબીર રોડ પર આવેલી કબીર ટેકરી ખાતે તા. ૩-૬-૨૦૨૫ દરમિયાન સમય સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી એક્યુપ્રેશર અને આયુર્વેદિક નાડી વિજ્ઞાનનો વિનામૂલ્યે કેમ્પ યોજાઈ રહ્યો છે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય અસાધ્ય રોગોથી પીડાતા દર્દીઓને રાહત આપવાનો છે. આ કેમ્પમાં ચિકિત્સક હિતેન સિંહ વાઘેલા દ્વારા નિઃશુલ્ક સારવાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

આ કેમ્પમાં સંધિવા, હાથ-પગનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, સ્થૂળતા (મેદસ્વીતા), લકવો, હરસ-મસા જેવા રોગોથી પીડાતા દર્દીઓ ખાસ કરીને આ સેવાનો લાભ લઈ શકે છે. આયુર્વેદિક નાડી વિજ્ઞાન દ્વારા રોગનું નિદાન અને એક્યુપ્રેશર થેરાપી દ્વારા



ઉપચાર કરીને દર્દીઓને સ્વસ્થ જીવન જીવવા માટે મદદ કરવામાં આવશે.

સાવરકુંડલા શહેર આવેલ હોસ્પિટલ ખાતે દર્દીઓને વિનામૂલ્યે ભોજન સેવા પણ આ સંસ્થા દ્વારા થઈ રહી છે. કબીર ટેકરી આશ્રમના મહંતશ્રી નારાયણદાસ સાહેબ આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ સતત વિસ્તરે તે માટે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે. તો શિવરાત્રી પર્વ નિમિત્તે જુનાગઢ તળેટીમાં રાવટી નાખી ભોજન અને ભજનની પ્રવૃત્તિઓ પણ નિયમિત થાય છે. ટૂંકમાં ભજન ભોજન સૂત્રને સાર્થક કરતાં કબીર ટેકરી આશ્રમ મહંત શ્રી નારણદાસ સાહેબ પોતે એક અલગારી સાધુ છે. આ ઉપરાંત સાહિત્ય સર્જકોને બિરદાવી તેમના વિચારોને વેગ આપવા અવારનવાર સન્માન સમારોહ પણ આ કબીર ટેકરી આશ્રમ ખાતે યોજાય છે.પોતે પ્રકૃતિ પ્રેમી અને ગૌપ્રેમી હોય આશ્રમની ગૌશાળા અને વાડી ખાતે જુદા જુદા વૃક્ષો ઉગાડી તેની માવજત પણ કરતાં જોવા મળે છે. અયોધ્યા ખાતે રામ મંદિર ખાતે યોજાયેલા રામલલ્લા પ્રાગટય મહોત્સવ દર્શનાર્થે જનારા ખૂબ જૂજ સંતોમાં કબીર ટેકરી આશ્રમ મહંત નારણદાસ સાહેબને પણ નિમંત્રણ મળ્યું હતું.

# પોરબંદરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો બાબતે સેમિનાર યોજાયો

## ચેમ્બર ઓફ કોમર્સના વર્કશોપમાં માર્ગદર્શન અપાયું



તસવીર : વિરમ કે.આગઠ

**સમય મિરર | પોરબંદર**

પોરબંદર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીનાં ભાગરૂપે સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો એમએસએમઈ એકમોની ભાગીદારી વિષય પર ધ ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, પોરબંદર ખાતે વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આ વર્કશોપમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો જેવા કે, બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક, સિલિકોન, મેટલમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ, બાંસ, કપાસ અને જૂટ બેગ્સ વિષે ઉદ્યોગકારો સાથે વર્કશોપમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ શ્રમ અધિકારી ચિંતન ભટ્ટ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો વિશે વાત કરવામાં આવી હતી અને આ કાર્યક્રમમાં ૩૫ જેટલા ઉદ્યોગકારો અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજકોટમાં તાપમાનનો પારો ફરી ૪૨ ડિગ્રીને અડ્યો, ભેજ-બફારો વધ્યો

## બપોરે ચાર દિવાલની બહાર નીકળવું અસહ્ય

સમય મિરર । રાજકોટ



રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વાદળીયા વાતાવરણમાં ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. રાજકોટમાં હવામાં ભેજના વધારા સાથે અસહ્ય ઉકળાટ ગરમીથી જનજીવન પ્રભાવીત થયુ છે. સતત બીજા દિવસે ગરમીનો પારો ૪૧ ડીગ્રીને પાર જતાં આકરા તાપથી શહેરીજનો અકળાઈ ઉઠયા છે.

રાજકોટમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૩૦.૬ ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૮ કીમી નોંધાઈ હતી. બપોરે મહતમ તાપમાન ૪૧.૮ ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૨૭ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૨ કીમી નોંધાઈ હતી.

વહેલી સવારથી જ હવામાં ભેજના વધારા સાથે પવન ફુંકાતા બપોર થતાં જ આકરા તાપ સાથે બફારાથી પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. દિવસભર ધુપ-છાવભર્યા વાતાવરણમાં હજુ ગરમીમાંથી રાહત મળતી નથી. હવામાન વિભાગની છુટાછવાયા વરસાદની આગાહી વચ્ચે ગરમીએ જોર પકડતા હજુ ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે.

રાજકોટમાં ગઈકાલે ગરમીનો પારો ૪૧ ડીગ્રી રહ્યા બાદ આજે બપોરે ૪૧.૮ ડીગ્રીએ પહોંચવાની સંભાવના છે.વિદાયની વેળાએ ઉનાળાની ઋતુમાં હવામાનમાં બદલાવ સાથે ગરમી બફારાનું પ્રમાણ યથાવત રહ્યું છે.

# સ્ટે. ચેરમેન જયમીન ઠાકર બન્યા 'નાયક'

## વોર્ડ નં. ૨માં સતત ચાર દિવસથી વીજ વિક્ષેપની થોકબંધ ફરિયાદો છતાં નિંભર થઈને બેઠેલા જામટાવર સબ ડિવિઝન કચેરીના અધિકારીઓનો મોડીરાત્રે રૂબરૂ જઈને ઉધડો લીધો

સમય મિરર । રાજકોટ

ચોમાસાના આગમન પૂર્વે અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે વિજળી ગુલ થઈ જવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે ત્યારે ગત રાત્રે રાજકોટ શહેરના વોર્ડ નં.૨માં આવતાં એરપોર્ટ સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં અને પીજીવીસીએલના ફોલ્ટ સેન્ટર, હેલ્પલાઈન કે જવાબદાર ઈજનેરોએ લોકોના કોલ રિસિવ નહીં કરતાં લોકોમાં ભારે દેકારો મચી ગયો હતો અને અકળાયેલા લોકોએ સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જયમીન ઠાકરને ફરિયાદ કરતાં જયમીન ઠાકર રાત્રે એક વાગ્યે જામટાવર સબડીવીઝન કચેરીએ દોડી ગયા હતાં અને ત્યાં હાજર ડેપ્યુટી ઈજનેર, જુનિયર ઈજનેર સહિતના સ્ટાફનો રિતસર ઉધડો લીધો હતો.સતત ચાર દિવસથી વોર્ડ નં.૨માં રાત્રે જ વીજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી જયમીન ઠાકરે પિતો ગુમાવ્યો હતો અને ઉગ્ર ભાષામાં સ્ટાફને તતડાવી તેમના ઘરના વીજ કનેકશન કાપી નાખવાની વારંવાર ચીમકી આપી હતી તેમજ સ્ટાફ વિરૂધ્ધ ગાંધીનગર રિપોર્ટ કરવાની પણ ધમકી આપી દીધી હતી.

જો કે, સબડિવીઝનમાં હાજર ડેપ્યુટી ઈજનેર, જુનિયર ઈજનેર તેમજ સ્ટાફે અન્ડર ગ્રાઉન્ડ કેબલમાં ફોલ્ટ સર્જાયો હોવાનું અને રીપેરીંગ માટે સતત ટ્રાફીક વાળા રોડ ઉપર દિવસે ખોદકામ ન હોવાનું જણાવ્યું હતું પરંતુ સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેને તેમના ખુલાસા સાંભળ્યા વિના સતત ચાર દિવસથી લોકો પરેશાન થઈ રહ્યાનું જણાવી આખા સ્ટાફની કેમેરા સામે ખબર લઈ નાખી હતી.



હલ્લાબોલની આ સમગ્ર ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવ્યું હતું. પીજીવીસીએલના અધિકારી આ વીડિયો રેકોર્ડિંગ અટકાવવા પ્રયાસ કરતાં સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન સ્પષ્ટ મનાઈ કરી વીડિયો રેકોર્ડિંગ ચાલુ રખાવ્યું હતું. ત્યારબાદ રાત્રે જ આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

જયમીન ઠાકરે PGVCL ના અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, તમારા ખઉની લાઈટ હું કાપીશ, મને કોઈના બાપથી ફેર નથી પડતો. રાજકોટ PGVCL કચેરીને હું તાળા મારી દઈશ, મારા પર FIR કરવી હોય તો છૂટ છે. તેમણે અધિકારીઓને એ પણ પૂછ્યું કે, રાત્રે જ શા માટે તમને રિપેરિંગનું કામ યાદ આવે છે? દિવસે શું જખ મરાવો છો? તેમણે પોતાની ૨૫ વર્ષની જાહેર જીવનની અને ૧૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર તરીકેની ઓળખ પણ આપી હતી. આખરે PGVCL ના ચાર અધિકારીઓએ રાત્રે ૩ વાગ્યે પોતાની સહી સાથે લેખિતમાં બાંહેધરી આપી હતી કે હવે વોર્ડ નંબર ૨ વિસ્તારમાં ફોલ્ટ નહીં સર્જાય અને લાઈટ નહીં જાય. આ બાંહેધરી મળતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર ત્યાંથી નીકળ્યા હતા.

## ફૂડની અલગ અલગ આઈટમના નમુના નાપાસ

# ધોરાજીના રંગોલી ફૂડ, જસદણની દામોદર ઓઈલ મિલ અને જેતપુરની ડેરીને દંડ

## કલેક્ટરે કુલ પાંચ પેઢીને ફટકાર્યો દંડ, કડક ચેતવણી

સમય મિરર । રાજકોટ

રાજકોટ શહેર-જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વિવિધ સ્થળો પરથી લેવાયેલા તેલ, પનીર, દૂધ, માવા સહિતના નમૂના ફેઈલ (સબ સ્ટાન્ડર્ડ) થતા પાંચ જેટલી વેપારી પેઢીઓને અધિક કલેકટર આલોક ગૌતમ દ્વારા રૂા.૯૨ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પટેલ સ્વીટસમાંથી માવાનો નમૂનો લેવામાં આવેલ હતો. જેની લેબ તપાસ દરમ્યાન પણ ભેળસેળ ખુલતા આ પટેલ સ્વીટસની પેઢીને પણ રૂા.૧૫ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે.

આવી જ રીતે જસદણની દામોદર ઓઈલ મીલમાંથી તેલનો નમૂનો લેવામાં આવેલ હતો. જે પણ લેબ ચકાસણી દરમ્યાન નાપાસ થતા આ ઓઈલ મીલને રૂા.૨૧ હજાર તેમજ જેતપુરની રજવાડી ડેરીમાં લેવાયેલ પનીરનો નમૂનો સબસ્ટાન્ડર્ડ થતા તેને પણ રૂા.૨૦ હજારનો દંડ કરવામાં આવેલ છે.

જયારે ધોરાજીના રંગોલી ફૂડમાંથી કસ્ટડનો નમૂનો લેવામાં આવેલ જે પણ ફેઈલ થતા તેને પણ રૂા.૨૧ હજારનો દંડ કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ખાદ્ય પદાર્થોના આ ફેઈલ થયેલા નમૂનાના કેસો અધિક કલેકટર આલોક ગૌતમ સમક્ષ ચાલી ગયા હતા.જેની સુનાવણી બાદ ઉપરોક્ત વેપારીઓ સામે અધિક કલેકટર આલોક ગૌતમ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટમાં ૩૧ મેના સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાશે

સમય મિરર । રાજકોટ

રાજ્ય સરકારની સૂચના અનુસાર દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) ૩૧ મેના રોજ શહેરના માધાપર વિસ્તારમાં યોજાશે.

કલેક્ટરશ્રી પ્રભવ જોષીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત ''ઓપરેશન શિલ્ડ''નું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના આદેશ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટમાં આજે તા. ૩૧ મે, શનિવારના



રોજ સાંજે માધાપરની ઉત્તરે રેલવે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઈવે, પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે આ મોકડ્રીલનું આયોજન કરાયું છે.

રાજ્ય સરકારના આદેશ અનુસાર માધાપર વિસ્તારમાં રાત્રે ૮.૦૦ વાગ્યે સાઈરન વગાડવામાં આવશે, જે દરમિયાન આજુબાજુના વિસ્તારોમાં રહેતા નાગરિકોએ ટોટલ બ્લેકઆઉટનું પાલન કરવાનું રહેશે. તમામ નાગરિકોએ આ સમયે પોતપોતાના ઘરની લાઈટ તથા સોસાયટીની કોમન લાઈટ બંધ કરવાની રહેશે. રસ્તા પર ચાલતા વાહનોએ પોતાની મૂવમેન્ટ બંધ કરીને રસ્તાની સાઈડમાં પાર્ક કરવાના રહેશે તથા બ્લેક આઉટનું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રહીશોને નમ્ર અપીલ કરવામાં આવી છે. આ કવાયતમાંથી કોઈ પણ પ્રકારની ઈમરજન્સી તેમજ તમામ મેડિકલ સર્વિસિઝને મુક્તિ આપવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરતાં કલેક્ટરશ્રીએ મોકડ્રીલના સફળ અમલીકરણ માટે સંબંધિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓને આ અંગે સવિસ્તર સૂચનાઓ આપી હતી.

આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુસજ્જતા, એન. સી. સી. તથા યુવા વોલન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઈલ હુમલા સંદર્ભે, એર રેપિડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ અંધારપટ કરી નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, સંભવિત હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમનું તાત્કાલિક ડીપ્લોયમેન્ટ કરવા સંદર્ભે કલેકટરશ્રી જરૂરી સૂચનાઓ આપી છે. આ કવાયત દરમિયાન જરૂરી તમામ વિભાગો અને સ્ટેકહોલ્ડર્સ દ્વારા સમયસર સંકલન કરવામાં આવશે. ૨૦૦ થી વધુ એન.સી.સી.કેડેટસ તથા યુવા વોલન્ટીયર્સ આ ઓપરેશનમાં સામેલ થશે.

## 'રાષ્ટ્રીય વયોશ્રી' યોજના અંતર્ગત

# વૃદ્ધજનો માટે રાજકોટ જિલ્લામાં ૪ થી ૨૦ જૂન દરમિયાન યોજનારા સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ

સમય મિરર । રાજકોટ

રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિલ્હી હેઠળની ભારત સરકારશ્રીની ''રાષ્ટ્રીય વયોશ્રી યોજના'' અંતર્ગત ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સ માટે વિનામૂલ્યે વોકિંગ સ્ટીક, કાખઘોડી, ટ્રાઈપોડ, વોકીંગ એડ મશીન, ફોલ્ડીંગ વ્હીલચેર, આર્ટિફિશિયલ દાંત સહિતના વિવિધ પ્રકારના સાધનો આપવા માટે એલિમ્કો કંપની દ્વારા તાલુકા કક્ષાએ તથા રાજકોટ શહેરમાં આગામી તા. ૪ થી ૨૦ જૂન દરમિયાન એસેસમેન્ટ કેમ્પ યોજાનાર છે. આ કેમ્પના પૂર્વ આયોજન માટે કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ રાજકોટ જિલ્લાના પ્રાંત અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિગતવાર ચર્ચા કરી હતી.

૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સને સરકારશ્રીની આ યોજનાનો લાભ મળે તે માટે યોગ્ય કામગીરી કરવા ઉપરાંત વૃદ્ધોને પેન્શન યોજનાનો લાભ, આયુષ્માન ભારત કાર્ડ સહિત અન્ય જરૂરી દાખલાઓમા વિધવા સહાય, હયાતીના દાખલા પણ કેમ્પમાં કાઢી આપવા માટે પ્રાંત અધિકારીશ્રી ગોંડલ, જસદણ, ધોરાજીને સૂચના આપી હતી.

રાજકોટ જિલ્લામાં આગામી તા. ૪ જૂનના રોજ ઉપલેટા સરકારી હોસ્પિટલ, ૫ જૂનના ધોરાજી સરકારી હોસ્પિટલ તેમજ જેતપુર સરકારી હોસ્પિટલ, ૯ જૂનના ગોંડલ સરકારી હોસ્પિટલ, ૧૦ જૂનના જામકંડોરણા સીએચસી, ૧૧ જૂનના કોટડા સાંગાણી સીએસસી, ૧૨ જૂનના જસદણ સરકારી હોસ્પિટલ, ૧૩ જૂનના વિછીયા સીએચસી, ૧૬ ના સીએચસી લોધિકા, ૧૭ તારીખના સીએચસી પડધરી, ૧૮ તારીખના પીએચસી કુવાડવા તેમજ ૧૯ અને ૨૦ જૂનના રોજ રાજકોટ શહેરમાં વિવિધ વોર્ડ વાઈઝ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે.કલેક્ટરએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પ્રકારની વ્યવસ્થા મામલતદારશ્રીઓ તેમજ આરોગ્ય અધિકારીના સંકલનમાં રહીને પૂરી કરવા માટે પ્રાંત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ પ્રાંત અધિકારી શ્રી મહેક જૈન તેમજ શ્રી ચાંદની પરમાર તેમજ સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓ જોડાયા હતા

# RMCના ભાજપના પૂર્વ TP ચેરમેને રૂ.4 લાખની 'પ્રોટેકશન' મની માંગી?

## વોર્ડ નં-૧૬માં કારખાનાના ગેરકાયદે બાંધકામમાં વહિવટ ન કરતા ડિમોલિશન કરાવ્યાના કારખાનેદારે કરેલા આક્ષેપથી ખળભળાટ



આક્ષેપ કરનાર કારખાનેદાર



ડિમોલીશન થયેલ વિવાદાસ્પદ બાંધકામ



કોર્પોરેટર અને પૂર્વ ટીપી ચેરમેન

સમય મિરર । રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના વધુ એક કોર્પોરેટર વિવાદમાં આવ્યા છે. શહેરના વોર્ડ નં-૧૬ના કોર્પોરેટર નરેન્દ્ર ડવ દ્વારા પુનિત સોસાયટી મેઈન રોડ પર આવેલા ગેરકાયદેસર કારખાનાનું ડિમોલિશન ન થાય તે માટે ૨ વર્ષ પહેલાં રૂપિયા ૪ લાખ લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ ભાજપના પૂર્વ સક્રિય કાર્યકર કમલેશ ગોસાઈએ કર્યો છે. જોકે, ભાજપના કોર્પોરેટર દ્વારા આ આક્ષેપોને તદન ખોટા ગણાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કારખાનાના માલિકને ગત ૩૧ મે, ૨૦૨૩ના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી હતી. બાદમાં ૯ એપ્રિલ, ૨૦૨૫ના વધુ એક નોટિસ આપ્યા બાદ ગઈકાલે કોર્પોરેશન દ્વારા ગેરકાયદેસર બાંધકામને તોડી પડાયું હતું.

મારા કારખાનાનું ડિમોલિશન કરાવવામાં આવ્યું રાજકોટના વોર્ડ નં-૧૬માં પુનિત સોસયાટી મેઈન રોડ પર કારખાનું ધરાવતા કમલેશ ગોસાઈએ જણાવ્યું હતું કે, પ્લાન પાસ કરાવ્યા વિના મેં બાંધકામ બનાવ્યું હતું. બે માળનું બાંધકામ કરેલું હતું અને તે સ્થાનિક કોર્પોરેટર હોય એવું કીધું હતું કે, પછી તમારો પ્લાન પાસ થઈ જશે. કોર્પોરેટરો સાથે મે વહીવટ કર્યો હતો. હું ભાજપનો સક્રિય કાર્યકર પણ હતો તેમ છતાં પણ બીજી વખત વહીવટ ન કર્યો એટલે હાલ મારા કારખાનાનું ડિમોલિશન કરાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩માં કારખાનાનું બાંધકામ થયું હતું અને તે વખતે નરેન્દ્ર ડવ સાથે વહીવટ કર્યો હતો.

ઉપર સાહેબને દેવાના છે જેથી કવરમાં આપજો જેથી મેં કોર્પોરેટર નરેન્દ્ર ડવને રૂપિયા ૪ લાખ આપ્યા હતા. તે વખતે મને એવું કહ્યું હતું કે, ઉપર સાહેબને દેવાના છે જેથી કવરમાં આપજો. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, અહીં કોઈપણ જગ્યાએ બાંધકામ ચાલતુ હોય અને બહાર રેતીનો ઢગલો કે કોઈપણ વસ્તુ પડી હોય તો તેના પણ રૂપિયા ૫,૦૦૦ આ કોર્પોરેટર લઈ જાય છે.

આ મામલે કોર્પોરેટર નરેન્દ્ર ડવે જણાવ્યું હતું કે, આક્ષેપ કરનારા ભાઈ સાથે મારે કંઈ લેવાદેવા નથી. ૨૬૦(૧)ની નોટિસ તે ભાઈને જ્યારે આવી ત્યારે તે મારી પાસે આવ્યા હતા કે આ નોટિસનો જવાબ લખતા મને આવડતો નથી. ત્યારે મેં તે ભાઈને કહ્યું હતું કે, તમે પ્લાન કમ્પ્લિશન લઈ લો. તે વખતે તેમણે કહ્યું હતું કે, આ મારું દસ્તાવેજ વાળું કારખાનું નથી, પરંતુ ખેતરના ખરાબામાં છે. તે વખતે મેં તેમને જણાવ્યું હતું કે, આમાં મારું કંઈ ચાલે નહીં. રૂપિયા ૪ લાખની વાત તદન ખોટી છે. લોકો મારી પાસે વધુ પડતા આવે છે અને હું સેવાકીય કામો કરું છું તેને બદનામ કરવા માટેની આ કોશિશ છે.

# રાજકોટ કલેક્ટર કચેરી ખાતે ટી.ડી.એસ. જાગૃતિ સેમિનાર યોજાયો

## મહેકમ, હિસાબી અને સંબંધિત વિભાગના કર્મયોગીઓને કર કપાત અંગે ઝીણવટપૂર્ણ માહિતી પુરી પાડતું ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ

સમય મિરર । રાજકોટ

રાજકોટની કલેક્ટર કચેરીના સભા ખંડ ખાતે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (ટી.ડી.એસ.) જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના ઓફિસરશ્રી સમર્થ જોશીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈન્કમટેક્સ ભરવાના ફાયદાઓ, પ્રોવિઝન ઓફ સેલેરી, શોર્ટ ડિડક્શન, શોર્ટ પેમેન્ટ, ડિમાન્ડ એનાલિસિસ, જસ્ટિફિકેશન ઓફ રિપોર્ટ, લેટ ફાઈલિંગ ફી, તેના પર લાગતું વ્યાજ, ક્યા સેક્શનમાં ટી.ડી.એસ.ક્યા દરે કાપવું, ઈન્કમટેક્સના વિવિધ કાયદાઓ સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી



ઉપસ્થિત સર્વેને આપી હતી. સેમિનારના અંતે પ્રશ્નોતરી કરીને સંબંધિત અધિકારીઓ અને કર્મચારીશ્રીઓએ સંવાદ કર્યો હતો.

આ તકે ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટના જોઈન્ટ કમિશનર શ્રી અનન્યા કુલશ્રેષ્ઠ, ઈન્કમટેક્સ ઓફિસર શ્રી વિરેન મહેતા, શ્રી રાજીવ કુમાર, કલેકટર કચેરીની હિસાબી શાખા, પેટા હિસાબી શાખા, મહેકમ શાખા, અપીલ શાખા, ખાસ શાખાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ૪ અને ૧૧ જૂનની શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ અને વેરાવળ-ગાંધીનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ મોડી આવશે

સમય મિરર । રાજકોટ

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં બ્રિજ નંબર ૨૨૫ ના ગાર્ડર ફરીથી કરવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક આવશે.

આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી બે ટ્રેનની સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વધુ માહિતી નીચે મુજબ છેઃ

૧) ટ્રેન નંબર ૧૨૪૭૭ સ્થાન-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ૦૪.૦૬.૨૦૨૫અને૧૧.૦૬.૨૦૨૫ ના રજાથી તેના નિર્ધારિત સમય ૦૮ઃ૩૦ બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૦ઃ૩૦ કલાકે પરિવહન માટે ઉપડશે.

૨) ટ્રેનર નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૦૪.૦૬.૨૦૨૫અને૧૧.૦૬.૨૦૨૫ ના વેરાવળ તેના નિર્ધારિત સમય ૭ઃ૩૦ બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી કે ૮ઃ૪૫ કલાકે ઉપડશે.

તાલીમ સંચાલન સમય વિશે વધુ માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટના રિલાયન્સ મોલમાં બોમ્બ હોવાનો કોલ આવતાં દોડધામ મચી

## ડીસ્પોઝલ સ્ક્વોડ સહિત સુરક્ષા એજન્સીઓ સ્થળ પર પહોંચી : મોકડ્રીલ જાહેર

સમય મિરર । રાજકોટ

આજે સવારે ૧૦ઃ૧૦ વાગ્યે પોલીસ કંટ્રોલ રૂમ ઉપર ૧૫૦ ફુટ રીંગરોડ પર આવેલા રીલાયન્સ મોલના પાર્કીંગમાં બોમ્બ પડયો હોવાની જાણ કરાતા પોલીસ તંત્ર અને ફાયરબ્રિગેડમાં દોડધામ મચી જવા પામી હતી. મોલમાં સ્ટોર ધરાવતા માલીકો અને કર્મચારીઓમાં પણ શું બની રહયું છે તેવિચારી ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.

માહિતી મળતાની સાથે જ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ, કિવક રીસ્પોન્સ ટીમ, માલવીયાનગર પોલીસ કાફલો, ટ્રાફિક પોલીસ અને ફાયરબ્રિગેડ પોતપોતાના સ્ટાફ સાથે રીલાયન્સ મોલના પાર્કિંગમાં પહોંચી ગઇ હતી અને પાર્કિંગના ખુણેખુણામાં સર્ચ ઓપરેશન હાથધર્યું હતું. પાર્ક થયેલા વાહનોની ડેકી, વાહનમાલીકોના સામાનની છાનભીન કરવામાં આવી હતી. અંતે કંપાઉન્ડમાંથી એક શંકાસ્પદ બોકસ



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

મળી આવ્યું હતું જેને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડે ખાસ પ્રકારના યુનિફોર્મ પહેરી કબ્જે લીધુ હતું. પરંતુ અંદરથી કાંઇ મળી આવ્યું ન હતું. સવારે ૧૦ઃ૧૦ વાગ્યાથી ૧૦ઃ૪૫ સુધી આ કવાયત હાથ ધરવામાં આવી હતી. અંતે બોમ્બની માહિતી સંદર્ભિત મોકડ્રીલ હોવાનું જાહેર કરાયું હતું. ત્યારબાદ મોલમાં ફરજ બજાવતા સમગ્ર સ્ટાફને ' ફોલો ઈન' કરાવી ઉપસ્થિત એસીપી ચૌધરી, એસઓજી પી.આઇ. સંજયસિંહ જાડેજા, માલવીયાનગર પી.આઇ. દેસાઇ અને ટ્રાફિક પી.આઇ. એમ.ડી. ગઢવી સહિતના અધિકારીઓએ બોમ્બ કે આગ જેવી ઘટનાઓ બને તો તેવી તકેદારી રાખવી જોઇએ? લોકોને કેવી રીતે ''ઈવેકયુએટ' કરવા જોઇએ? સહિતના મુદે તલસ્પર્શી માહિતી અને સમજ આપવામાં આવી હતી. શહેરની સલામતી માટે પોલીસ અને ફાયરબ્રિગેડનું તંત્ર કેટલું એલર્ટ છે તે તપાસવા અવાર-નવાર જુદા-જુદા સ્થળોએ આવી મોકડ્રીલ યોજાતી રહે છે.

# જીજ્ઞેશ દાદાની કથામાં ચીલઝડપ કરનાર ટોળકી ગિરફ્તાર

## ગીર્દીનો લાભ લઈ મંગળસૂત્ર અને ચેઈન તફડાવનાર ત્રણ મહિલા સહિત ચારની ધરપકડ

**સમય મિરર | રાજકોટ**



ભુપેન્દ્ર રોડ પર આવેલા સ્વામીનારાયણ મુખ્ય મંદિરમાં આયોજીત જીગ્નેશ દાદાની ભાગવત સપ્તાહમાં ગયેલા સુરતનાં હેમીબેન રાઘવભાઈ નકુમના ગળામાંથી અજાણ્યો શખ્સ રૂા.૮૦ હજારની કિંમતનું સોનાનો ચોઈન ચોરી ગયાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.આ ઘટનામાં પોલીસે ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિને ઝડપી લઇ એક મંગળસૂત્ર અને એક સોનાનો ચેન એમ કુલ રૂપિયા ૩.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે શિક્ષક મહેશભાઈ પંચાભાઈ ડોલર (ઉ.વ.૨૪, રહે, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, મોરબી રોડ)ની ફરીયાદ પરથી એ.ડીવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.મહેશભાઈએ પોલીસને જણાવ્યું કે, તેની કૌટુંબીક બહેન મનીષાબેન અને તેના સાસરીયાઓ સુરત રહે છે. ભુપેન્દ્રરોડ પર સ્થિત સ્વામીનારાયણ મુખ્યમંદિર બોરડીવાળુમાં આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ ખાતે તે બધા ગયા હતાં. કથાનો પાંચમો દિવસ હોય વકતા જીજ્ઞેશ દાદા કથા વિરામ બાદ જતા હતા તે સમયે મંદિરના પટાંગણમાં તેમના માટે લોકો એકઠા થયા હતાં. ભીડ ઓછી થતા તેને જાણવા મળ્યું હતું કે, કથામાં સુરતથી આવેલા તેના મોટા બાપુની પુત્રી મનીષાબેનના સાસુ હેમીબેન નકુમ કથા વકતાની કાર પાસે ગયા હતાં. ત્યારે ભીડનો લાભ લઈ અજાણ્યો શખ્સ તેના ગળામાંથી સોનાનો ચેઈન ચોરી લીધો હતો.

આ ઘટનામાં એ ડિવિઝન પોલીસના પીઆઈ આર.જી.બારોટ, પીએસઆઈ રાણા,કલ્પેશભાઈ બોરીચા અને મહેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે બાતમીના આધારે પેલેસ રોડ પાસેથી ત્રણ મહીલા તથા એક પુરૂષ જોવામાં આવતા તેને પકડી તેની પાસે રહેલ થેલીમાં જોતા થેલીમાંથી સોનાના દાગીના જેમા એક સોનાનો ચેઇન તથા સોનાનુ મંગળસુત્ર મળી આવેલ હોય જે અંગે તેઓની પુછપરછ કરી બીલ માંગતા તેની પાસે બીલ ન હોવાનુ જણાવેલ અને કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય અને આરોપી 'પાસે રહેલ સોનાનો ચેઇન તથા સોનાનુ મંગળસુત્ર બાબતે યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા સોનાનો ચેઇન તથા સોનાનુ મંગળસુત્ર ત્રણ દિવસ પહેલા ભુપેન્દ્ર રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ મંદિરના ગેઇટ પાસે બપોરે પ્રસાદીના સમયે માણસોની ભીડ હતી તે દરમ્યાન મંદિરે દર્શન કરવા આવેલ દર્શનાર્થી બે અલગ અલગ મહિલાઓએ ગળામાં પહેરેલ સોનાનો ચેઇન તથા મંગળસુત્ર નજર ચુકવી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી. આરોપીઓ પાસેથી એક ચેઇન અને મંગલસૂત્ર સહિત રૂ.૩.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.આરોપીઓમાં કમલેશ સામે અગાઉ મહેમદાવાદમાં હત્યા,મંજુબેન સામે પ્રોહી. અને લક્ષ્મીબેન સામે અગાઉ પાંચ ચિલઝડપ અને એક વખત પાસા થઈ છે.

# રાજકોટમાં ધરાર પ્રેમીના ત્રાસ અને ધમકીથી ધો.૧૨ ની છાત્રાનો આપઘાત

## પાડોશી શખ્સ પ્રેમ સંબંધ રાખવા સિતમ ગુજારતો અને ભાઈને મારી નાંખવાની ધમકીથી પગલું ભર્યાનો આક્ષેપ

**સમય મિરર | રાજકોટ**



રાજકોટમાં થોરાળા વિસ્તારમાં રહેતી અને ધો.૧૨ માં અભ્યાસ કરતી સગીરાએ ફિનાઈલ પી લેતા સારવારમાં મોત નીપજ્યું હતું સગીરાના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. સગીરાને પાડોશમાં રહેતા શખ્સે ધરાર પ્રેમ સંબંધ રાખવા ત્રાસ ગુજારી ભાઈને મારી નાખવાની ધમકી આપતા સગીરાએ ફિનાઈલ પી જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં નવા થોરાળા મેઈન રોડ ઉપર રહેતી અને ધો.૧૨ માં અભ્યાસ કરતી ક્રિષ્નાબેન જેન્તીભાઈ સોંદરવા નામની ૧૭ વર્ષની સગીરા પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં ફિનાઈલપી લીધું હતું. સગીરાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ક્રિષ્નાબેન સોંદરવાનુ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં ક્રિષ્નાબેન એક ભાઈ બે બહેનમાં મોટી હતી અને તેણીના પિતા હયાત નથી ક્રિષ્નાબેન સોંદરવા ધો.૧૧ કોમર્સ પાસ કરી ધો.૧૨ કોમર્સમાં પ્રવેશ કર્યો હતો ક્રિષ્નાબેન સોંદરવા સ્કૂલમાં જતી હતી ત્યારે પાડોશમાં રહેતા યુવાને છેલ્લા એકાદ વર્ષથી ધરાર પ્રેમ સંબંધ બાંધવા માટે ક્રિષ્નાબેન સોંદરવાને ત્રાસ આપી ભાઈને મારી નાખવાની ધમકી આપતો હોવાથી ક્રિષ્નાબેન સોંદરવાએ ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમીત ખુંટ આત્મહત્યા કેસમાં ગોંડલ કોર્ટ બાદ રાજકોટની અદાલતમાં ફરિયાદ

## ડીસીપી બાંગરવાની ઓફિસ અને 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજ આપવા કોર્ટનો આદેશ

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

અમીત ખુંટ આત્મહત્યા કેસમાં આરોપી પુજા બેન રાજગોર દ્વારા કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી. જેમાં તેમના દ્વારા પોલીસ વિરુદ્ધ બે દિવસ ગોંધી રાખવાના આક્ષેપો સહિત ગોંડલ કોર્ટમાં તથા રાજકોટ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. જેમાં ગોંડલ કોર્ટ દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના તથા રાજકોટ કોર્ટ દ્વારા ડીસીપી ઓફિસ રાજકોટ તથા એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સીસીટીવી રજૂ કરવા આદેશ કરેલ છે. હાલની બંને ફરિયાદો પૂજાબેન રાજગોરે ગોંડલ સબ જેલ ખાતેથી પોતાના વકીલ એડવોકેટ ભૂમિકા પી. પટેલ, એડવોકેટ વિજેન્દ્ર પી. પટેલ, એડવોકેટ શિવરાજ સિંહ બી.ઝાલા તથા એડવોકેટ અવની બોરીસાગર મારફત ફરિયાદ દાખલ કરેલ હતી. જેમાં રાજકોટ કોર્ટ દ્વારા સીસીટીવી ફૂટેજ રજૂ કરવાનો પોલીસે આદેશ કરવામાં આવેલ છે.

## ફલેટમાંથી વિદેશી ઘડિયાળ સહિત ૩૦.૫૦ લાખની મતાની ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ'તી

# શેઠના ઘરમાં ખાતર પાડવાના કેસમાં નોકરના આગોતરા જામીન મંજુર

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

રાજકોટમાં અંબિકા ટાઉનશિપ, જીવરાજ પાર્કમાં કસ્તુરી એવિયરી બિલ્ડિંગના ફલેટમાં રહેતા જતીનભાઈ હરેશભાઈ અઢીયાએ તેમને ત્યાં નોકરી કરતાં મુળ પોરબંદરનાં રહેવાસી ભરતભાઈ પરબતભાઈ ઓડેદરા સામે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં રૂા. ૯ લાખ રોકડા તથા આશરે રૂા. ૨૧.૫૦ લાખની ત્રણ વિદેશી ઘડીયાળો મળીને કુલ રૂા. ૩૦.૫૦ લાખની ચોરીની એક ફરિયાદ કરી હતી અને તેથી આરોપીએ રાજકોટની કોર્ટમાં બી.એન.એસ.ની કલમ - ૩૦૬ના ગુન્હાનાં કામે તેમના વકીલ મારફત આગોતરા જામીન અરજી કરેલી તે અરજીનાં કામે આરોપી વતી રજૂઆત કરવામાં આવી હતી કે હાલના આરોપી ફરિયાદીને ત્યાં કુતરાના રખેવાળ અને નોકર તરીકે કરતા હોય, તેમની સામે ખોટી હકીકત વાળી ફરિયાદ થઈ છે, વાસ્તવમાં પગાર પેટે રૂપિયા અઢી લાખ બાકી નીકળતા હતા. જે લેણી રકમ રોકડમાંથી કાપીને રૂ.૫,૦૮,૮૦૦નું તે વખતે જ ફરિયાદીને ઓનલાઇન પેમેન્ટ કરી દીધું હતું. ફરિયાદમાં હકીકતો ઉપજાવી કાઢેલી છે. જે દલીલો ધ્યાને લઈને સેશન્સ કોર્ટે આરોપી ભરતભાઈ પરબતભાઈ ઓડેદરાને રૂા. ૫૦ હજારનાં જામીન ઉપર મુકત કરતો હુકમ કરેલ છે. આ કામે આરોપી વતી કેતન એન. સિંધવા, પંકજ આર. દોંગા, ભરત સીંગરખીયા તથા હસુભાઈ પરમાર રોકાયા હતા.

# સગીરાનું અપહરણ કરવાના ગુનામાં આરોપીને જામીન મુક્ત કરતી કોર્ટ

## પોકસો એકટના ગુનામાં પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

શહેરમાં રહેતી ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી જવાના પોક્સો એકટના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ફરિયાદીની ૧૫ વર્ષની સગીર વયની પુત્રીને આરોપી જયરાજ કાઠી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હોવાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી જયરાજ કાઠીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી દ્વારા તેના વકીલ મારફત સેસન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે આરોપી જયરાજ કાઠીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી ધરાશાસ્ત્રી અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ વ્યાસ, નેહા પી. રાવલ, રવિ મૂલીયા, કશ્યપ ઠાકર, બીનાબેન પટેલ, ભાવિન રૂઘાની, હાજીભાઇ કાંટેલિયા, સાગર પ્રજાપતિ, સચિન ગોસ્વામી, આસિસ્ટન્ટ તરીકે રાજુભાઈ ગોસ્વામી, યસ ભીંડોરા, રીનાબેન સરના, વૈશાલી ચાવડા, પ્રશાંત શુક્લા અને ધનરાજસિંહ જાડેજા રોકાયા હતા.

# રાજકોટમાં પોલીસને બાતમી આપ્યાની શંકાએ બેલડીએ માર માર્યો

## હુમલામાં ઘવાયેલો ઈજાગ્રસ્ત યુવક સારવારમાં ખસેડાયો

**સમય મિરર રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા યુવકને બે શખ્સોએ તું પોલીસને દારૂની કેમ બાતમી આપે છે? તેમ કહી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા અરવિંદ મોહનભાઈ રાઠોડ નામનો ૩૮ વર્ષનો યુવાન રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે પુષ્કળધામ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા પિયુષ અને અને કુણાલ નામના શખ્સોએ તેને રોકી તું કેમ પોલીસને દારૂની બાતમી આપે છે તેમ કહી ધોકા પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે તાલુકા પોલીસને જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં અરવિંદ રાઠોડ અને હુમલાખોર બંને શખ્સો મિત્રો છે. ત્રણ મહિના પહેલા ઝઘડો થયો હતો ત્યારથી મિત્રતામાં વેરના બીજ રોપાયા હતા અને ગઈકાલે પોલીસને દારૂની બાતમી આપ્યાની શંકાએ હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# યુવકને મરવા મજબુર કરવાના ગુનામાં આરોપીની આગોતરા મંજુર કરતી કોર્ટ

## વ્યાજે આપેલા રૂપિયાની ઉઘરાણી કરી ધમકી આપતા યુવાને ઝેર પી જીવન ટૂંકાવ્યું'તું

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

રાજકોટ શહેરની ભાગોળે આવેલા નાકરાવાડીમાં રહેતા સંજયભાઈ સોમાભાઈ વણપરાએ જયપાલસિંહ મહાવીરસિંહ જાડેજા પાસેથી વર્ષ ૨૦૨૧માં રૂા.૫૦ હજાર ઉછીના લીધા હતા અને દર મહીને તે રકમ ઉપર ૧૦ ટકા વ્યાજ ચુકવતા હતા. છેલ્લા બે-ત્રણ મહીનાથી મજુરીની આવક ન થતાં વ્યાજ નહી ચુકવી શકતા જયપાલસિંહ જાડેજા ઘરે ધસી આવ્યો હતો અને રકમ આપી જવાની ધમકી આપી હતી. જેના કારણે સંજયભાઈ વણપરાએ ઝેરી ટીકડા ખાઇ આપઘાત કરી લીધો હતો. જે અંગે મૃતક સંજયભાઈ વણપરાના પત્ની ભાવુબેન વણપરાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાઇ હતી. જે કેસમાં સંડોવાયેલા જયપાલસિંહ જાડેજાએ પોલીસ ધરપકડથી બચવા પોતાના વકીલ મારફત કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે આગોતરા જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ ૧૨ એડી. સેસન્સ જજ રાજેશ સુરેશચંદ્ર પુરાણીએ આરોપી જયપાલસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપીના બચાવ પક્ષે દફતરી લો ચેબર્સના ધારાશાસ્ત્રી પથીકભાઈ દફતરી, ભાવિનભાઈ દફતરી, નુપુરબેન દફતરી, નેહાબેન ભાવિન દફતરી, યુવરાજસિંહ જાડેજા, સંજયસિંહ જાડેજા, પરેશ કુકાવા, નીશાબેન સુદ્રા અને શીવાંગી મજીઠીયા રોકાયા હતા.

# સમૂહલગ્નમાં ૨૮ યુગલોને રઝળાવનાર સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલાને જામીન મુક્ત કરતી અદાલત

## રાજકોટમાં સમૂહલગ્નનું આયોજન કરી સંચાલકો રૂપિયા લઈ ફરાર થઇ જતા ધરપકડ થઈ'તી

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

રાજકોટમાં સમૂહલગ્નના આયોજકો ફરાર થઇ જતા ૨૮ યુગલો રઝળી પડ્યા હતા. ૨૮ દીકરીઓ સાથે છેતરપીંડી કરનાર ચંદ્રેશ છાત્રોલાએ ધરપકડ બાદ જેલ મુક્ત થવા કરેલી જમીન અરજી કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ પ્રદ્યુમનનગર પોલીસે સમૂહલગ્નમાં નોંધણી કરાવનાર દીકરીના પિતા કાનજી દેવશીભાઈ ટાટમીયા (ઉ.વ.૫૪)ને ફરિયાદી બનાવ્યા હતા. તેમની દીકરીના લગ્ન ઋષિવંશી સમાજ સેવા સંઘ રાજકોટ દ્વારા આયોજીત સર્વ જ્ઞાતિ સમૂહલગ્નોત્સવમાં કરવા હોવાથી ગત તા. ૪.૧૨.૨૦૨૪ના રોજ પરિવારના સભ્યો અને વેવાઈ પક્ષના સભ્યો રેલનગર ખોડીયાર હોટલ નજીક ચંદ્રેશ જગદીશભાઈ છાત્રોલાના ઘરે ગયા હતા. ત્યાં આરોપી ચંદ્રેશે જણાવ્યું હતું કે, તે તેમજ દિલીપ ગોહિલ, દિપક હિરાણી, હાર્દિક શીશાંગીયા, મનિષ વિઠ્ઠલાપરા, દિલીપ વરસાડા તેમજ અમારું મિત્ર મંડળ તા. ૨૨ મે ૨૦૨૫ના રોજ સમૂહલગ્નનું આયોજન કરીશું. ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૭ વાગ્યાની આસપાસ લગ્ન સ્થળે પહોંચતા ત્યાં ફક્ત મંડપ નાખેલો હતો. થોડીવારમાં અલગ અલગ કન્યા તેમજ વરરાજા પક્ષના મહેમાનો આવ્યા. જોકે, સમૂહલગ્ન સ્થળે ખાણીપીણીની વ્યવસ્થા નહોતી. આયોજકને ફોન કરતા ફોન બંધ આવતો હતો. ચંદ્રેશ છાત્રોલાના ઘરે જતા તેના ઘરે તાળુ મારેલું હતું. આ ફરિયાદના આધારે પોલીસે તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ આરોપી દિપક હિરાણી, મનિષ વિઠ્ઠલાપરા, દિલીપ ઉર્ફે દિલ્પેશ ગોહિલ અને દિલીપ ગીરધર વરસડાની ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી ચંદ્રેશ છાત્રોલા નાસતો ફરતો હતો. પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલાની ધરપકડ કરવામાં આવી છે. ચંદ્રેશની વિશેષ તપાસ માટે પોલીસે રિમાન્ડ ની માંગ સાથે અદાલતમાં રજૂ કરતા જે અરજી અદાલતે ના મંજૂર કરી અને બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે ચંદ્રેશ છાત્રોલાની રેગ્યુલર જામીન અરજી શરતને આધીન મંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ દિવ્યેશ આર. મહેતા, અશ્વિન મહાલિયા, કિરીટસિંહ જાડેજા, રેખાબેન તુવાર, પરેશ વરિયા અને માયાબેન રાજ્યગુરૂ રોકાયા હતા.

# અપહરણ કેસમાં મદદગારી કરનાર આરોપીની જામીન અરજી મંજુર

## જસદણ પંથકની સગીરાને પ્રેમજાળમાં ફસાવી કારમાં અપહરણ કર્યું'તું

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

જસદણ તાલુકાના વીરનગર ગામની સગીરાના અપહરણ કરવામાં મદદગારી કરનાર તાપી જિલ્લાના વ્યારા ગામના દિનેશ રાઠોડને અદાલતે જામીન ઉપર મુકત કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ આટકોટ પોલીસ મથક વિસ્તાર હેઠળના વીરનગર ગામની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી કિસન ઉર્ફે કાનો પરમાર, અજય ઉર્ફે લંગડો બગડા અને નિલેશ ભીખા મેવાડા કારમાં અપહરણ કરી ગયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી પ્રાથમિક તપાસમાં તાપી જિલ્લાના વ્યારા દિનેશ સામજી રાઠોડ નામના લેબર કોન્ટ્રાક્ટર દ્વારા રહેવાની વ્યવસ્થા કરી આપવાની હોવાથી તેની પણ ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. બાદ હાલ જેલ હવાલે રહેલા દિનેશ રાઠોડ એ જામીન પર છૂટવા રાજકોટની અદાલતમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ અદાલતે દિનેશ શામજી રાઠોડ ને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નેમિશ જોષી, અનિતા રાજવંશી અને આસિસ્ટન્ટ તરીકે ઈશા કણજારીયા રોકાયા હતા.

## પોલીસે દરોડો પાડી ૧૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# રાજકોટના વેપારી સહિત પાંચ પત્તાપ્રેમીએ કોટડાસાંગાણીના રાજપરામાં જુગારનો પાટલો માંડ્યો



**સમય મિરર | રાજકોટ**

કોટડાસાંગાણીના રાજપરા ગામે જુગાર રમતા રાજકોટના વિપારી સહિત પાંચ શખ્સોને પોલીસે પકડી પાડી રૂા.૧૬૩૩૦ની મત્તા કબ્જે કરી હતી. દરોડાની વિગત મુજબ કોટડાસાંગાણી પોલીસ મથકના એએસઆઈ વી.ડી. ગઢાદરા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા.ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે રાજપરા ગામે સંજયભાઈ ભાલાળાના ઘર પાસે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા નાસીર સાજીદ ઠેબા (રહે. નુરાનીપરા નુરી મસ્જીદ પાસે રાજકોટ) રાજેશ ભુપત ગોહીલ (રહે. વૃંદાવન સોસાયટી કોઠારીયા સોલ્વન્ટ) હસમુખ બાબુ શીંગડીયા (રહે. વૃંદાવન પાર્ક સોસાયટી કોઠારીયા સોલ્વન્ટ), ઈકબાલ કાસમ બુકેરા (રહે. રસુલપરા, કોઠારીયા સોલવન્ટ) અને દિવાન પ્રતાપ ગોહીલ (રહે. હરીદ્વાર-૧ સોસાયટી, કોઠારીયા સોલવન્ટ)ને પકડી રૂા.૧૬૩૩૦ની મતા કબ્જે કરી હતી.

# કચરા ગેંગના મુખ્ય સુત્રધાર સાજીદનો આર્મ્સ એક્ટના ગુનામાં નિર્દોષ છુટકારો

## ડબલ મર્ડરના ગુનામાં પેરોલ જમ્પ કરી નાસી છૂટેલો શખ્સ હથિયારો સાથે ઝડપાયો'તો

**સમય મિરર | રાજકોટ**



એડવોકેટ

શહેરમાં ડબલ મર્ડરના ગુનામાં પેરોલ જમ્પ કરી નાશી છુટેલો કચરા ગેંગનો મુખ્ય સુત્રધાર સાજીદ હુસેન કચરા ગેરકાયદેસર હથીયારો સાથે ઝડપાયો હતો. જે આર્મ્સ એકટના ગુનામાં કોર્ટે કચરા ગેંગના મુખ્ય સુત્રધાર સાજીદને નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ડબલ મર્ડર ગુનાનો આરોપી સાજીદ હુસેન કચરા પેરોલ જમ્પ કરી નાસી છૂટ્યો હતો. આરોપી સાજીદ કચરા ગેરકાયદેસર હથીયાર સાથે જતો હોય તેવી બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવી નહેરૂનગર શેરીના ખૂણા પાસે સાજીદ હુસેન કચરા વહેલી સવારે દેશી બનાવટની રીવોલ્વર અને પીસ્તોલ તેમજ છ જૂના કાર્ટીસ સાથે ઝડપી લીધો હતો. આરોપી સાજીદ કચરા વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ હેઠળ ગુનો નોંધી જેલ હવાલે કર્યો હતો. જે ચાર્જશીટ બાદ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા વિવિધ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી સાજીદ હુસેન કચરાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં આરોપી સાજીદ કચરા વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભુમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા અને કેવિન ભીમાણી રોકાયા હતા.

### વેસ્ટ ઝોનની ટીપી શાખામાં જાણ કરી, કંઇ ન થયું, અંતે સોસાયટીવાસીઓએ મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાને પત્ર મોકલી કરી લેખિત ફરિયાદ

'પ્રોટેકશન મની'વાળા બાંધકામનો ખાત્મો બોલાવવા દાખવેલી હિંમતને દાદ દેવી પડે પણ....

# તુષાર સુમેરાજી, જરા રવિરત્નપાર્કમાં આવીને જુઓ, આ રીતે થાય છડેચોક ગે.કા.બાંધકામ!

### રવિરત્ન પાર્ક મેઇન રોડ પર કોર્નરમાં આવેલા જૂના મકાન બ્લોક નં. ડી-૧૩૩માં માર્જિનની ઐસીતૈસી કરીને ખડકાઇ રહ્યો છે ગેરકાયદે માંચડો

**સમય મિરર રાજકોટ**

રાજકોટ મનપાના કમિશનર તુષાર સુમેરાએ છેલ્લા કેટલાક દિવસથી ગેરકાયદે બાંધકામ કરનારાઓ મીંઢા આસામીઓ સામે ડિમોલિશનનું શસ્ત્ર ઉગામ્યું છે. સુચિત બાંધકામ જ નહીં પણ ટાઇટલ કલીયર(દસ્તવેજવાળા) બાંધકામમાં પણ મનપાની ઐસી તૈસી કરીને મનફાવે તેવા બાંધકામ કરનારાઓને પણ ઝપટમાં લેવાનું ચાલુ કર્યુ છે. કમિશનર તુષાર સુમેરાની આ કડકાઇ બેશક આવકારદાયક છે. જરૂર જ છે અને થવું જ જોઇએ તેમાં કોઇ બે મત નથી. પછી ભલે 'પ્રોટેકશન મની'ના ઉઘરાણાં કરતાં કેટલાક તત્વો(પછી તેમાં કોર્પોરેટરો અને રાજકીય કાર્યકર્તાઓ પણ આવી જાય)ના પેટમાં તેલ રેડાય. હજુ પણ શહેરમાં ટાઇટલ કલીયર સેંકડો બાંધકામ એવા છે કે જેમાં જીડીસીઆર એટલે કે બાંધકામના નિયમોને નેવે મુકીને મનફાવે તેવા બાંધકામ થઇ રહ્યા છે. આવું જ એક બાંધકામ મ્યુનિ. કમિશનર સુધી લેખિતમાં પહોંચ્યું છે. શહેરના યુનિવર્સિટી રોડ પર ઇન્દિરા સર્કલ નજીક આવેલા રવિરત્નપાર્ક મેઇન રોડ પર બ્લોક નં. ડી-૧૩૩માં છડેચોક માર્જીનની જગ્યામાં મહાકાય બાંધકામ માંચડો ખડકાઇ રહ્યો છે. સોસાયટીના એક જાગૃત નાગરિકે આમ તો અનેક વખત મનપાની વેસ્ટ ઝોન કચેરીની ટીપી શાખાને લેખિતમાં જાણ કરી છે છતાં બાંધકામ છડેચોક ચાલુ રહેતા અંતે ગત તા.૨૯મીના રોજ લેખિત ફરિયાદ સીધી જ મ્યુનિ. કમિશનરને કરી હોવાનું કમિશનર બ્રાન્ચમાંથી જાણવા મળે છે.

કમિશનરને થયેલી લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ રવિરત્નપાર્ક ૬૦૦થી ૭૦૦ મકાનની સોસાયટી છે. અમુક નાના છે તો મોટાભાગના ૨૦૦થી ૫૦૦ વારમાં છે. છેલ્લાં કેટલાક વર્ષોથી એવું શરૂ થયું છે કે, કોર્નર પર આવેલા હોય તેવા મોટા મકાનની ફરતે ગોળાઇમાં મુકેલી માર્જિનની જગ્યામાં બાંધકામ કરી ત્યાં કોમર્શિયલ ઉપયોગ થાય છે. ફૂડ પાર્સલ માટેનું રેસ્ટોરેન્ટ, પ્રોવીઝન સ્ટોર, ગોડાઉન કે અન્ય વપરાશ માટે આ ગેરકાયદે બાંધકામથી કોર્નર પેક કરી નાંખવામાં આવે છે. આવી જ એક પેરવી રવિરત્નપાર્ક મેઇન રોડ પર બ્લોક નં. ડી-૧૩૩માં ચાલી રહી છે. ફોટોગ્રાફ્સ સાથે લાઇવ પુરાવા સહ આ બાંધકામ કૌભાંડ સોસાયટીના એક જાગૃત નાગરિકે મ્યુનિ.કમિશનર સમક્ષ ખુલ્લું પાડ્યું છે. કોર્નર પર આવેલું આ બાંધકામ એવું છે કે, આસપાસની સોસાયટીમાંથી ગોળાઇ લઇને વળાંક લેવામાં આવે તો આગળ-પાછળ ક્યું વાહન આવે છે એ દેખાય પણ નહીં એ રીતે કોર્નરની જગ્યા પેક કરીને ગેરકાયદે બાંધકામ થઇ રહ્યું છે. હાલ બીમ-કોલમ ઉભા કરીને છત પણ ગોઠવી નાંખવામાં આવી છે. આ બાંધકામ સામે સોસાયટીના અન્ય રહેવાસીઓનો પણ વિરોધ છે પરંતુ બાંધકામ કરનાર માથાભારે હોય નામજોગ ફરિયાદ કરવાથી જીવ ઉપર જોખમ ઉભું થાય તેમ છે.



### વેસ્ટ ઝોનની ટીપી શાખાનો સ્ટાફ ચા-પાણી, નાસ્તો કરીને જતો રહે છે!

આ ગેરકાયદે બાંધકામ અંગે સોસાયટીના રહેવાસીઓએ મનપાની વેસ્ટ ઝોન કચેરીને જાણ કરી હતી. જો કે વેસ્ટ ઝોનની ટીપી શાખાનો સ્ટાફ ગાડીમાં આવ્યો હતો. પણ ચા-પાણી, નાસ્તો કરીને જતો રહ્યો હતો અને બાદમાં ગેરકાયદે બાંધકામ હજુ પણ છડેચોક ધમધમી રહ્યું છે. ટીપી શાખાના 'વહીવટ'ની ઓથે આ માંચડો ખડકાતો હોય તેવો આક્ષેપ પણ સોસાયટીના રહેવાસીઓ દ્વારા થઇ રહ્યો છે.

### મહિના સુધી કામ અધુરું છોડાયું હતું, પછી 'ગોઠવણ' થઇ ગઇ હોય તેમ ફરી ધમધમ્યું

રવિરત્ન પાર્ક સોસાયટીના રહેવાસીઓના જણાવ્યા મુજબ બાંધકામ જ્યારે શરૂ થયું હતું ત્યારે અમોએ મનપાની વેસ્ટ ઝોન કચેરીએ લેખિતમાં ફરિયાદ કરી હતી. એ સમયે ભીંસ આવતા બાંધકામ મહિનાઓ સુધી બંધ રાખવામાં આવ્યું હતું. અધુરું કામ બંધ રખાયું હતું. પણ એ પછી અચાનક જ બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું અને એટલું જ નહીં બમણાજોરે બાંધકામનો ધમધમાટ શરૂ કરી દેવાયો.

### ૧૦૦ ટકા બાંધકામ, એક દોરાવાર પણ જગ્યા નહીં

રવિરત્નપાર્ક બ્લોક નં. ડી-૧૩૩માં માર્જીનની જગ્યામાં કોર્નર પર એ રીતે ગેરકાયદે બાંધકામ કરવામાં આવી રહ્યું છે કે, એ દોરાવાર પણ જગ્યા બાકી રાખવામાં આવી નથી. રોડની ભરોભર ૧૦૦ ટકા બાંધકામ ખેંચવામાં આવી રહ્યું છે. કોઇ સામાન્ય વ્યક્તિ આ રીતે વધારાની એક ઇંટ પણ મુકે એટલે મનપાનું ડિમોલિશન ધણધણતું આવી જાય. પણ અહીં મેઇન રોડ પર, છડેચોક મહાકાય ગેરકાયદે બાંધકામ ચાલતું હોય મનપાની ટીપી શાખા કે પછી આ વિસ્તારના કોર્પોરેટર કે અન્ય કોઇની રાજકીય ઓથ હોય તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી.



કમિશનરને લત્તાવાસીઓએ લખેલો પત્ર

# રાજકોટમાં બે મહિલા સહિત આઠ લોકો કોરોના પોઝિટીવ, હોમ આઈસોલેટ કરાયા

### ત્રણ જ દિવસમાં ૧૯ જેટલા દર્દીઓ નોંધાતા આરોગ્ય વિભાગ એલર્ટ : ટ્રેસિંગ કામગીરી ઝડપી કરાઈ

**સમય મિરર | રાજકોટ**

રાજ્યમાં કોરોનાનો પગ પેસારો થયો છે. ત્યારે રાજકોટમાં સતત ત્રીજા દિવસે અડધો ડઝનથી વધુ પોઝિટીવ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા સહિત ૮ દર્દી પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. અને ટેસ્ટિંગ, ટ્રેસિંગની કામગીરી ઝડપથી કરવામાં આવી રહી છે. આ કેસ મવડી, અંબિકા પાર્ક, સરદાર ટાઉનશીપ, લક્ષ્મીનગર, કોઠારિયા રોડ, વિરાણી ચોક, ખત્રીવાડ અને જીવંતીકાનગરમાં નોંધાયા છે.

રાજકોટમાં કોરોનાના કેસોમાં અચાનક થયેલો ઉછાળો ચિંતાનો વિષય બન્યો છે. ખાસ કરીને છેલ્લા ૩ દિવસમાં ૧૯ નવા કેસ નોંધાવાને કારણે સ્થાનિક પ્રશાસન અને આરોગ્ય વિભાગ વધુ ગંભીર બન્યા છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે તાત્કાલિક પગલાં ભરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા શહેરીજનોને પણ સાવચેતી રાખવા અને કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી રહી છે.



રાજકોટ મનપાનાં આરોગ્ય વિભાગ દ્વારા પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ ટેસ્ટિંગની પ્રક્રિયા વધુ વ્યાપક બનાવવામાં આવી છે. શંકાસ્પદ કેસોના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસિંગ પણ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ પર નિયમિત નજર રાખવામાં આવી રહી છે અને તેમને જરૂરી તબીબી સલાહ-સહાય પૂરી પાડવામાં આવી રહી છે. હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓ માટે પૂરતા બેડ અને મેડિકલ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

### પરિસ્થિતિ મુજબ સુચના અપાશે

અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ ૨૪ કેસ પૈકી ૨૩ દર્દીઓ હોમ આઇસોલેશનમાં છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ૧ દર્દી સ્વસ્થ થઈ ગયો છે. આશા છે કે બાકીના દર્દીઓ પણ જલ્દી સ્વસ્થ થઈ જશે. જોકે આરોગ્ય વિભાગ દ્વારા રાજકોટની જનતાને અપીલ કરવામાં આવી છે કે કોરોનાથી બચવા માટે માસ્ક પહેરવું. સામાજિક અંતર જાળવવું. વારંવાર હાથ ધોવા અને ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળવું. જો કોઈને કોરોનાના લક્ષણો જણાય તો તાત્કાલિક ટેસ્ટ કરાવવા અને તબીબી સલાહ લેવાની વિનંતી કરવામાં આવી છે. હાલ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડ્યે વધુ કડક પગલાં લેવામાં આવશે, તેમ અધિકારીઓએ જણાવ્યું છે.

# વિસાવદર, ભેંસાણ, જૂનાગઢ ગ્રામ્ય અને બગસરા સહિત છ ગ્રા.પં.ની ચૂંટણી મોકુફ

### વિધાનસભાની પેટા ચૂંટણીમાં સ્ટાફ રોકાયેલો હોવાથી મુલતવી રાખવા લેવાયો નિર્ણય

**સમય મિરર | ગાંધીનગર**

કડી અને વિસાવદરમાં વિધાનસભાની પેટા ચૂંટણી યોજાવાની હોવાથી આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. અને છ ગ્રામ પંચાયતની ચૂંટણી મોકુફ રાખવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ અંગે જાહેરનામું બહાર પાડીને જણાવાયું કે, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫(૧) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૯(૨) તથા ૭૦ મુજબ રાજ્યની કુલ ૮૩૨૬ જેટલી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી યોજવા તારીખો નક્કી કરવામાં આવેલ છે. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના તા.૨૯-૦૫-૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૫ની કામગીરીમાં સંબંધિત વિધાનસભા મતવિભાગોનો તમામ સ્ટાફ ચૂંટણી કામગીરીમાં રોકાયેલ છે, જેથી ૨૪-કડી (અ.જા) વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જૂનાગઢ(ગ્રામ્ય) તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવે છે. આ તાલુકાઓની ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે હવે પછી નવેસરથી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

લાંબા સમયથી પેન્ડીંગ રહેલી ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખોનું એલાન કરાયું છે. ગુજરાતની ૮૩૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૨૨ જૂને મતદાન યોજાશે અને ૨૫ જૂને મતગણતરી હાથ ધરાશે. ૨ જૂને ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પડાશે. ૯ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. ૧૦ જૂને ફોર્મની ચકાસણી કરાશે અને ૧૧ જૂન સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. આજથી જ્યાં ગ્રામ પંચાયતો છે ત્યાં આચારસંહિતાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

૮૩૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણી બુલેટ પેપરથી મતદાન થશે. ૩,૬૩૭ પેટા ચૂંટણી અંતર્ગત યોજાશે. ૫૧૧૫ સરપંચની ચૂંટણી યોજાવાની છે. તેના માટે ૧૬,૫૦૦ મતદાન મથકો બનાવવામાં આવશે. ૨૮,૩૦૦ જેટલી મત પેટી હશે. એક કરોડ ત્રીસ લાખથી વધુ મતદારો ૮૩૨૭ ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ નક્કી કરશે. કુલ બેઠકોમાં ૫૦% મહિલાઓ માટે રિઝર્વ રાખવામાં આવી છે. ૨૭% અનામત ઓબીસી સંદર્ભમાં ચૂંટણી ડીલે થઈ હોવાનો દાવો કર્યો છે.


